આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૫૯ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## વલસાડમાં એક જ દિવસમાં પાણીની મુખ્યલાઈનમાં ૩ ભંગાણ

### અબ્રામા હાઈવે, કલ્યાણ બાગ, આરપીએફ મંદિર પાસે મુખ્ય પાણીની લાઈનોમાં ભંગાણથી લાખો લીટર પાણીનો વેડફાટ : ઈજનેરોની અછત અને હોદ્દેદારોની નિષ્ક્રિયતા : પાણી કાપ થી નાગરિકો ત્રાહિમામ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૪ :** વલસાડ શહેરમાં વહીવટી તંત્રની ગંભીર બેદરકારી અને આયોજનના અભાવે પીવાના પાણીની ત્રણ મુખ્ય લાઈનોમાં મોટા ભંગાણ સર્જાયા છે. જેને કારણે લાખો લીટર શુદ્ધ પીવાનું પાણી રસ્તાઓ પર વહી જતાં ભારે બગાડ થયો છે. એક તરફ શહેરીજનો પાણી માટે વલખાં મારી રહ્યા છે, વલસાડ શહેરના અબ્રામા વિસ્તારમાંથી પસાર થતા નેશનલ હાઈવે ૪૮ નજીક નગરપાલિકાની પીવાના પાણીની મુખ્ય રાઈઝિંગ લાઈન અચાનક ફાટતા હાઈવે પર પાણીના મોટા ફુવારા ઉડ્યા હતા. જોતજોતામાં લાખો લીટર શુદ્ધ પાણી રોડ પર વહી ગયું હતું. આ ભંગાણને કારણે વલસાડ શહેરના કલ્યાણ બાગ પાણીની ટાંકી પાસેની રાઈઝિંગ લાઇનનો સપ્લાય તાત્કાલિક ધોરણે મોકૂફ રાખવાની ફરજ પડી છે. પાલિકાની ટીમ દ્વારા યુદ્ધના ધોરણે રીપેરીંગ કામગીરી શરૂ કરાઈ છે, પરંતુ જ્યાં સુધી કામ પૂરું નહીં થાય ત્યાં સુધી સમગ્ર વલસાડ શહેરમાં પાણી કાપ રહેવાની પૂરેપૂરી સંભાવના છે. પાલિકાએ શહેરીજનોને આગામી સમયમાં પાણીનો સંગ્રહ કરવા અપીલ કરી છે. બીજી તરફ, વલસાડમાં ધરમપુર રોડ આરપીએફ પાસે આવેલા પશુપતિનાથ મંદિરની પાછળ માર્ગ અને મકાન વિભાગ દ્વારા ચાલી રહેલી કામગીરી દરમિયાન બેદરકારી પૂર્વક ખોદકામ થતાં પાણીની અન્ય એક પાઈપલાઈનમાં ભંગાણ પડ્યું હતું. અહીં પણ મોટા પ્રમાણમાં પાણીનો વેડફાટ થયો હતો, જોકે સ્થાનિક તંત્ર દ્વારા આજરોજ તાત્કાલિક ધોરણે રીપેરીંગ કામગીરી હાથ ધરી લાઈન સરખી કરવામાં આવી હતી. અત્યારે વલસાડના અબ્રામા નેશનલ હાઈવે નંબર ૪૮, ડી માર્ટની બાજુમાં આવેલ પાણીની મુખ્ય લાઈનમાં ભંગાણ પડતા હજારો ગેલન પાણીનો વેડફાટ થયો છે. એક સાથે ત્રણ ત્રણ અલગ અલગ જગ્યાએ પાણીની મુખ્ય લાઈનમાં ભંગાણ પડતા પાણીનો બગાડ થતા વલસાડ નગરપાલિકા વિસ્તારના જુના વલસાડ માં પાણી આપવામાં નહીં આવતા રહીશોને ભારે તકલીફો વેઠવી પડી હતી. આ ગંભીર કટોકટી વચ્ચે વલસાડ નગરપાલિકાની વહીવટી પોકળતા પણ છતી થઈ છે. પાલિકાના કારોબારી ચેરમેને જણાવ્યું કે પાલિકાના ચીફ ઓફિસર બારડોલી ખાતે મીટિંગમાં વ્યસ્ત હોવાથી પાલિકાના હોદ્દેદારોના ફોન હતા, જ્યારે મુખ્ય ઈજનેર ૧૫ દિવસની લાંબી રજા પર ઉતરી ગયા છે. પાલિકાએ અન્ય એક ઈજનેરને આ લાઈનનો ચાર્જ સોંપ્યો છે, પરંતુ આશ્ચર્યની વાત એ છે કે આ સિંગલ ઈજનેર પાસે અગાઉથી જ અન્ય ૩ વધારાના ચાર્જ છે! એક જ વ્યક્તિ કેટલે પહોંચે બીજી તરફ, પાલિકાના પ્રમુખને આ ગંભીર પરિસ્થિતિમાં કંઈ ઉપજતું ન હોય તેમ સંપૂર્ણ નિષ્ક્રિય જણાતા પાલિકાના સભ્યો અને શહેરીજનોમાં ચર્ચાનો વિષય બન્યો છે. હાલમાં વલસાડ નગરપાલિકાની હાલત 'ધણી વગરના ઢોર' જેવી બની ગઈ છે. અને શહેરીજનો રામ ભરોસે હોય તેવું સ્પષ્ટ દેખાય રહ્યું છે.

## દમણમાં હવે ડિજિટલ ટ્રાફિક ચલણ ફટકારાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૪ :** દમણમાં ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરનારા વાહનચાલકોને હવે ડિજિટલ રીતે ચલણ આપવામાં આવશે. પોલીસ વિભાગે ચલણ પ્રક્રિયાને વધુ પારદર્શક અને અનુકૂળ બનાવવા માટે ભ્ભ્લ (પોઈન્ટ-ઓફ-સેલ) મશીનોનો ઉપયોગ શરૂ કર્યો છે. રોકડને બદલે, હવે બેંક કાર્ડ, UPI અને અન્ય ડિજિટલ માધ્યમોનો ઉપયોગ કરીને ચલણ ચૂકવી શકાય છે. પોલીસ અધિક્ષક કેતન બંસલે બસ સ્ટેન્ડ ચેકપોઈન્ટ પર ટ્રાફિક પોલીસ કર્મચારીઓ સાથે મુલાકાત કરી અને POS મશીનો દ્વારા ચલણ આપવાની પ્રક્રિયાનું નિરીક્ષણ કર્યું. તેમણે ડિજિટલ સિસ્ટમના અસરકારક ઉપયોગ અંગે સ્ટાફને જરૂરી માર્ગદર્શન પણ આપ્યું. ટ્રાફિક ઈન્ચાર્જ લોયડ એન્ટની અને PSI હીરલ પટેલ પણ હાજર રહ્યા. પોલીસ અધિક્ષક કેતન બંસલે જણાવ્યું હતું કે બધા વાહનચાલકો ટ્રાફિક નિયમોનું પાલન કરે. હેલ્મેટ વગર વાહન ચલાવવા, સીટ બેલ્ટ ન પહેરવા અથવા અન્ય કોઈપણ ટ્રાફિક નિયમનું ઉલ્લંઘન કરવા પર નિયમો અનુસાર દંડ થશે.

## અજમલગઢને પ્રવાસસ્થળ તરીકે વિકસાવવા સાંસદ ધવલભાઇ પટેલ સક્રિય થયા







## વલસાડ જિલ્લા રાષ્ટ્રીય લોક અદાલતમાં કુલ ૧૮,૬૬૦ કેસોનો નિકાલ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૪ :** વલસાડ જિલ્લા અદાલત તેમજ તાબા હેઠળની તાલુકાની તમામ અદાલતોમાં યોજાયેલી રાષ્ટ્રીય લોક અદાલતમાં પેન્ડિંગ રહેલા સમાધાનપાત્ર કેસો કુલ ૧૮૬૬૦ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે. જેમાં કુલ રૂ. ૧૦,૨૫,૫૬,૬૧૩/- નું સમાધાન કરવામાં આવ્યું હતું. એક જ દિવસમાં ૧૮૬૬૦ કેસોનો નિકાલ થતા લોક અદાલતનો હેતુ સાર્થક થયો હતો. વલસાડ જિલ્લામાં યોજાયેલી આ નેશનલ લોક અદાલતમાં ક્રિમીનલ કંપાઉન્ડેબલ કેસો, ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ અન્વયેનાં (ચેક રિટર્નનાં) કેસો, લગ્ન વિષયક તકરારનાં કેસો, મોટર અકસ્માત વળતરને લગતાં કેસો, જમીન સંપાદન વળતરનાં કેસો, દિવાની દાવા જેવા કે ભાડા/




ભાડુઆતને લગતા કેસો, મનાઈ હુકમ-જાહેરાત-કરાર પાલન વિગેરે સંબધિત દાવા વિગેરે મળી કુલ-૩૮૦ કેસો લોક અદાલતનાં મુકવામાં આવ્યા હતા. સ્પેશ્યલ સીટીંગ ઓફ મેજીસ્ટ્રેટમાં ફક્ત દંડ ભરી નિકાલ થઈ શકે તેવા ફોજદારી કુલ ૬૬૪૦ કેસો મુકવામાં આવ્યા હતા. બેન્ક-ફાયનાન્સ કંપનીનાં વસુલાતનાં કેસો, વિજ બીલનાં વસુલાતનાં કેસો, ટેલિફોન-મોબાઇલ કંપનીઓનાં બિલનાં વસુલાતનાં કેસો તથા ટ્રાફિક નિયમ ભંગના ઇ-ચલણ વસુલાતનાં કેસો વિગેરે મળી કુલ-૨૦૨૧૨ પ્રિ-લીટીગેશન કેસો લોક અદાલતમાં મુકવામાં આવ્યા હતા. લોક અદાલતમાં સમાધાનપાત્ર પેન્ડિંગ કેસો કુલ-૨૩૦ કેસો, સ્પેશ્યલ સીટીંગ કેસો કુલ-૬૧૫૯ અને પ્રિ-લીટીગેશનનાં કુલ-૧૨૨૭૧ મળી કુલ-૧૮,૬૬૦ કેસો નિકાલ કરવામાં આવ્યા હતા. આ કેસોમાં કુલ- ૨૧૦,૨૫,૫૬,૬૧૩/- નું સમાધાન કરવામાં આવ્યું હતું. આ લોક અદાલતમાં વલસાડ જિલ્લાનાં પક્ષકારો, તેમજ વિ. વકીલઓએ ખુબ જ ઉત્સાહપૂર્વક ભાગ લઇ લોક અદાલતને સફળ બનાવી હતી.

## ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખની ઉપસ્થિતિમાં યુવા સંવાદ કાર્યક્રમ અજમલગઢમાં યોજવાની તૈયારી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૪ :** વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લામાં અનેક પ્રવાસન સ્થળો આવેલા છે અને ચોમાસામાં એનુ સૌંદર્ય કંઈક અનોખું જ હોય છે. હાલમાં નવસારી જિલ્લાના વાંસદા નજીક આવેલા અજમલગઢ પર પ્રકૃતિ ખીલી છે આજે વલસાડ-ડાંગના સાંસદ ધવલભાઈ પટેલ, નવસારી જિલ્લા ભાજપ પ્રમુખ ભુરાલાલ શાહ અને અન્ય હોદ્દેદારોએ અજમલગઢની વિશેષ મુલાકાત લીધી હતી આગામી સમયમાં ગુજરાત ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા નવસારી જિલ્લાની મુલાકાતે આવી રહ્યા છે ત્યારે અહીં વિશેષ યુવા સંવાદ કાર્યક્રમ



યોજવાનું આયોજન કરાયું છે સાંસદ ધવલભાઈ પટેલના જણાવ્યા મુજબ અજમલગઢ અઢળક કુદરતી સૌંદર્ય ઉપરાંત અનોખું પારસીઓ સંબંધી ઐતિહાસિક મહત્વ ધરાવે છે અને આ સ્થાન એક મહત્વના પ્રવાસસ્થળ તરીકે વિકસી શકે એવી પુરી શકયતા છે ત્યારે આ હેતુને ધ્યાનમાં રાખી આજે તેમણે આ મુલાકાત લીધી હતી. વધુ રસપ્રદ બાબત તો એ જોવા મળી કે અહીં સાંસદ ધવલભાઈ પટેલ એક અનોખા અંદાજમાં જોવા મળ્યા હતાં. તેમણે અજમલગઢ પર ખુલ્લા મેદાનમાં બાઈક સવારીનો આનંદ માણવા સાથે તળેટીમાં કાવડેજ ખાતે પોતાની જાતે ચા બનાવી સૌને પીવડાવી હતી.

dadra & nagar haveli & daman & diu | Incredible India | नागर विमानन मंत्रालय MINISTRY OF CIVIL AVIATION | सत्यमेव जयते | भारतीय विमानपत्तन प्राधिकरण AIRPORTS AUTHORITY OF INDIA | एलाइंस एयर ALLIANCE AIR Connecting India | नया भारत

સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પ્રશાસન

હાર્દિક સ્વાગત કરે છે

શ્રી કિન્જરાપુ રામમોહન નાયડુ

માનનીય કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રીનું

મુખ્ય અતિથિ તરીકે

દમણથી નવી દિલ્હી

માટેની પ્રથમ (ઉદ્ઘાટન) ઉડાનના ફ્લેગ-ઓફ સમારોહમાં

તા. 16 જુલાઈ, 2026 | નમો એરપોર્ટ, દમણ | સાંજે ૪:૦૦ વાગ્યાથી












શ્રી નરેન્દ્ર મોદી,
ભારતના માનનીય વડાપ્રધાન

શ્રી પ્રફુલ પટેલ,
માનનીય પ્રશાસક, સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ તેમજ લક્ષદ્વીપ

શ્રી કિંજરાપુ રામમોહન નાયડુ,
માનનીય કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી

# બીલીમોરામાં રથયાત્રા પૂર્વે પોલીસ દ્વારા પેટ્રોલિંગ યોજાયું



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**બીલીમોરા, તા.૧૪ :** શ્રી દ્વારકાધીશ સત્સંગ અને પ્રાર્થના હોલ ટ્રસ્ટ દ્વારા આયોજિત ભવ્ય રથયાત્રાને અનુલક્ષીને બીલીમોરા પોલીસ તંત્ર સજ્જ બન્યું છે. સુરક્ષાના ભાગરૂપે મંગળવારે સવારે બીલીમોરા પોલીસ સ્ટેશન દ્વારા શહેરના વિવિધ માર્ગો પર ફૂટ પેટ્રોલિંગ યોજવામાં આવ્યું હતું. બીલીમોરા પી.આઈ. અશ્વિન સરવૈયા,ચિખલી પી.આઇ. પી બી પટેલિયા,પી.આઈ. ધોલાઈ એમ ઝેડ પટેલ અને ગણદેવી પી.આઈ. એન. આઈ. રાઠોડના નેતૃત્વમાં પોલીસ અધિકારીઓ અને જવાનોનો કાફલો દ્વારકાધીશ મંદિરથી શરૂ કરીને બિલિનાકા ચાર રસ્તા, રેલ્વે ઓવરબ્રિજ, વી.એસ. પટેલ કોલેજ, રાજભોગ સર્કલ અને સ્ટેશન રોડ થઈ પરત ફર્યો હતો. પોલીસનો આ કાફલો જોઈ નાગરિકોમાં કુતૂહલ જોવા મળ્યું હતું. પેટ્રોલિંગનો મુખ્ય હેતુ આગામી ગુરુવારે નીકળનારી ભગવાન જગન્નાથની રથયાત્રા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે સુનિશ્ચિત કરવાનો છે. શહેરના મુખ્ય માર્ગો પર ફરીને પોલીસે અસામાજિક તત્વોને કાયદાના દાયરામાં રહેવા કડક ચેતવણી આપી છે. સાથે જ, ભક્તિમય વાતાવરણમાં યોજાનારી આ રથયાત્રામાં કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા માટે ભક્તોને પોલીસ તંત્રને પૂરતો સહકાર આપવા માટે નમ્ર અપીલ કરવામાં આવી છે.

# ગણદેવી સુગર ફેક્ટરી ચૂંટણી : આખરી મતદારયાદી પ્રસિદ્ધ કરાઈ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ગણદેવી, તા.૧૩ :** ગણદેવી સુગર ફેકટરી (સહકારી ખાંડ ઉદ્યોગ મંડળ) ચૂંટણી પ્રક્રિયા પ્રગતિમાં છે. દરમ્યાન ચીખલી પ્રાંત કચેરીએ થી ચૂંટણી વાંચ્છુકો એ પ્રથમ દિવસે ૨૬ ફોર્મ ઉપાડ્યા હતા. જ્યારે ચીખલી(વિભાગ -૮) માં ૧ ઉમેદવારી અને વલસાડ (વિભાગ-૧૦) માં એક ડમી સહિત બે ઉમેદવારી નોંધાઈ હતી.

ચીખલી પ્રાંત અધિકારી મિતેષ પટેલ ની સીધી દેખરેખ માં ગણદેવી સુગર ની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાઈ હતી. સુગર ફેકટરી નાં ૧૨ ઝોન, અનુસૂચિત જાતિ, જનજાતિ અને મહિલા અનામત તેમજ બ વર્ગ ની એક બેઠક મળી ૧૬ બેઠકો ઉપર ચૂંટણી યોજાશે. જે પૈકી ઉત્પાદક સભાસદો (અ વર્ગ) ની ગણદેવી -૨ બેઠક, નવસારી-૪, ચીખલી-૩, વલસાડ-૧, મહુવા-૧, વાંસદા-૧ તેમજ અનુસૂચિત જાતિ કે જન જાતિ માટે -૧ અને મહિલા અનામત-૧ બેઠક તેમજ બિન ઉત્પાદક સભાસદો માટે ૧ બેઠક મળી કુલ ૧૬ બેઠકો ઉપર ચૂંટણી યોજાશે. ગણદેવી વિભાગ-૧ માં ૪૭ ગામો મળી ૨૭૦ મતદારો, વિભાગ -૨ માં ૧૩ ગામો માં ૪૪૬ મતદારો, વિભાગ-૩ માં ૪૧ ગામો માં ૫૨૪ મતદારો, વિભાગ-૪ ના ૨૩ ગામો માં ૬૧૦ મતદારો, વિભાગ -૫ માં ૧૮ ગામો માં ૫૦૯ મતદારો, વિભાગ-૬ માં ૨૧ ગામો માં ૭૭૫ મતદારો, વિભાગ-૭ માં ૧૯ ગામોમાં ૬૨૯ મતદારો, વિભાગ-૮ માં ૧૯ ગામો ૫૦૬ મતદારો, વિભાગ-૯ માં ૩૪ ગામો માં ૩૭૮ મતદારો, વિભાગ-૧૦ માં ૪૭ ગામો માં ૨૫૧, વિભાગ-૧૧ નાં ૧૫ ગામો માં ૪૮૯ મતદારો અને વિભાગ-૧૨ ના ૧૧ ગામો માં ૩૫૪ મતદારો છે. મહિલા અનામત તેમજ અનુસૂચિત જાતિ કે જનજાતિ અનામત બેઠકો ઉપર કુલ ૫૭૪૧ મતદારો મતદાન કરશે. જ્યારે બિન ઉત્પાદક સભાસદો (બ વર્ગ) માં કુલ ૫૦૪ મતદારો છે. ત્યારે સહકાર, સમન્વય અને અપક્ષ ઉમેદવારો વચ્ચે રસપ્રદ જંગ નાં એંધાણ વર્તાઈ રહ્યાં છે.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૧૫-૦૭-૨૦૨૬, **વાર :** બુધવાર **તિથિ :** અષાઢ, એકમ **સૂર્યોદય :** ૦૬ : ૦૭ **સૂર્યાસ્ત** ૦૭ :૨૩, **ચંદ્રોદય** - ૦૬:૪૩ **ચંદ્રાસ્ત** - ૦૮:૩૨ **ચંદ્ર રાશિ :** કર્ક, **નક્ષત્ર** - પુષ્ય

### આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજે તમારી મહેનત અને લગન રંગ લાવશે. લાંબા સમયથી અટકેલા કાર્યો પૂરા થશે. સરકારી નોકરીની તૈયારી કરતા લોકો માટે દિવસ ઉત્તમ છે.
**વૃષભ(બ.વ.ઉ) :** આજનો દિવસ તમારા જીવનમાં સુખ-સુવિધાઓ અને સકારાત્મક બદલાવ લાવશે. વ્યાપારમાં સહયોગીઓનો પૂરો સાથ મળશે.
**મિથુન(ક.છ.ઘ) :** આજે તમારી નિર્ણય શક્તિ મજબૂત રહેશે. વેપાર કે કાર્યક્ષેત્રમાં નવા વિચારો તમને નવી દિશા આપશે. પારિવારિક જીવનમાં સુમેળ જળવાઈ રહેશે.
**કર્ક(ડ.હ) :** આજે ચંદ્ર તમારી જ રાશિમાં ભ્રમણ કરશે, જેથી મનમાં આધ્યાત્મિક વિચારો વધશે. કાર્યક્ષેત્રમાં થોડું ધ્યાન રાખવું. ભાગદોડ રહી શકે છે.
**સિંહ(મ.ટ.) :** આજે તમારો આત્મવિશ્વાસ વધશે. કાર્યસ્થળ પર તમારા કામની પ્રશંસા થશે. સામાજિક ક્ષેત્રે માન-સન્માન વધશે.
**કન્યા(પ.ઠ.ણ.) :** આજે તમે તમારા કામમાં સંપૂર્ણ નિયમો અને શિસ્ત જાળવી રાખશો. વેપારમાં નવી યોજનાઓ સફળ થશે. આર્થિક વ્યવસ્થા વધુ મજબૂત બનશે.
**તુલા (ર.ત.) :** આજે કાર્યક્ષેત્રમાં તમારી નેતૃત્વ ક્ષમતાની -શંસા થશે. જીવનસાથિ સાથે સમય સારો વિતશે.
**વૃશ્ચિક(ન.ય.) :** આજનો દિવસ તમારા માટે નવી તકો લઈને આવશે. વડીલોની સલાહ વેપારમાં ખૂબ ફાયદાકારક સાબિત થશે.
**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આજે સ્વાસ્થ્યનું વિશેષ ધ્યાન રાખવું. વ્યાપારી વર્ગ માટે દિવસ સામાન્ય રહેશે. પરિવાર સાથે સારો સમય વિતાવી શકશો.
**મકર(જ.ખ) :** આજે તમે શાંતિ અને ધૈર્યથી કામ લેશો, જેનાથી ઊર્જા જળવાઈ રહેશે. કાર્યક્ષેત્રે મહત્વપૂર્ણ નિર્ણયો લઈ શકો છો. કોઈપણ પ્રકારના આર્થિક કરાર કરતી વખતે સાવધાની રાખવી.
**કુંભ(ગ.શ.સ.) :** આજે તમે તમારી વાત સ્પષ્ટ રીતે રજૂ કરી શકશો. પારિવારિક સંબંધો મધુર બનશે. ખર્ચ પર પૂરો કાબૂ રાખવો.
**મીન(દ.ચ.ઝ.થ.) :** આજે તમારી સતત મહેનતના પરિણામ સામે આવશે. અટવાયેલા ધનની પ્રાપ્તિ થઈ શકે છે. રોકાણ માટે દિવસ લાભદાયી સાબિત થઈ શકે છે.

# ડાંગના ધૂંધલીનાથ મહાદેવ મેળામાં હજારો ભક્તો ઉમટ્યા



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**બીલીમોરા, તા.૧૪ :** ડાંગ જિલ્લાના ઘનઘોર જંગલોની વચ્ચે આવેલું અને વર્ષો જૂનું પૌરાણિક તેમજ અજોડ આસ્થાનું કેન્દ્ર એવા સિદ્ધ શ્રી ધૂંધલીનાથ મહાદેવ ખાતે વાર્ષિક મેળો ભકિતસભર વાતાવરણમાં યોજાયો હતો. જેઠ વદ અમાસના પાવન પર્વે યોજાયેલી યાત્રામાં સમગ્ર ગુજરાત સહિત આસપાસના વિસ્તારોમાંથી હજારોની સંખ્યામાં શિવભક્તો ઉમટી પડ્યા હતા. ડાંગના અદ્ભુત કુદરતી સૌંદર્ય વચ્ચે આવેલા પવિત્ર ધામમાં ભક્તોએ ભગવાન ધૂંધલીનાથને જળાભિષેક, બિલીપત્ર, પુષ્પો અને નાળિયેર અર્પણ કરી પૂજન-અર્ચન કર્યું હતું, તેમજ પોતાના પરિવારની સુખ, સમૃદ્ધિ અને કલ્યાણ માટે પ્રાર્થના કરી ધન્યતા અનુભવી હતી. આ પવિત્ર સ્થળની સ્થાપના પાછળ એક અલૌકિક ઈતિહાસ જોડાયેલો છે. વર્ષ ૧૯૭૪માં બીલીમોરાના સંત બ્રહ્મલીન પરમ પૂજય શ્રી સાનેદાદાને આ સ્થળે દૈવીક શક્તિનો સાક્ષાત્કાર થયો હતો અને તેમના માર્ગદર્શન હેઠળ જમીન ખોદતા જ્વાળારૂપે પવિત્ર શિવલિંગ પ્રગટ થયું હતું. આ વર્ષે પણ આ પાવન દિવસે બીલીમોરા સ્થિત નવનાથ ધામના વર્તમાન ગાદીપતિ પૂજ્ય છોટેદાદાના હસ્તે શાસ્ત્રોક્ત વિધિ-વિધાન અનુસાર મહાપૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂ. છોટેદાદાએ જણાવ્યું હતું કે, અહીં ભગવાન ધૂંધલીનાથ મહાદેવ જ્યોતિ સ્વરૂપે પૂજ્ય શ્રી સાનેદાદાના તપોબળથી પ્રગટ થયા છે, જે આજે પણ લાખો ભક્તો માટે આધ્યાત્મિક શાંતિનું કેન્દ્ર છે.મેળા દરમિયાન અહીં આવતા હજારો શ્રદ્ધાળુઓ માટે આહવા નવનાથ ભક્ત મંડળ ટ્રસ્ટ અને સ્થાનિક સેવાભાવી યુવકો દ્વારા દર્શન, પીવાનું પાણી, વાહન પાર્કિંગ, સ્વચ્છતા તેમજ મહાપ્રસાદની સુચારૂ અને સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. સમગ્ર મેળો અત્યંત ભક્તિમય અને શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો હતો. ડાંગનું આ પવિત્ર ધામ આજે પણ ગુજરાત સહિત પડોશી રાજ્યોના ભક્તો માટે વિશેષ આસ્થાનું કેન્દ્ર બની રહ્યું છે, જ્યાં દર્શન કરનાર પ્રત્યેક ભાવિક શિવત્વનો દિવ્ય સ્પર્શ અનુભવે છે.

'નફાકારક અને સ્વચ્છ દૂધ ઉત્પાદન ' વિષયક

# વઘઈમાં પશુપાલક ગોષ્ઠી અને નિદર્શન યોજાયું



**આહવા, તા. ૧૪ :** પશુ વિજ્ઞાન કેન્દ્ર (પી.વી.કે.), પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, કામધેનુ વિશ્વવિદ્યાલય, વઘઈ દ્વારા તથા આગાખાન રૂરલ સપોર્ટ પ્રોગ્રામનાં સયુંક્ત ઉપક્રમે, વઘઈ તાલુકામાં પશુપાલકો માટે નફાકારક અને સ્વચ્છ દૂધ ઉત્પાદન વિષયક પશુપાલક ગોષ્ઠી તેમજ નિદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ પશુપાલકોમાં માસ્ટાઈટિસ (આંચળનો સોજો) રોગ અંગે જાગૃતિ લાવવાનો તથા દૂધાળ પશુઓના આરોગ્ય અને સ્વચ્છ દૂધ ઉત્પાદન માટે જરૂરી વૈજ્ઞાનિક પદ્ધતિઓ અંગે માર્ગદર્શન આપવાનો હતો.કાર્યક્રમ દરમિયાન ડૉ. ઉત્સવભાઈ એસ. સુરતી (મદદનીશ પ્રાધ્યાપક) દ્વારા સ્વચ્છ દૂધ ઉત્પાદન, માસ્ટાઈટિસ રોગના કારણો, તેના લક્ષણો, આર્થિક નુકસાન તેમજ તેના અસરકારક નિયંત્રણ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. ડૉ. એસ. બી. કાપડી (પશુચિકિત્સા અધિકારી) દ્વારા પશુપાલકોને દૂધાળ પશુઓમાં આંચળના આરોગ્યનું મહત્વ સમજાવ્યું તેમજ સમયસર નિદાન અને સારવાર અંગે માહિતી આપી હતી. તદુપરાંત, પશુપાલકોને ટીટ ડીપ કપ ના ઉપયોગ અંગે નિદર્શન આપવામાં આવ્યું હતું. નિષ્ણાતોએ દોહન પૂર્ણ થયા બાદ ટીટ ડીપિંગ કરવાની વૈજ્ઞાનિક પદ્ધતિનું પ્રાયોગિક માર્ગદર્શન આપ્યું અને આ સરળ તેમજ અસરકારક પ્રક્રિયા દ્વારા માસ્ટાઈટિસ જેવા આંચળના રોગના સંક્રમણને નોંધપાત્ર રીતે ઘટાડી સ્વચ્છ અને ઉચ્ચ ગુણવત્તાવાળું દૂધ ઉત્પાદન કેવી રીતે શક્ય બને છે તે અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

આ સમગ્ર કાર્યક્રમ ડૉ. યુ. એસ. સુરતી અને ડૉ. એસ. બી. કાપડી દ્વારા, ડૉ. એમ. એમ. ઈસ્લામ (વડા, પી.વી.કે.) ના નેતૃત્વમાં તથા ડૉ. વી. એસ. ડબાસ (આચાર્ય, પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, કામધેનુ વિશ્વવિદ્યાલય, નવસારી) અને ડૉ. જે. એસ. પટેલ (વિસ્તરણ શિક્ષણ નિયામક, કામધેનુ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર) ના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો.

## દમણ રેડિયો 102.3 FM

આકાશવાણી

બુધવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન

# ગણદેવીમાં રોટરી ક્લબ ઓફ પ્રમુખે પદભાર સંભાળ્યો




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ગણદેવી, તા.૧૪ :** અનાવિલ વાડી ગણદેવી ખાતે રવિવારે રોટરી ક્લબ ગણદેવીનો ભવ્ય શપથગ્રહણ સમારંભ ૬૦૦થી વધુ આમંત્રિતોની પ્રેરણાદાયી ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ પ્રસંગે વાપીથી પધારેલા ઈન્સ્ટોલિંગ ઓફિસર પીડીજી રુચિર જાની અને મુખ્ય વક્તા પાસ્ટ રોટરી ઈન્ટરનેશનલ ડિરેક્ટર ડૉ. મનોજ દેસાઈની ગરિમામય હાજરીમાં વર્ષ ૨૦૨૬-૨૭ માટે ક્લબના ઈતિહાસમાં સૌપ્રથમ વખત એક મહિલા પ્રમુખ તરીકે કછોલીના ફાલ્ગુનીબેન નાયક તથા મંત્રી તરીકે અમલસાડના દીપકભાઈ નાયકની વરણી કરી નવીન બોર્ડ ઓફ ડાયરેક્ટરની ટીમને શપથ લેવડાવવામાં આવ્યા હતા. સમારંભમાં આઉટગોઈંગ પ્રમુખ શૈલેષ વશી અને સેક્રેટરી પારુલ નાયકે ગત વર્ષની પ્રવૃત્તિઓનો અહેવાલ આપ્યો હતો, જ્યારે નવનિયુક્ત પ્રમુખ ફાલ્ગુનીબેને આગામી વર્ષમાં યોજાનાર ટ્રેડ ફેર, વોઈસ ઓફ રોટરી અને ઓર્ગન ડોનેશન જેવા પ્રજાલક્ષી પ્રોજેક્ટ્સની જાહેરાત કરી ક્લબના આદ્ય સ્થાપકોને યાદ કર્યા હતા.

આ સમારંભ ક્લબ માટે સેવા ક્ષેત્રે પણ વિશેષ બની રહ્યો હતો, જેમાં શ્રી દેવ ચેરીટેબલ ટ્રસ્ટ,નાની ચોવીસી તરફથી દાતા ઝવેરભાઈ અને પીનાબેન પટેલના સહયોગથી અમૃતમ હોસ્પિટલને એક અદ્યતન એમ્બ્યુલન્સ એનાયત કરવામાં આવી હતી, જેની ચાવી મહેમાનોના હસ્તે અમૃતમ ટ્રસ્ટના પ્રમુખ રાકેશ નાયક અને મંત્રી અમિત નાયકને સોંપી એમ્બ્યુલન્સનું લોકાર્પણ કરાયું હતું. કાર્યક્રમ દરમિયાન ડૉ. મનોજ દેસાઈએ એક વિચારથી દુનિયા બદલવાના ઉદાહરણો આપી અને રુચિરભાઈ જાનીએ રોટરીના સૂત્રો દ્વારા ક્લબને ઉમદા માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. મુખ્ય દાતાશ્રીઓ પરિતોષ નાયક અને ઉમંગ નાયકના પ્રતિભાવો બાદ અંતમાં નવનિયુક્ત મંત્રી દીપકભાઈ નાયકે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. ગણદેવી રોટરીના ઈતિહાસમાં પ્રથમવાર મહિલાના હાથમાં સુકાન સોંપાતા ક્લબમાં એક નવા ગૌરવવંતા પ્રકરણનો શુભારંભ થયો છે.


## જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે રો-હાઉસ નં.૨, ભોયતળીયે આવેલ, બિનખેતીના નવો રેવન્યુ સર્વે નં.૪૭૧ (જુનો સર્વે નં.૭૦/૩/પૈકી૧/૧) વાળી જમીન કે જેનો સીટી સર્વે નં.NA૭૦/૩/૧ પર નિર્મિત, ગામ રેંટલાવ, તાલુકો પારડી, જિલ્લો વલસાડ કાતે સ્થિત, ૭/૧૨ ઉતારા મુજબની જમીન પર અને મંજુર લેઆઉટ મુજબના પ્લોટનો ભાગરૂપ, ''આર્યન વિલા''ના નામે ઓળખાય છે. તે પ્રોજેક્ટમાં આવેલા રો-હાઉસ નં.૨ આવેલ, જેનો સુપર બિલ્ટ-અપ વિસ્તાર ૧૧૦૦.૦૦ ચો.ફુટ (અર્થાત ૧૦૨.૨૩ ચો.મી.) છે, તેમજ મંજુર પ્લાન મુજબની જમીનમાં ૫૧૦.૦૦ ચો.ફુટ યાને કે બીજા માપે ૪૭.૩૯ ચો.મી. હિસ્સેદારી સાથે તથા સબંધિત તમામ હક, માર્ગઅધિકાર અને અનુલગ્ન અધિકારો સાથે, વિજયકુમાર રામયજ્ઞ તિવારી દ્વારા રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૨૪૨૯ તારીખ ૦૩/૦૭/૨૦૨૪ મુજબ ખરીદવામાં અઆવેલ હતો. ત્યારબાદ શ્રી વિજય કુમાર રામયજ્ઞ તિવારીનું અવસાન તારીખ ૦૬/૦૩/૨૦૨૬ના રોજ થયેલ હોવાથી તેમની કાનુની વારસદાર તરીકે શ્રીમતી માયા તિવારી (પત્ની) કું. માયા તિવારી, કું. સગીર નકછય વિજય તિવારી (પુત્ર), સગીર નબ્યા વિજય તિવારી (પુત્રી), આ મિલકતના કાયદેસર માલિક બન્યા છે. ઉપરોક્ત બાબતે એફિડેવીટ ઓફ પેડિગ્રી / કાનૂની વારસદારીનો હલફનામો એડવોકેટ એ.પી. પટેલ સમક્ષ તૈયાર તથા અમલમાં મુકવામાં આવેલ છે.

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે. કે જો ઉપર દર્શાવેલ કાનૂની વારસદારો સિવાય કોઈ વ્યક્તિને ઉપરોક્ત મિલકત અથવા પેડિગ્રી બાબતે કોઈ હક, હિત, દાવો અથવા વાંધો હોય તો તે વ્યક્તિએ આ નોટીસના પ્રકાશની તારીખથી સાત (૭) દિવસની અંદર મૂળ દસ્તાવેજી પુરાવા સાથે લેખિતમાં નીચે સહી કરનારને જાણ કરવી, અન્યથા કોઈ વાંધો નથી એવું માનીને આગળની કાર્યવાહી કરવામાં આવશે.

**સહી/-**
**એ.પી. પટેલ**
**એડવોકેટ અને નોટરી**
**બલીઠા ભંડારવાડ ફળિયા, વાપી, વલસાડ, ગુજરાત**
**મો.૭૭૭૭૯૬૬૭૭૯**

**તારીખ ૧૪/૦૭/૨૦૨૬**
**સ્થળ : વાપી**
**મારી સુચનાથી**


# બીલીમોરાની અસ્પી કન્યા વિદ્યાલયને શિક્ષકોના સન્માનાર્થે રૂા.૧ લાખનું દાન મળ્યું



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**બીલીમોરા, તા.૧૩ :** સંસ્કાર સર્જન એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત અસ્પી કન્યા વિદ્યાલય ખાનગી પ્રાથમિક વિભાગના શિક્ષક મિત્રો માટે પ્રેરણાદાયી સેવાકીય પ્રવૃત્તિ અંતર્ગત માતબર દાન પ્રાપ્ત થયું છે. શાળાના શિક્ષકોની કામગીરીને બિરદાવવા માટે પિતા રવિદત્તજી રામનરેશ પાંડે અને માતા સોનકલીજી રવિદત્તજી પાંડેના સ્મરણાર્થે તેમના સુપુત્ર પ્રકાશભાઈ પાંડે અને તેમના ધર્મપત્ની દ્વારા રૂ. ૧,૦૦,૦૦૦નું ઉદાર હાથે દાન આપવામાં આવ્યું છે. દાતા પરિવાર તરફથી મળેલી આ સહાયની રકમને ફિક્સ ડિપોઝિટ કરાવી, તેના વ્યાજમાંથી શિક્ષક મિત્રોની આખા વર્ષની સમગ્ર કામગીરીનું યોગ્ય મૂલ્યાંકન કરીને તેમને પારિતોષિક આપી સન્માનિત કરવાનું સરાહનીય આયોજન નક્કી કરવામાં આવ્યું છે. શિક્ષણ જગત અને શિક્ષકોના ઉત્સાહને વધારતી ઉમદા સેવાકીય પ્રવૃત્તિ બદલ દેવચંદ પટેલ,જયશ્રીબેન દેસાઈ આચાર્યા ચિત્તલબેન પટેલ,ટ્રસ્ટ મંડળ અને સમગ્ર શાળા પરિવારે દાતાનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

'મહિલા સુરક્ષા અંગે જાગૃતિ' અંગે

# ગણદેવી ડીઆઈકે કન્યા વિદ્યાલયમાં સેમીનાર યોજાયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ગણદેવી, તા.૧૪ :** ગણદેવી ડીઆઇકે કન્યા વિદ્યાલયમાં 'મહિલા સુરક્ષા અંગે જાગૃતિ' કાર્યક્રમ યોજાયો હતો. સર સી. જે. ન્યુ હાઈસ્કૂલ ટ્રસ્ટ સંચાલિત આ શાળામાં મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આ આયોજન કરવામાં આવ્યું હતું.

નવસારી જિલ્લા મહિલા અને બાળ વિકાસ વિભાગના કો-ઓર્ડીનેટર અસ્મિતાબેન ગાંધી, સંજયભાઈ, જયેશભાઈ, સખી વન સ્ટોપ સેન્ટરના હર્ષિદાબેન પટેલ, પી.બી.એસ.સી. સેન્ટર (ચીખલી)ના કાઉન્સેલર પ્રકૃતિબેન ટંડેલ તેમજ જ્યોતિ સમાજ ગણદેવીના લતાબેન અને રેખાબેન હાજર રહ્યા હતા. શાળાના આચાર્યા મિતલબેન દેસાઈએ સૌનું સ્વાગત કર્યું હતું. વિદ્યાર્થીનીઓને ગુડ ટચ-બેડ ટચ, પોક્સો એક્ટ અને જાતીય સતામણી સામે રક્ષણ મેળવવા અંગે વીડિયો અને ઉદાહરણો દ્વારા સમજણ અપાઈ હતી. આ ઉપરાંત ૧૮૧ અભયમ, સંકટ સખી એપ, સમર્થ, સામર્થ્ય અને સખી વન સ્ટોપ સેન્ટર જેવી સરકારી યોજનાઓની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ધોરણ ૯ થી ૧૨ મા પ્રથમ ત્રણ ક્રમે આવનાર વિદ્યાર્થીનીઓને મહેમાનોના હસ્તે અભ્યાસ કીટ આપવામાં આવી હતી. અંતમાં શાળાના શિક્ષિકા ઉર્વીબેન પંચાલે સર્વેનો આભાર માન્યો હતો.

વિદ્યાર્થીનીઓના હિતમાં આ સફળ કાર્યક્રમ બદલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી સિદ્ધાર્થભાઈ દેસાઈ અને ટ્રસ્ટી અરવિંદભાઈ કાપડિયાએ આચાર્યા મિતલબેન દેસાઈ અને સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા.

## સુડોકુ નં.૬૨૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 6 | 8 | | | | | |
| 9 | | | 7 | 1 | | | 3 | |
| | | | | | | 9 | 2 | 7 |
| | 8 | | | | | 1 | | |
| | 5 | 4 | 9 | | 2 | 3 | 6 | |
| | | 3 | | | | | 4 | |
| 5 | 1 | 9 | | | | | | |
| | 7 | | | 5 | 6 | | | 1 |
| | | | | | 8 | 4 | | |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૨૭નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 5 | 7 | 1 | 3 | 8 | 6 | 4 | 2 |
| 8 | 1 | 4 | 2 | 7 | 6 | 3 | 9 | 5 |
| 2 | 6 | 3 | 4 | 5 | 9 | 7 | 8 | 1 |
| 1 | 4 | 8 | 9 | 6 | 5 | 2 | 7 | 3 |
| 7 | 3 | 9 | 8 | 2 | 1 | 4 | 5 | 6 |
| 5 | 2 | 6 | 3 | 4 | 7 | 8 | 1 | 9 |
| 4 | 7 | 1 | 6 | 9 | 3 | 5 | 2 | 8 |
| 3 | 8 | 5 | 7 | 1 | 2 | 9 | 6 | 4 |
| 6 | 9 | 2 | 5 | 8 | 4 | 1 | 3 | 7 |

## વાપી ડેપો ઉપર રાત્રે ૧૦ બાદ એક પણ બસની ટ્રિપ નહીં, મુસાફરોને ભારે હાલાકી



**દિવસ દરમિયાન ૩૫૦ જેટલી ટ્રિપનો હજારો મુસાફરો લાભ ઉઠાવે છે**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૪ :** વાપી એસટી ડેપો ગુજરાત-મહારાષ્ટ્ર સરહદ પરનું મહત્વનું પરિવહન કેન્દ્ર છે. દિવસ દરમિયાન અહીંથી આશરે ૩૫૦ જેટલી બસોની ટ્રિપ ચાલે છે અને હજારો મુસાફરો તેનો લાભ લે છે. વાપી, દમણ, નવસારી, સુરત સહિતના વિસ્તારોમાં જવા માટે લોકો મોટા પ્રમાણમાં એસટી બસોનો ઉપયોગ કરે છે. પરંતુ રાત્રે ૧૦ વાગ્યા બાદ વાપી ડેપો ઉપરથી એક પણ બસની ટ્રિપ ન મળતી હોવાથી મુસાફરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ખાસ કરીને મોડી રાત્રે નોકરીથી છૂટતા કર્મચારીઓ, દર્દીઓ અને બહારગામથી આવતા મુસાફરોને છેલ્લી બસ ચૂકી જતા કલાકો સુધી રાહ જોવી પડે છે અથવા મોંઘા ભાડે ખાનગી વાહનનો સહારો લેવો પડે છે. મહિલાઓ અને વૃદ્ધોને રાત્રે ડેપો હાઈવે ઉપર હોય સુરક્ષાનો પણ પ્રશ્ન સતાવે છે. મુસાફરોની માંગ છે કે રાત્રે ૧૨ વાગ્યા સુધી ઓછામાં ઓછી ૨-૩ ટ્રિપ સુરત, નવસારી અને વલસાડ રૂટ પર શરૂ કરવામાં આવે. સ્થાનિક લોકોનું કહેવું છે કે વાપી ઔદ્યોગિક નગરી હોવાથી શિફ્ટમાં કામ કરતા લોકોની સંખ્યા વધુ છે. જો રાત્રીની બસ સેવા શરૂ થાય તો હજારો લોકોને રાહત મળશે અને એસટી તંત્રની આવકમાં પણ વધારો થશે.

## વાપીમાં ઈસ્કોન દ્વારા રથયાત્રાનું આયોજન કરાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૪ :** વાપી નજીકના અંભેટીગામમાં આવેલ શ્રી શ્રી રાધા ગોવિંદ મંદિર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ભગવાન જગન્નાથની ભવ્ય રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

વાપીના પટેલ સમાજની વાડી ખાતેથી રથયાત્રા ગુરુવારે યોજાનારી આ રથયાત્રાને લઈને ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. રથયાત્રાના આયોજકોના જણાવ્યા મુજબ વહેલી સવારે ૧૦:૩૦ કલાકે શ્રી શ્રી રાધા ગોવિંદ મંદિર ખાતે ભગવાનને છપ્પન ભોગ (૫૬ ભોગ) અર્પણ કરવામાં આવશે.

ત્યારબાદ બપોરે ૩:૦૦ કલાકે વાપીના પટેલ સમાજની વાડી ખાતે રથનું આગમન થશે. બપોરે ૪:૦૦ કલાકે ભારે પોલીસ બંદોબસ્ત અને ભક્તિમય વાતાવરણ વચ્ચે ભગવાન જગન્નાથની રથયાત્રાનો પ્રારંભ થશે.

રથયાત્રા પટેલ સમાજની વાડીથી નીકળી વાપી જીઆઈડીસી રોટરી સર્કલ, અંબા માતા મંદિર અને છીરી રાતા મુખ્ય માર્ગેથી પસાર થઈ રાત્રે ૮:૦૦ કલાકે કોપરલી રોડ સ્થિત અંભેટી ગામના શ્રી શ્રી રાધા ગોવિંદ મંદિર ખાતે પૂર્ણ થશે.

રથયાત્રામાં મોટી સંખ્યામાં ભગવાન જગન્નાથના ભક્તો, ઈસ્કોન મંદિરના સેવકો તેમજ સ્થાનિક આગેવાનો જોડાશે. સમગ્ર માર્ગ પર ભક્તો માટે વિવિધ સેવા કે[illegible] કરવામાં આવશે.

## સુરંગી બ્રિજ પાસે ટ્રાફિક પોલીસ માટે મૂળભૂત સુવિધા-વ્યવસ્થાઓનો અભાવ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૧૪ :** સિલવાસાને મહારાષ્ટ્રના તલાસરી સાથે જોડતા મહત્વના રાષ્ટ્રીય રાજમાર્ગ એનએચ-848A પર નિર્માણાધીન સુરંગી બ્રિજ ખાતે ટ્રાફિક નિયંત્રણ માટે પોલીસકર્મીઓ દિવસ-રાત ફરજ બજાવી રહ્યા છે. પરંતુ ફરજ દરમિયાન તેમની માટે જરૂરી એવી મૂળભૂત સુવિધાઓ ઉપલબ્ધ ન હોવાને કારણે તેઓ તડકો અને વરસાદથી બચવા માટે -ીકાસ્ટ કોંક્રિટના બોક્સનો આશ્રય લેતા હોવાનું જોવા મળ્યું છે.

સુરંગી બ્રિજનું નિર્માણ ચાલુ હોવાથી અહીં ભારે વાહનવ્યવહાર વચ્ચે પોલીસકર્મીઓ સતત ટ્રાફિક નિયંત્રિત કરી મુસાફરો અને કામદારોની સુરક્ષા સુનિશ્ચિત કરે છે. રોજ હજારો વાહનો આ માર્ગ પરથી પસાર થતાં હોવાથી તેમની હાજરી અનિવાર્ય બની ગઈ છે.

સ્થળ પરથી પ્રાપ્ત થયેલા દૃશ્યોમાં પોલીસકર્મીઓ પ્રીકાસ્ટ કોંક્રિટની રચનામાં બેસીને વરસાદ અને તડકાથી બચતા જોવા મળે છે. તેમની માટે કોઈ અસ્થાયી કેબિન અથવા આરામગૃહ ઉપલબ્ધ હોવાનું નજરે પડતું નથી.

ચોમાસાની ઋતુમાં પરિસ્થિતિ વધુ પડકારજનક બની જાય છે. દિવસ દરમિયાન વરસાદ, ભેજ અને બાંધકામથી ઉડતી ધૂળ વચ્ચે ફરજ બજાવવી પડે છે, જ્યારે રાત્રિના સમયે આ વિસ્તાર ગ્રામ્ય વિસ્તાર હોવાથી સાપ દેખાવાની ઘટનાઓ પણ બનતી રહે છે. આવી પરિસ્થિતિમાં સતત ફરજ બજાવતા પોલીસકર્મીઓની સુરક્ષા અને આરોગ્ય અંગે પ્રશ્નો ઊભા થાય છે. આ સમગ્ર મુદ્દો એક મહત્વનો વહીવટી પ્રશ્ન પણ ઉભો કરે છે. જ્યારે કોઈ પ્રોજેક્ટ સ્થળે પોલીસની ૨૪ કલાક તૈનાતી કરવામાં આવે છે, ત્યારે તેમની મૂળભૂત સુવિધાઓની જવાબદારી કોણ લે છે?

## નાહુલી પોદાર વર્લ્ડ સ્કુલમાં પ્રતિષ્ઠા પદ સમારોહ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૪ :** વાપીની પોદાર વર્લ્ડ સ્કુલ નાહુલીમાં વિદ્યાર્થીઓમાં નેતૃત્વના ગુણો વિકસાવવા માટે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે પ્રતિષ્ઠા પદ સમારોહ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે કરમબેલા ડેપ્યુટી સરપંચ આનંદ શાહ, પ્રખ્યાત ઉદ્યોગસાહસિક અને જાનવી મસાલા કંપની બી.સી. શાહ એન્ડ સન્સના માલિક અને કિટાવત સ્ટેડિયમ પાછળના પ્રેરક બળની ઉપસ્થિતિ રહી હતી. તેમજ પોદાર જમ્બો કિડ્સના માર્ગદર્શક સોનલ મહેતા અને નહુલીના પોદાર જમ્બો કિડ્સના મુખ્ય શિક્ષિકા રેખા શાહની ઉમદા હાજરીથી આ કાર્યક્રમ વધુ ગૌરવશાળી બન્યો હતો. મુખ્ય અતિથિ અને અમારી શાળાના આચાર્યના હસ્તે પસંદગી પામેલા વિદ્યાર્થીઓને તેમના પ્રતિષ્ઠા સંબંધિત બેજ એનાયત કરવામાં આવ્યા હતા અને વિદ્યાર્થી પરિષદના સભ્યોએ શાળા માટે નિષ્ઠાપૂર્વક કામ કરવાના શપથ લીધા હતા. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના થી થઈ અને વિદ્યાર્થીઓ દ્વારા સુંદર નૃત્ય પ્રસ્તુતિ થઈ હેડ બોય માસ્ટર તનુષ ભટ્ટ અને હેડ ગર્લ રીયા દિવેદીએ તેમના વક્તવ્યમાં શિક્ષકો અને મેનેજમેન્ટ પ્રત્યેના તેમના અનુભવો શેર કર્યા હતા.

## નાનાપોંઢા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘની ૧૮મીએ ચૂંટણી યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોંઢા, તા. ૧૪ :** નાનાપોંઢા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘની આગામી ૧૮ જુલાઈના રોજ યોજાનારી ચૂંટણીને લઈને શિક્ષકોમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે. કપરાડા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘમાં બિનહરીફ વરણી થતાં ચૂંટણી વિના જ હોદ્દેદારો નક્કી થઈ ગયા છે, જ્યારે નાનાપોંઢા તાલુકામાં બે પેનલો વચ્ચે સીધી ટક્કર સર્જાતા ચૂંટણીનો માહોલ ગરમાયો છે.

શિક્ષક વર્તુળોમાં ચાલી રહેલી ચર્ચા મુજબ નવશક્તિ પેનલને તાલુકાભરના શિક્ષકોનો સારો પ્રતિસાદ અને સહકાર મળી રહ્યો હોવાનું જાણવા મળે છે. જાગૃત શિક્ષક, સક્ષમ નેતૃત્વના સૂત્ર સાથે મેદાનમાં ઉતરેલી નવશક્તિ પેનલ શિક્ષકોના પ્રશ્નોના ઉકેલ, પારદર્શિતા અને સંગઠનને વધુ મજબૂત બનાવવાના ઉદ્દેશ્ય સાથે પ્રચાર કરી રહી છે. નવશક્તિ પેનલ તરફથી પ્રમુખ પદ માટે અજયભાઈ પટેલ (કરશન ફળીયા પ્રાથમિક શાળા, મોટાપોંઢા), મહામંત્રી તરીકે કૌશિકકુમાર પટેલ (પંડોર પ્રાથમિક શાળા), ઉપપ્રમુખ તરીકે અનંતભાઈ પટેલ (રાતા પ્રાથમિક શાળા), ખજાનચી તરીકે અશોકભાઈ પટેલ (નદી પાડા પાનસ પ્રાથમિક શાળા) તેમજ મહિલા પ્રતિનિધિ તરીકે સેજલબેન પટેલ (ડહેલી પ્રાથમિક શાળા) ઉમેદવારી નોંધાવી છે.

જિલ્લા કારોબારી માટે કલ્પનાબેન પટેલ (ચિવલ પ્રાથમિક શાળા), દિનેશભાઈ પટેલ (રાતા પ્રાથમિક શાળા), મનીષાકુમારી પટેલ (જોગવેલ પ્રાથમિક શાળા), મનુભાઈ કુંવર (કરશન ફળીયા, મોટાપોંઢા પ્રાથમિક શાળા), મહેશકુમાર પટેલ (વારણા પ્રાથમિક શાળા) અને મિતેશભાઈ પટેલ (ખાંડા કુંવા કવાલ પ્રાથમિક શાળા) ચૂંટણી જંગમાં છે. પ્રમુખ પદના ઉમેદવાર અજયભાઈ પટેલ અગાઉથી વિવિધ ક્ષેત્રોમાં નેતૃત્વ ક્ષમતા ધરાવતા તેમજ શિક્ષકોના પ્રશ્નોને વાચા આપવા માટે સક્રિય રહ્યા હોવાનું તેમના સમર્થકો જણાવી રહ્યા છે. ન્યાયી અભિગમ, સૌને સાથે લઈને ચાલવાની કાર્યશૈલી અને સંગઠનને મજબૂત બનાવવાની તેમની દૃષ્ટિને કારણે શિક્ષકોમાં તેમના પ્રત્યે વિશ્વાસ વધી રહ્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

નવરચિત નાનાપોંઢા તાલુકામાં સમાવિષ્ટ પારડી અને વાપી તાલુકાના ગામોની શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષકોનો પણ નવશક્તિ પેનલને સારો પ્રતિસાદ મળી રહ્યો હોવાનું સમર્થકો દાવો કરી રહ્યા છે. બીજી તરફ, વિરોધી પેનલમાં કેટલાક ઉમેદવારો અગાઉ પણ હોદ્દા પર રહી ચૂક્યા હોવાથી શિક્ષકોમાં પરિવર્તનની માંગ ઉઠી રહી હોવાની ચર્ચાઓ પણ શિક્ષક વર્તુળોમાં ચાલી રહી છે.

જોકે ચૂંટણીનું અંતિમ પરિણામ તો મતદાન બાદ જ સ્પષ્ટ થશે. બંને પેનલો પોતાના પક્ષમાં વધુમાં વધુ મત મેળવવા માટે શિક્ષકોનો સંપર્ક કરી રહી છે અને ચૂંટણી પ્રચારને અંતિમ તબક્કે પહોંચાડ્યો છે. હવે સમગ્ર શિક્ષક સમાજની નજર ૧૮ જુલાઈના મતદાન અને ત્યારબાદ જાહેર થનારા પરિણામો પર મંડાયેલી છે. નોંધ ઉપરોક્ત પ્રેસનોટમાં કેટલાક મુદ્દા (જેમ કે કઈ પેનલને વધુ સમર્થન છે અથવા વિરોધી પેનલ અંગેની ચર્ચા) દાવા અને ચર્ચાઓ તરીકે રજૂ કરવામાં આવ્યા છે. નિષ્પક્ષ સમાચાર લેખન માટે બંને પક્ષનો અભિપ્રાય સામેલ કરવો યોગ્ય રહેશે.

## નાનાપોંઢા-કપરાડા તાલુકામાં વરસાદ ખેંચાતા ડાંગરનો પાક સુકાવા લાગ્યો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોંઢા, તા. ૧૪ :** દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લાના નાનાપોંઢા અને કપરાડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ ખેંચાતા ખેડૂતોની ચિંતા દિવસેને દિવસે વધી રહી છે. જૂન માસ આખો લગભગ કોરો ગયો હતો, જ્યારે જુલાઈ મહિનાની શરૂઆતમાં માત્ર ત્રણથી ચાર દિવસ સારો વરસાદ નોંધાયો હતો. આ વરસાદને આધારે ખેડૂતોને સારો ચોમાસો બેસી ગયો હોવાની આશા જાગી હતી અને તેમણે અગાઉથી પિયતની સુવિધા ધરાવતા ખેતરોમાં ધરું તૈયાર કરીને ડાંગરની રોપણી શરૂ કરી દીધી હતી. પરંતુ ત્યારબાદ વરસાદે લાંબો વિરામ લેતા હવે રોપવામાં આવેલો ડાંગરનો પાક સુકાવા લાગ્યો છે. જો આગામી દિવસોમાં સારો વરસાદ નહીં પડે તો મોટા પ્રમાણમાં પાકને નુકસાન થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

વિસ્તારના તળાવો, ચેકડેમો અને કુદરતી જળાશયોમાં પણ પૂરતું પાણી એકત્ર થયું નથી. અનેક સ્થળોએ પાણીનું સ્તર હજુ પણ નીચું છે, જ્યારે પહાડી વિસ્તારોના ઝરણાં પણ જોઈએ એટલા સક્રિય થયા નથી. આ સ્થિતિ માત્ર ખેતી માટે જ નહીં પરંતુ આગામી દિવસોમાં પીવાના પાણી અને પશુઓ માટેના પાણીની સમસ્યા પણ ઊભી કરી શકે છે તેવી ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે.ખેડૂતો માટે સૌથી મોટી મુશ્કેલી એ છે કે હાલમાં બિયારણ અને ખેતીના અન્ય તમામ ખર્ચમાં નોંધપાત્ર વધારો થયો છે. જો હાલનો પાક સંપૂર્ણપણે નિષ્ફળ જાય તો ફરીથી નવું બિયારણ ખરીદી વાવણી કરવી મોટાભાગના ખેડૂતો માટે આર્થિક રીતે શક્ય નથી. વધુમાં, ચોમાસાનો સમય આગળ વધી જતાં હવે ફરી વાવણી કરવામાં આવે તો પાક સમયસર તૈયાર નહીં થાય અને ઉત્પાદન પર પણ તેની ગંભીર અસર પડશે.

નાનાપોંઢા અને કપરાડા તાલુકાના મોટાભાગના ખેડૂતો વરસાદ આધારિત ખેતી પર નિર્ભર છે.

ખેડૂતો હવે મેઘરાજા પર આશા રાખીને આકાશ તરફ મીટ માંડીને બેઠા છે. આગામી દિવસોમાં સારો અને સતત વરસાદ થાય તો જ હાલ સુકાઈ રહેલા ડાંગરના પાકને નવજીવન મળી શકે. અન્યથા નાનાપોંઢા અને કપરાડા તાલુકાના અનેક ખેડૂતોને આ વર્ષે ભારે આર્થિક નુકસાન સહન કરવાનો વારો આવી શકે છે.

ખેડૂતો દ્વારા સરકારને પણ પરિસ્થિતિ પર નજર રાખી જરૂરી સહાય, પાક સર્વે અને જરૂરિયાત મુજબ રાહત પગલાં ભરવાની માંગ કરવામાં આવી રહી છે. હાલમાં સમગ્ર વિસ્તારના ખેડૂતો માટે સમયસર વરસાદ જ એકમાત્ર આશાનું કિરણ બની રહ્યો છે.

## ધરમપુર શ્રી દૈવજ્ઞ પંચની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૪ :** શ્રી દૈવજ્ઞ પંચ-ધરમપુર દ્વારા રવિવારે શ્રી દૈવજ્ઞ પંચની વાડી, ધરમપુર ખાતે વાર્ષિક સાધારણ સભાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. સમાજના મોટી સંખ્યામાં જ્ઞાતિબંધુઓએ ઉત્સાહપૂર્વક હાજરી આપી હતી.

કાર્યક્રમની શરૂઆત -ાર્થના અને દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. ત્યારબાદ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો તેમજ સમાજના વરિષ્ઠજનોનું સન્માન કરવામાં આવ્યું હતું. ગયા વર્ષની કાર્યવાહીની નોંધ અને વાર્ષિક હિસાબ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા.

પ્રમુખ કમલેશભાઈ બી. ચોનકરે સમાજના વિકાસલક્ષી કાર્યો, આગામી આયોજન અને સમાજની એકતા અંગે માર્ગદર્શન આપ્યું હતું. ઉપરાંત શ્રી દૈવજ્ઞ પંચના રજિસ્ટ્રેશન, ટ્રસ્ટી મંડળ સંબંધિત મુદ્દાઓ તથા સમાજના હિતના વિવિધ વિષયો પર રચનાત્મક ચર્ચા કરી જરૂરી ઠરાવો પસાર કરવામાં આવ્યા. સભાના અંતે જ્ઞાતિબંધુઓ માટે ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત સૌનો આભાર વ્યક્ત કરી સમાજની પ્રગતિ માટે સૌને સાથે મળીને કાર્ય કરવાની અપીલ કરવામાં આવી હતી. કાર્યક્રમ બાદ સૌ માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

## રોણવેલ વિદ્યાલયમાં સાઇબર અવેરનેસ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૪ :** રોણવેલમાં આજ રોજ સાઈબર ક્રાઈમ અવેરનેસ કાર્યક્રમ યોજાયો. શાળાના રૂક્ષ્મણીબા પ્રાર્થના હોલમાં વલસાડ રૂરલ પી. આઈ. સુખવીંદરસિંહ ગડ્ડુ વલસાડ જિલ્લા સાયબર આઈ.ટી. એક્સપર્ટ વૈભવભાઈ પટેલ વલસાડ રૂરલ પો. હેડ કો. સુનિતાબેનની ઉપસ્થિતિમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મહેમાનોનું પુસ્તક અને પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું , ધોરણ ૯ થી ૧૨ ના તમામ બાળકોને સાંપ્રત સમયમાં સાઈબર ક્રાઈમ, સાઈબર સિક્યુરિટી, સાઈબર જાગૃતતા અને સાઈબર ફ્રોડથી બચવાની પ્રક્રિયા વિશે વિગતે સમજૂતી આપવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમ શાળાના આચાર્ય ડૉ. ધનસુખભાઈ આહીર ના માર્ગદર્શન અંતર્ગત કરવામાં આવ્યું હતું.

## ભદેલી હિંગરાજમાં ડ્રગ્સ મુક્ત ભારત અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૪ :** મે. વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક, યુવરાજસિંહ જાડેજા નાઓના માર્ગ દર્શન હેઠળ વલસાડ જિલ્લા પોલીસના સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ દ્વારા આજરોજ તા.૧૪/૦૭/૨૦૨૬ ના રોજ સવાર કલાક ૧૦:૩૦ થી કલાક ૧૨:૧૦ દરમિયાન વલસાડ રૂરલ પોલીસ સ્ટેશનના ભદેલી, હિંગરાજ ઊડાન સ્મશાન ભૂમિ ખાતે આયોજિત એક પેડ માં કે નામ ના કાર્યક્રમમાં ડ્રગ્સ મુક્ત ભારત અભિયાન અંતર્ગત ડ્રગ્સ વિરોધી તથા કોસ્ટલ સુરક્ષા જન-જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વાય.પી. હડીયા તથા પોલીસ સ્ટાફની આગેવાનીમાં યોજાયેલ આ કાર્યક્રમમાં ગામજનો કુલ ૭૦ થી વધુએ ભાગ લીધો હતો.

આ પ્રસંગે ડ્રગ્સના સેવનથી યુવાધનની જિંદગી પર થતી વિપરીત અસરો, શારીરિક પ્રમાનસિક નુકસાન તથા કાયદાકીય જોગવાઈઓ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. વાય.પી. હડીયા દ્વારા ડ્રગ્સની લત કેવી રીતે જીવન બરબાદ કરે છે અને પોલીસને મદદરૂપ થઈ સમાજને વ્યસનમુક્ત કેવી રીતે બનાવવો તે અંગે તથા દરિયાઈ સુરક્ષા તકેદારી અંગે સ્પીચ આપવામાં આવી હતી.

કાર્યક્રમના અંતે ઉપસ્થિત તમામ લોકોને નીચે મુજબની શપથ લેવડાવવામાં આવી હતી.

અમને અહેસાસ છે કે આપણા દેશમાં, વિશેષ રૂપે યુવાઓની વચ્ચે નશીલી દવાઓનો દુરુપયોગ વધી રહ્યો છે અને આ ચિંતાનો વિષય છે. અમે શપથ લઈએ છીએ કે અમે નશીલી દવાઓના દુરુપયોગની રોકથામમાં સહયોગ કરીશું. અમે વચન આપીએ છીએ કે કોઈપણ પ્રકારના નશીલા પદાર્થનું સેવન નહીં કરીએ.

અમે દરેક વ્યક્તિને, ખાસ કરીને યુવાઓને, નશીલી દવાઓના Ø<W-ભાવોના સંબંધમાં જાગૃત કરવા માટે તથા ભારતને નશા મુક્ત રાષ્ટ્ર બનાવવા માટે પોતાનાથી બનતા દરેક પ્રયાસો કરીશું અને સમાજના રચનાત્મક તથા મહત્વપૂર્ણ સદસ્ય બનીશું. આજે અમે પ્રતિજ્ઞા કરીએ છીએ કે નશાથી દૂર રહીશું અને સ્વસ્થ જીવન-યાપન કરીશું.

ત્યારબાદ કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

## નાનાપોંઢા, કપરાડા અને પારડીના સમગ્ર આદિવાસી સમાજ દ્વારા ગાઢવીમાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોંઢા, તા. ૧૪ :** સમગ્ર આદિવાસી સમાજ કપરાડા, નાનાપોંઢા, અને પારડી ના સંયુક્ત ક્રમે આદિવાસી સમાજના આગેવાનો ભેગા મળી ૯ મી ઓગસ્ટ ૨૦૨૬ ની ઉજવણી કરવા માટે સ્થળ ધારણમાળ મોરાગીન ડુંગર માવલી મેદાનની પસંદગી કરવામાં આવી કપરાડા તાલુકા અને દાદરા નગર હવેલીના સીમાડા આવેલ સ્થળ તપાસ કરી આદિવાસી સમાજના આગેવાનો ભેગા મળ્યા જેમાં આ વરસે કપરાડા તાલુકા અને દાદરા નગર હવેલી ના આવેલ સીમાડા વચ્ચે પસંદગી કરવામાં આવી વલસાડ જિલ્લા કપરાડા તાલુકાના ગાઢવી ગ્રુપ ગ્રામ પંચાયત ના ધારણમાળ મોરાગીન માવલી માતા ખાતે સ્થળ નક્કી કરવામાં આવેલ જે બાબતે તારીખ ૧૫/૭/૨૦૨૬, ના બુધવારે સાંજે ૬.૦૦ કલાકે ધારણમાળ ખાતે આયોજન માટેની મિટિંગ રાખવામાં આવી છે.

## વલસાડ જિલ્લા નિવૃત્ત કર્મચારી સેવા મંડળના ઉપપ્રમુખની સરાહનીય કામગીરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનીધ)

**ઉમરગામ, તા. ૧૪ :** ઉમરગામ તાલુકાનાં પાલી ગામે ડગડી ફળિયામાં રહેતાં વાસંતીબેન રમેશચંદ્ર ઓઝા જેમનાં પતિ તા-૨૧ ૧૨-૨૦૨૩ ના રોજ અવસાન પામ્યા છે. તેમનું આવતું ફેમિલી પેન્શનથી વાસંતીબેન ઘરનું ગુજરાન ચલાવી રહ્યા છે. જેઓને આયુષ્યમાન "G" કેટેગરી કાર્ડની જરૂર પડતાં તેઓએ અશરફભાઈ ચુડાસમા સાહેબનો સંપર્ક કર્યો હતો. અશરફભાઈએ તુરત તેમનાં ઘરે જઈને જરૂરી માહિતી સાથે, ઉપયોગી જરૂરી ડોક્યુમેન્ટ્સ લઈને વલસાડ ગયા હતા. બીજા દિવસે વાસંતીબેન ઓઝા સાથે ભીલાડ આરોગ્ય કેન્દ્રની ઓફિસમાં જઈને "G" કાર્ડ મેળવવા માટેની જરૂરી ઓનલાઈન પ્રક્રિયા પૂર્ણ કરી હતી. સોમવારે સરીગામ નિવાસી વલસાડ જિલ્લા સેવા મંડળના ઉપપ્રમુખ અસરફ ચુડાસમાએ વાસંતીબેન રમેશચંદ્ર ઓઝાનું "G" કાર્ડ મેળવીને, પ્લાસ્ટિક લેમિનેશન કરાવીને પાલી ગામે જઈને આ આયુષ્યમાન "G" કેટેગરી કાર્ડ વાસંતીબેનને સુપ્રત કર્યું હતું. વાસંતીબેને આ કાર્ડ સ્વીકારતાં ભીની આંખે અશરફભાઈને માથા પર હાથ ફેરવતાં આશીર્વાદ આપ્યા હતાં અને પુષ્પગુચ્છ આપીને સન્માનિત કર્યા હતા.

### માનવ પરિવાર ટ્રસ્ટ દ્વારા

## વાપી અને પારડીમાં ભટકતા ચાર મનોદિવ્યાંગ વ્યક્તિઓનું સફળ રેસ્ક્યુ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીવલ, તા. ૧૪ :** વલસાડ જિલ્લાના વાપી અને પારડી વિસ્તારમાં લાંબા સમયથી રસ્તાઓ પર ભટકતા ચાર મનોદિવ્યાંગ વ્યક્તિઓનું માનવ પરિવાર ટ્રસ્ટ, પાલીતાણા દ્વારા સફળતાપૂર્વક રેસ્કયુ કરવામાં આવ્યું છે. આ માનવતાભરી કામગીરી રિલીફ ફાઉન્ડેશન ગ્રુપના સંકલન તથા સ્થાનિક સેવાભાવી આગેવાનોના સહયોગથી સંપન્ન થઈ હતી. મળતી માહિતી મુજબ, વાપી અને પારડી વિસ્તારમાં ત્રણ મહિલા તથા એક પુરુષ મનોદિવ્યાંગ હાલતમાં રસ્તા પર રઝળતા હોવાનું ધ્યાનમાં આવતા માનવ પરિવાર ટ્રસ્ટનો સંપર્ક કરવામાં આવ્યો હતો. સંસ્થાના સંચાલક ધવલભાઈ ભાયાણીના માર્ગદર્શન હેઠળ ટ્રસ્ટના નીરવભાઈ મોરડીયા અને અશ્વિનભાઈ અસલલિયા સ્થળ પર પહોંચ્યા અને શાંતિપૂર્ણ રીતે ચારેય વ્યક્તિઓને સમજાવી સુરક્ષિત રીતે રેસ્કયુ કર્યા હતા. રેસ્કયુ દરમિયાન સ્થાનિક આગેવાનો અને ગ્રામજનોએ પણ ટીમને સંપૂર્ણ સહકાર આપ્યો હતો. ત્યારબાદ ચારેય વ્યક્તિઓને સંબંધિત પોલીસ મથકે લઈ જઈ જરૂરી કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી હતી. તમામ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તેમને યોગ્ય સારવાર, સંભાળ અને પુનર્વસન માટે માનવ પરિવાર ટ્રસ્ટ ખાતે મોકલવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

ગુજરાતભરમાં મનોદિવ્યાંગ, નિરાધાર, રઝળતા અને બિનવારસી ભાઈ-બહેનોને આશરો, સારવાર અને સન્માનપૂર્ણ જીવન આપતી માનવ પરિવાર ટ્રસ્ટની સેવાકીય કામગીરીને સ્થાનિક લોકોએ બિરદાવી હતી. સંસ્થાની આવી કામગીરી અનેક નિરાધાર લોકો માટે આશાનું કિરણ બની રહી છે. આ પ્રસંગે સંસ્થાના સંચાલક ધવલભાઈ ભાયાણીએ અપીલ કરતાં જણાવ્યું હતું કે, કોઈપણ વિસ્તારમાં ભટકતી અથવા મનોદિવ્યાંગ વ્યક્તિ નજરે પડે તો તરત જ માનવ પરિવાર ટ્રસ્ટનો ૯૭૧૨૦૪૯૧૨૬ નંબર પર સંપર્ક કરી માનવતાના આ સેવાયજ્ઞમાં સહભાગી બનવું જોઈએ. સમયસર મળતી માહિતીથી આવા જરૂરિયાતમંદ લોકોને સુરક્ષિત જીવન અને યોગ્ય સારવાર મળી શકે છે.

## મધુબન ડેમમાંથી અજાણી મહિલાની લાશ મળી

**વલસાડ, તા.૧૪ :** વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના ફતેપુર ગામમાં શીલાંગણ ફળિયામાં દમણગંગા નદીના મધુબન ડેમના પાણીમાં તા. ૦૮/૦૭/૨૦૨૬ના રોજ સવારે ૯ કલાકે ૬૦ વર્ષીય એક અજાણી સ્ત્રીની લાશ મળી આવી હતી. જેનું શરીર પાણીમાં વધુ સમય રહેવાથી શરીરની ચામડીનું પડ નીકળી ગયું હતું.

જે શરીરે મધ્યમ બાંધો, પાંચ ફૂટ ઉંચાઈ અને કાળા તથા સફેદ વાળ ધરાવે છે. ગળામાં, ડાબા હાથમાં, ડાબા પગમાં તથા કમરે લાલ કલરનો દોરો બાંધેલો હતો. હાથમાં મહેંદી કલરની સોનેરી પડ વાળી બંગડી પહેરેલી છે. આ અજાણી મહિલાના વાલી વારસોની પોલીસે શોધખોળ કરી હતી. પરંતુ કોઈ ભાળ મળી આવી ન હતી. જે કોઈને પણ આ અજાણી મહિલાના વાલી વારસોની ભાળ મળે તો કપરાડા પોલીસ મથકે જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયુ છે.

# જૂલાઈની શરુઆતના ચાર દિવસના વરસાદે તંત્રની પ્રિમોન્સુન કામગીરીના કપડા ઉતારી નાંખ્યાં..!

**વરસાદી પાણીના ઘોરાવાની વાત વાપી માટે નવી નથી પણ અફસોસ એ વાતનો થાય કે સ્થિતિ સુધરવાની જગ્યાએ દર વર્ષે બગડતી જાય છે : આયોજિત વિકાસનું સર્વત્ર બાષ્પિભવન થઈ ગયું : સુરત જેવું શહેર તાપીના પાણીથી નહીં પણ વરસાદી પાણીથી ડૂબતાં, વખાણેલી ખીચડી દાંતે ચોંટી જેવું બની રહ્યું : વાપીના બંને ગૌરવપથે નામ લાજવ્યું : વાપીમાં મહાનગરપાલિકાના અધિકારીઓ અને રાજકારણીઓ વચ્ચે આક્ષેપબાજી, પણ સત્યની શોધ કોઈ કરતુ નથી : વાપીનો રાહદારીઓ માટેનો રેલ્વે અન્ડરપાસ પણ ડૂબ્યો ! : રેલ્વે અન્ડરબ્રિજો ચોમાસામાં શોભાના ગાઠિયા**



**દમણગંગાના તીરેથી**

**- પ્રવિણસિંહ પરમાર**
(વરિષ્ઠ પત્રકાર, વાપી)
મો. નં. ૯૮૨૫૧ ૫૦૯૯૯

તા. ૦૧-૦૭-૨૦૨૬થી શરુ થયેલા વરસાદે ફકત ચાર પાંચ દિવસમાં જ બતાવી દીધું કે દેશના રાજયોમાં આયોજિત વિકાસ જેવું કંઈ છે જ નહીં. ટુંકમાં આ વરસાદે વિકાસની વાતનું વસ્ત્રાહરણ કરી નાંખ્યું. ચાર દિવસના વરસાદમાં જ નાના મોટા શહેરો ડૂબ્યાં. ગામડાઓ પણ અપવાદ ન રહ્યો.

વાપી તો વર્ષોથી સિમેન્ટનું જંગલ બની રહેલું છે. અહીં આડેધડ બાંધકામોએ વરસાદી પાણીના નિકાલના કુદરતી વહેણોનું અચ્યુત્તમ કેશવમ કરી નાંખેલું હોઈ ઠેર ઠેર પાણી ઊભરાયાં. વાપીમાં બે માર્ગોને ગૌરવપથ નામ આપવામાં આવેલું છે. એક વાપી મુખ્ય બજાર રોડ અને બીજો પેપિલોનવાળો કોપરલી રોડ બંને માર્ગોમાં વરસાદી પાણી ઉભરાતા ગૌરવપથનું નામ લજવ્યું !

વાપી બજાર રોડ તો વર્ષોથી ગેરયકાયદે પાર્કિંગ અને અતિક્રમણકારીઓનો અડ્ડો બનેલું છે. આખા બજાર રોડ ઉપર તમે કયાંય તમારી કાર પાર્ક કરી દુકાનોમાંથી ખરીદી નહીં કરી શકો.

વાપી કોપરલી રોડ (પેપીલોનવાળો) નગરપાલિકાના શાસન સમયે નવો બનાવવાની શરુઆત થયેલી ત્યારે આ માર્ગ ઉપર રહેતા રહીશો અને વેપારીઓએ નગરપાલિકામાં લેખિત વિરોધ નોંધાવેલો અને જણાવેલું કે હયાત માર્ગ ઉપરના ડામરને ખોદ્યા વિના ડામર પાથરવામાં આવી રહ્યો હોવાથી માર્ગ ઊંચો થવાથી વરસાદી પાણી ઘરો અને દુકાનોમાં ઘૂસી જવાની પુરી સંભાવના છે. એટલે જુનો માર્ગ ખોદી લેવલ જાળવી નવો ડામર પાથરવો જોઈએ. લેખિત રજુઆત વિરોધ છતાં નગરપાલિકાએ દાદ ન આપેલી. મૂળ તો આ કોપરલી રોડ ઉપર નેશનલ હાઈવેવાળાની આડાઈને કારણે વરસાદી પાણીના પ્રવાહને બંધ કરી દેવામાં આવ્યો હતો. જેથી આ માર્ગ ઉપરની દુકાનો અને ઘરોમાં પાણી ઉભરાવાની વાત દર ચોમાસાની બની રહી હતી.

આવી જ હાલત વાપીના આઝાદનગરની છે. અહીં આદર્શધામ બિલ્ડીંગની આજુબાજુ દર વર્ષે ચોમાસામાં પાણી ઉભરાતું હોય છે. આ વિસ્તારમાં પાણીના નિકાલની કોઈ સગીન વ્યવસ્થા જ નથી. અગાઉ ચોમાસામાં આ માર્ગ ઉપર પાણી ઊભરાતું ત્યારે આ વિસ્તારના રહીશો પાણીના નિકાલ માટે ગટરના ચેમ્બરો તોડી નાંખી પાણીનો નિકાલ કરતાં હતાં.

આ વખતે વાપીમાં પડેલા ચાર દિવસના વરસાદે પ્રિમોન્સુન કામગીરીના ધજાગરા ઉડાડી દીધા. ગુજરાતના નાના મોટા શહેરોના શાસકો દર વર્ષે પ્રિમોન્સુન કામગીરીનો ખોખલો દાવો કરતા રહે છે. પરંતુ પ્રિમોન્સુનના નામે નાણાના ધુમાડા સિવાય કંઈ દૃષ્ટીયોચર થતુ નથી !

જોવા જેવું તો એ છે કે દર વર્ષે ચોમાસામાં ઉભરાતા પાણીના નિકાલની તંત્રને જરાય પડી નથી હોતી. દર વર્ષના કડવા અનુભવમાંથી કોઈ બોધપાઠ લેતું નથી. હાલત વર્ષો વર્ષ બદમાંથી બદતર થતી જાય છે.

સુરત માટે પણ વખાણેલી ખીચડી દાંતે ચોંટી જેવું થયું છે. અહીં તાપીના રેલના પાણીએ નહીં પણ વરસાદના ઘેરાયેલા પાણીએ શહેરને ડુબાડયું, ૪૫ જણાએ જળસમાધિ લીધી. શહેરીજનો અને વેપારીઓને કરોડો રૂપિયાનું નુકશાન થયું. પાંચેક હજાર જેટલી કારો પણીમાં ડુબી ગઈ. દ્વિચક્રી વાહનોની સંખ્યા વળી લાખ ઉપર પહોંચ્યાની વાત છે!

ફરી વાપીની વાત કરીએ તો, વાપીમાં પૂર્વ-પશ્ચિમને જોડતા બે રેલ્વે અન્ડરબ્રિજો છે એક જે ટાઈપનો જુનો અન્ડરબ્રિજ. આ અન્ડરબ્રિજને દરેક ચોમાસામાં પાંચથી ૬ વાર ડુબકી માર્યા વિના ન ચાલે ! વરસાદી પાણીનું લેવલ વધતાં ત્યાં પાણી ઉલેચવા મુકેલી ઈલેકટ્રીક મોટરો સેંસરથી ચાલુ થઈ જવાની વાત વાતોના વડા જેવી જ બની રહેતી હોય છે ! વાપીનો રાહદારીઓ માટેનો રેલ્વે અન્ડરપાસ પણ પાણીમાં ડૂબ્યો !

આ રેલવે અન્ડરબ્રિજની નજીકમાં જ એક બીજો સાંકડો રેલ્વે અન્ડરબ્રિજ છે. જેમાંથી ફકત દ્વિચક્રી વાહનો અને ઓટો રિક્ષા જ પસાર થાય છે. વાસ્તવમાં આ ગરનાળું વાહનો માટે છે જ નહીં વાપીમાં તોડી પડાયેલો જુનો રેલ્વે અન્ડરબ્રિજ બનતો હતો ત્યારે રેલ્વે એ આ અન્ડરબ્રિજ ફકત પાણીના વહેણ માટે જ છે એમ કહી વાહન વ્યવહાર બંધ કરી દીધો હતો. પરંતુ તે સમયના વાપીના પો.સ.ઈ. એન. જે. ઝાલાએ રેલ્વે સ્ટેશનના સત્તાવાળાઓને સમજાવી ગરનાળું વાહનો માટે ચાલુ કરાવ્યું હતું. એટલે જો કયારેક પણ રેલ્વે આ ગરનાળું બંધ કરી દે તો કોઈ કંઈ કરી શકે નહીં!

વાપીમાં આ વખતે થોડા દિવસના વરસાદમાં ઠેર ઠેર પાણીનો ભરાવો થયો હતો જે બતાવે છે કે ૧ વર્ષ અને ૬ મહિનાના અફસરશાહી શાસને વાપીના વરસાદી પાણીના ઘેરાવા બાબત કોઈ અભ્યાસ જ કરેલો નથી.વાપી એક રીતે એટલાં માટે બડભાગી છે કે અહીં નજીકમાં જ દમણગંગા અને કોલક જેવી નદીઓ વહેતી હોવા છતાં આ લોકમાતાઓએ લોકોને રેલના પાણીથી રંજાડયા નથી. બિલખાડીને તો બળાત્કારીઓના સકંજામાંથી નાણામંત્રી કનુભાઈ દેસાઈએ છુટકારો આપેલો હોઈ છેલ્લા ચારેક વર્ષથી બિલખાડી ડાહીડમરી બની ગયેલ છે. પરંતુ ચાલુ ચોમાસામાં બિલખાડીના કેટલીક જગ્યાએ પાણી અવરોધાયા હોવાનું જણાતાં સમક્ષતંત્રાએ આ સ્થળોનું નિરીક્ષણ કરી નિવારક પગલાં લેવાનું નક્કી કર્યુ હતું.

વાપીમાં મોટા ભચગના મકાન માલિકોએ પોતાના ટેરેસના વરસાદી પાણીને પાઈપ દ્વારા સીધા રસ્તા ઉપર વહાવી દેવાની ચેષ્ટા કરેલી છે. આના કારણે જાહેર માર્ગ ઉપર વધારાનું પાણી વહેતું રહે છે. અને પાણીના ધોધને કારણે રસ્તાને પણ નુકશાન પહોંચે છે. મહાનગરપાલિકાએ આ ન્યુસન્સ બંધ કરવું જોઈએ.

## વાપીમાં મહાનગરપાલિકા અને રાજકારણીઓ આમને સામને !

કેટલાંક સમય ઉપર વાપી શહેર કોંગ્રેસના પ્રમુખ મહેશભાઈ શાહે એક વિડીયો જાહેર કરી વાપીની પાણી પુરવઠા યોજનાના સ્થળની ગંદકી અંગે આંગળી ચિંધી પેયજળની શુદ્ધિ બાબતે શંકા વ્યકત કરી હતી. મહેરભાઈ શાહનો આ વિડિયો અમે પણ જોયો હતો. સ્થળની સ્થિતિ આંખોને ગમે એવી તો નહોંતી જ. પેયજળની પુરવઠા યોજનામાં ઘણો સુધારો કરવો જરુરી પણ જણાયો.

શહેર કોંગ્રેસના પ્રમુખના આ વિડિયો પડી વાપી મહાનગરપાલિકાના હાઈડ્રોલિક ઈજનેર સંજય ઝાએ પણ એક વિડિયો જાહેર કર્યો અને કોંગ્રેસ પ્રમુખની વાતનો છેદ ઉડાડયો !

આ વાતને થોડો સમય જ થયો છે ત્યાં દમણ-દીવના સાંસદ ઉપમેશ પટેલે એક બીજો વિવાદ છેડયો છે. તેમના જણાવ્યા પ્રમાણે વાપી મહાનગરપાલિકાના કચરાની ડમ્પીંગ સાઈટ જાણે ઉપરવાળાના ભરોસે જ ચાલી રહી છે અને આ કચરો દમણગંગા નદી ભેગો થતાં દમણમાં પણ તેની અસર જોવા મળે છે. તેમણે વાપી મનપા આ બાબત અઠવાડિયામાં પગલાં ન લે તો જોરદાર આંદોલન છેડવાની પણ ચિમકી આપી હતી.

દમણ-દીવના સાંસદના આ દોષારોપણનો જવાબ વાપી મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નર એન.એ. ચૌધરીએ વિના વિલંબ આપી દીધો છે.

ચૌધરીએ જણાવ્યું કે એકધારા વરસાદના કારણે ડમ્પીંગ સાઈટની પ્રક્રિયાઓ પર અસર થઈ હતી. આ ડમ્પીંગ સાઈટથી દમણનું પાણી દુષિત થવાની કોઈ શકયતા નથી. આમ કોઈને કોઈ મુદ્દે રાજકારણીઓ અને સરકારી અધિકારીઓ એક બીજા સામે મસલ્સ ફુલાવતાં રહ્યાં છે. પરંતુ સત્યની ખોજ કોઈ કરતું નથી.

દમણ-દીવના સાંસદ ઉમેશ પટેલે અગાઉ પણ વાપીના ઉદ્યોગો દમણગંગા નદીના પાણીને પ્રદુષિત કરતા હોવાથી દમણમાં તેની વિપરિત અસર પહોંચતી હોવાની વાત કહી હતી. વાસ્તવમાં દમણગંગા નદીને દમણ અને દાદરા નગર હવેલીના ઉદ્યોગો જ દુષિત કરે છે.

# કર્તવ્યોનો ત્યાગ કરાવનારને ગુરુ ન કહેવાય

(ગતાંકથી શરુ)

બીજાનાં દુ:ખો દૂર કરવાં અને તેમનાં સુખો વધારવાં તે સાચી તપસ્યા છે. તે જ કરવી જોઈએ. વિશ્વમાં ક્યાંય પણ અખંડ-શાશ્વત સુખ નથી, જ્યાં સુખ હોય ત્યાં થોડુંઘણું દુ:ખ પણ હોય જ. માત્ર સુખ ન હોય. માત્ર આત્મામાં જ સુખ છે તે વાત સાચી નથી. પદાર્થોમાં પણ સુખ હોય છે. તેથી તો બધા અનુકૂળ પદાર્થો મેળવવા દોડે છે. આત્માવાળા પણ તે જ તરફ દોડે છે. પદાર્થોનો ત્યાગ કરવાથી માત્ર આત્માથી જ જો માણસ સુખી થતો હોય તો પદાર્થોની અપેક્ષા ન કરે. પણ કહેવાતા આત્મ-જ્ઞાનીઓ પણ પદાર્થોની ચાહના-માગણી કરતા જ હોય છે. ૨૪. પદાર્થોનો ચુસ્ત ત્યાગ કરનારા, પરાવલંબી થઈ જતા હોય છે. આ ત્યાગ ગુલામ બનાવનારો થઈ જતો હોય છે. આવશ્યકતા પૂરતા પદાર્થો પોતાના પુરુષાર્થથી મેળવી લેવા અને પછી સંતોષ પામનારો વધુ સુખી હોય છે. કદી પણ પુરુષાર્થ અને કર્તવ્યનો ત્યાગ કરવો નહિ. આ બન્નેનો ત્યાગ કરનાર, કરાવનાર પલાયનવાદી જીવન જીવતા હોય છે. બને ત્યાં સુધી ભારરૂપ જીવન જીવવું નહિ. પોતે જ પોતાનો ભાર ઉપાડવો બને તો થોડો બીજાનો પણ ભાર ઉપાડવો એ જ પરમાર્થ છે. મૃત્યુ પછીની બહુ ચિંતા કરવી નહિ. મૃત્યુ પહેલાંની ચિંતા કરવી. જેથી જીવન અને મૃત્યુ બન્ને સુધારી શકાય.

**વાસ્તવિકતા**



**સ્વામી સચ્ચિદાનંદ**

સ્વર્ગ-નરક મોક્ષ વગેરે કોઈએ જોયાં નથી. કદાચ હોય. કદાચ ન પણ હોય. જે હોય તે પણ આ લોકમાં સગવડો અને સાચી સમજણ ફેલાવીને સ્વર્ગ લાવી શકાય છે. કુદરતને મિત્ર બનાવો. કુદરતને દુશ્મન ન બનાવો. જો કુદરતને મિત્ર બનાવશો તો કુદરત જીવનના ઘણા પ્રશ્નો ઉકેલી આપશે. કુદરતને દુશ્મન બનાવશો તો - પ્રશ્નો જ પ્રશ્નો ઊભા થશે. હેરાન થઈ જશો. ધર્મનો ત્યાગ ન કરાય, ધર્માભાસ કે ધર્મના નામે આચરાતા અધર્મનો ત્યાગ કરાય. ૧. મને કદી પણ હું બ્રહ્મ છું કે ઈશ્વર છું તેવો અનુભવ થતો નથી. હું બ્રહ્મ છું એવું સતત બોલવાથી જીવનનો કોઈ જ પ્રશ્ન ઉકેલાતો નથી. જો બ્રહ્મ અને ઈશ્વર એક જ હોય તો સૃષ્ટિની ઉત્પત્તિ–સ્થિતિ અને પ્રલયનો મને કશો જ અનુભવ નથી. સ્મૃતિ પણ નથી. ક્ષમતા પણ નથી. પછી અહં બ્રહ્માસ્મિ કેવી રીતે બોલું? તેવું બોલવાથી કોઈ પ્રશ્ન પણ ઉકેલાતો નથી. ને મારી અલ્પતા, અક્ષમતા અને અજ્ઞાનતાનું ભાન રહે છે. તેથી અભિમાન ઓછું થાય છે. ભક્તિમાર્ગમાં હું પ્રભુનો દાસ છું તેવો ભાવ રાખવો ઉત્તમ છે. મારાથી અનેક ભૂલો થઈ છે. થઈ રહી છે. હું તેને રોકી શકતો નથી એવી વાસ્તવિકતાનો સ્વીકાર કરનારો પ્રભુભક્ત થઈ શકે છે. કદાચ અન્ય કોઈની આગળ અભિમાન વ્યક્ત થાય તો થાય પણ કદી પણ ઈશ્વરની આગળ અભિમાન ન કરાય. તેની પાસે તો દીનતાથી જ વ્યવહાર થાય. તો જ પરમેશ્વરની નજીક જવાય. જે લોકો પોતાને ભગવાન કે ઈશ્વર માને છે કે મનાવે છે, તે સાચા નથી. તેમનાથી શેકેલો પાપડ પણ ભાંગી શકાતો નથી, તે પામર છે. તેમનાથી દૂર રહો. કોઈ પણ માણસ ગમે તેટલો સમર્થ હોય તોપણ કદી તેની ઈશ્વર કે ભગવાનરૂપમાં પૂજા કરવી નહિ. આ વ્યક્તિપૂજા છે અને અધમ છે. તેનાથી બચવું. ઈશ્વર એક જ છે. તેણે જ વિશ્વની રચના કરી છે, તે જ વિશ્વનું સંચાલન કરી રહ્યો છે. તેની બરાબર કોઈ જ નથી. તેની ઉપાસના કરવી તે નિરાકાર છે તેમ છતાં પોતાની અનુકૂળતા માટે તેની સાકાર ઉપાસના કરી શકાય છે. સાકાર-નિરાકારમાં મેળ કરવો. વિરોધ નહિ.

હિન્દુ ધર્મમાં અનેક દેવ-દેવીઓ છે, તે બધાંનું ઈશ્વરમાં સમીકરણ કરવું. સમીકરણ એટલે બધામાં એક જ ઈશ્વરની ભાવના કરવી કદી પણ ઈશ્વરદ્રોહી ન થવું. ઈશ્વરદ્રોહીનો સંગ ન કરવો. જેમજેમ ઉપાસના દૃઢ થતી જશે તેમ તેમ ઈશ્વરની પ્રતીતિ થતી જશે. ઉપાસના મંદ ન પડવા દેવી, ઉપાસના મંદ પડે તેવા લોકોનો સંગ ન કરવો. યુક્તિ-પ્રયુક્તિ કે તર્કો કરતાં પણ સ્વાનુભવની શક્તિ ઘણી વધારે છે. સાચા ઉપાસકને ઈશ્વર સ્વાનુભવનો વિષય થઈ શકે છે. ઈશ્વર-સાક્ષાત્કારનો દાવો કરનાર, સાક્ષાત્કાર કરાવી આપનારની વાતો ઉપર વિશ્વાસ ન કરવો. ઈશ્વર-સાક્ષાત્કારી દાવો કરતો ન ફરે. કરે તો તે જુઠો છે. ઈશ્વર મહાન છે. તેથી મહાન બીજું કશું નથી. તેથી તેની જોડી નથી. ઈશ્વર-શરણાગતિ ભાવથી બીજો કોઈ ઉચ્ચ ભાવ નથી. આવો ભાવ દુર્લભ છે. ઈશ્વર-ાપ્તિ માટે ગૃહત્યાગ અનિવાર્ય નથી. સંસારની માયા અને કષ્ટો તેની સાધનાનાં પૂરક થઈ શકે છે. કષ્ટો, આપત્તિ અને વિપત્તિ ભક્તને ઈશ્વરની વધુ નજીક લઈ જાય છે. જ્યારે હજાર પ્રયત્નો પછી પણ જે દુ:ખ દૂર કરી શકાતું નથી તે ઓચિંતાનું દૂર થાય ત્યારે ભક્તને ઈશ્વરકૃપાનો અનુભવ થાય છે. આવું જીવનમાં બને છે. બને તો શ્વાસે શ્વાસે હરિસ્મરણ કરવું. એનાથી મોટી બીજી કોઈ સાધના નથી. નામસ્મરણ માટે દીક્ષા લેવાની જરૂર નથી. બધાં જ હરિનામ મંત્રો છે. જે ગમે તે જપવું મંત્ર મોટો નથી. શ્રદ્ધા જ મોટી છે. પોતાની માલિકીની વસ્તુ, બીજાને આપી દેવી તેને ત્યાગ કહેવાય તેવા ત્યાગથી વ્યક્તિ ધન્ય બને છે, જો વસ્તુ સુપાત્રને સારા હેતુ માટે આપવામાં આવી હોય. આ દાન પણ છે.

વસ્તુને છોડી દેવી તે પણ ત્યાગ છે. જે વસ્તુના ગ્રહણથી હાનિ થતી હોય તેનો ત્યાગ કરવો. જેમ કે વ્યસનો. વ્યસનોનો ત્યાગ કલ્યાણકારી છે. બને તો બધાં જ વ્યસનોનો ત્યાગ કરવો. ઈશ્વરભક્તિ, રાષ્ટ્રભક્તિ, ધર્મ, કર્તવ્યપરાયણતા અને સુશીલ વફાદાર પત્નીનો ત્યાગ કદી પણ કરાય નહિ. પાપ લાગે. કદાચ કર્કશા કે વ્યભિચારિણી પત્નીનો ત્યાગ કરવો પડે તો તેનો આદર્શ બનાવાય નહિ. આ મજબૂરી હતી તેમ થોષિત કરાય. જે ત્યાગથી તમને મોક્ષ મળે પણ વ્યક્તિનું જીવન નરક બને તેવો ત્યાગ પૂજ્ય ન થાય. કોઈને અન્યાય કરીને, સંતાપીને મોક્ષ ન મેળવાય કુકર્મો અને કુમાણસોનો ત્યાગ શાંતિ આપે છે. કર્તવ્યોનો ત્યાગ કરીને કર્તવ્યહીન થવું અને બેજવાબદારીભર્યું જીવન જીવવું તે ત્યાગ નથી, પલાયનવાદ છે. કર્તવ્યોનો ત્યાગ કરાય જ નહિ, કર્તવ્યો જ પ્રથમ સાધના છે. કર્તવ્યોનો ત્યાગ કરાવનારને ગુરુ ન કહેવાય. સંત પણ ન કહેવાય. કર્તવ્યની સીડીઓ ચઢીને ધર્મ સુધી પહોંચાય છે. જે ત્યાગથી તમે પરાશ્રિત બનો, પરોપજીવી બનો, લાચાર બનો તે ત્યાગ કલ્યાણકારી ન હોય. તમારા ત્યાગથી કોઈનું કલ્યાણ થાય છે, કોઈના પ્રશ્નો ઉકેલાય છે. ત્યાગનું પ્રદર્શન ન હોય. હોય તો તે પાખંડ છે. આવો પ્રદર્શિત ત્યાગ મોટા ભાગે વાંઝિયો હોય છે. અર્થાત્ કશા જ પરિણામ વિનાનો હોય છે. પ્રદર્શિત ત્યાગ જેવો જ બીજો નિયંત્રિત ત્યાગ છે. તે મનને પ્રસન્નતા આપનારો નથી હોતો. નિયંત્રિત ત્યાગ એટલે કઠોર નિયમોનું ફરજિયાત આચરણ, જેમ કે જોડાં ન પહેરાય, પૈસાને ન અડાય, સ્નાન ન કરાય, સ્ત્રી સાથે વાત ન કરાય, એકથી વધારે વાર જમાય નહિ, ફરજિયાત ઉપવાસ કરવા પડે. વાહનનો ત્યાગ, પથારીનો ત્યાગ વગેરે. આવા અનેક ત્યાગો માત્ર નિયંત્રણના કારણે કરવા પડે. પણ મન ન માને તો તેમાં છીંડાં પડતાં હોય છે. અર્થાત્ એક નહિ તો બીજા રસ્તે છટકબારી શોધી કઢાતી હોય છે. સ્વેચ્છાપૂર્વક થયેલો ત્યાગ જ છટકબારી વિનાનો હોય છે. તે જ પ્રસન્નતા આપે છે.

(વધુ આવતા અંકે)

## આજે વિશ્વ યુવા કૌશલ્ય દિવસ

# જિલ્લામાં MY Bharat દ્વારા યુવા સશક્તિકરણ હેઠળ ૫૦ હજાર યુવાનોને જોડવાનું લક્ષ્ય



**ખાસ લેખ: જિજ્ઞેશ સોલંકી**

**વલસાડ, તા. ૧૪ :** ભારત વિશ્વનો સૌથી યુવા દેશ છે અને દેશની યુવા શક્તિ તેની સૌથી મોટી સંપત્તિ છે. યુવાનોને શીખવા, નેતૃત્વ કરવા, સ્વયંસેવા તથા રાષ્ટ્ર નિર્માણમાં સક્રિય ભાગીદારી માટે અવસર ઉપલબ્ધ કરાવવા ભારત સરકારના યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલય દ્વારા તા. ૩૧ ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ મેરા યુવા ભારત (MY Bharat) ની સ્થાપના કરવામાં આવી હતી. MY Bharat એક આધુનિક, ટેકનોલોજી આધારિત રાષ્ટ્રીય પ્લેટફોર્મ છે, જે યુવાનોને કૌશલ્ય વિકાસ, નેતૃત્વ, અનુભવાત્મક શિક્ષણ, સ્વયંસેવા અને નાગરિક સહભાગિતાના વિવિધ અવસરો સાથે જોડે છે. તેનો હેતુ કુશળ, જવાબદાર અને સશક્ત યુવાનો તૈયાર કરવાનો છે, જે વિકસિત ભારત @૨૦૪૭ ના નિર્માણમાં મહત્વપૂર્ણ પૂરવાર થશે.

MY Bharat દેશના સૌથી મોટા યુવા સશક્તિકરણ પ્લેટફોર્મ પૈકી એક છે. MY Bharat પોર્ટલ પર અત્યાર સુધીમાં બે કરોડથી વધુ યુવાનો નોંધાયેલા છે. વાત કરીએ વલસાડ જિલ્લાની તો ૩૦,૦૦૦થી વધુ યુવાનો MY Bharat સાથે જોડાઈ ચૂક્યા છે. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા હાલમાં વિશેષ નોંધણી અભિયાન હાથ ધરવામાં આવ્યું છે, જે અંતર્ગત તા.૧૫ ઓગસ્ટ, ૨૦૨૬ સુધીમાં ૫૦,૦૦૦થી વધુ યુવાનોને નોંધણી કરાવવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. આ અભિયાનમાં શાળાઓ, કોલેજો, ITI, પોલિટેકનિક, યુનિવર્સિટીઓ, યુવા ક્લબો તથા વિવિધ સરકારી વિભાગો સક્રિય રીતે જોડાયેલા છે.

MY Bharat યુવાનોને આધુનિક યુગની જરૂરિયાતોને અનુરૂપ જ્ઞાન, કૌશલ્ય અને વ્યવહારિક અનુભવ પ્રદાન કરતા અનેક કાર્યક્રમો અમલમાં મૂકે છે. Future Youth Leaders' Bootcamp દ્વારા યુવાનોને વરિષ્ઠ વહીવટી અધિકારીઓ, ઉદ્યોગ નિષ્ણાતો, શિક્ષણવિદો, ઉદ્યોગસાહસિકો તથા વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતો સાથે સંવાદ કરવાની તક મળે છે, જ્યાં તેઓ નેતૃત્વ, સંવાદ કૌશલ્ય, વ્યક્તિત્વ વિકાસ, ટીમવર્ક, નવીનતા, જાહેર વક્તૃત્વ અને કારકિર્દી આયોજન જેવા વિષયો પર માર્ગદર્શન મેળવે છે.

MY Bharat પ્રધાનમંત્રી ઈન્ટર્નશિપ યોજના (Prime Minister's Internship Scheme) સાથે યુવાનોને જોડીને અગ્રણી ઉદ્યોગોમાં વ્યવહારિક તાલીમ અને કાર્ય અનુભવ મેળવવાની તક આપે છે. Experiential Learning Programme (ELP) દ્વારા યુવાનોને સરકારી વિભાગો, સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ અને સામાજિક સંસ્થાઓ સાથે કાર્ય કરવાનો પ્રત્યક્ષ અનુભવ મળે છે.

Volunteer for Bharat (VFB) દ્વારા યુવાનો સ્વચ્છતા, પર્યાવરણ સંરક્ષણ, જળ સંરક્ષણ,

### ટેકનોલોજી આધારિત પ્લેટફોર્મ દ્વારા કૌશલ્ય વિકાસ, નેતૃત્વ, સ્વયંસેવા અને રાષ્ટ્ર નિર્માણ માટે યુવાનોને મળશે નવી તકો

આપત્તિ વ્યવસ્થાપન, રક્તદાન, આરોગ્ય જાગૃતિ, મતદાર જાગૃતિ અને અન્ય સામાજિક અભિયાનોમાં સ્વયંસેવક તરીકે જોડાઈ નેતૃત્વ, શિસ્ત, ટીમવર્ક અને સામાજિક જવાબદારી જેવા ગુણો વિકસાવે છે. આ ઉપરાંત Viksit Bharat Youth Parliament, Youth Leadership Development Programmes, Yuva Aapda Mitra, નવીનતા આધારિત પડકારો અને વિવિધ રાષ્ટ્રીય અભિયાનો દ્વારા યુવાનોને લોકશાહી, સામાજિક પરિવર્તન અને ટકાઉ વિકાસમાં સક્રિય યોગદાન આપવાની તક મળે છે.

### યુવાનોને MY Bharat પોર્ટલ પર નોંધણી કરાવવા આહવાન

વલસાડ જિલ્લા યુવા અધિકારીશ્રી આયુષ ચૌધરીએ વિશ્વ યુવા કૌશલ્ય દિવસની શુભેચ્છા પાઠવતા જણાવ્યું કે, MY Bharat, વલસાડ, તમામ યુવાનોને MY Bharat પોર્ટલ પર નોંધણી કરાવવા અને તેના વિવિધ કાર્યક્રમોમાં સક્રિયપણે જોડાવા માટે આહ્વાન કરે છે. MY Bharat માત્ર નોંધણી માટેનું પોર્ટલ નથી, પરંતુ શીખવા, નેતૃત્વ વિકસાવવા, કૌશલ્ય મેળવવા, સમાજસેવા કરવા અને રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપવા માટેનું એક શક્તિશાળી માધ્યમ છે. તેમણે યુવાનોને Future Youth Leaders' Bootcamp, પ્રધાનમંત્રી ઈન્ટર્નશિપ યોજના, Experiential Learning Programme (ELP), Volunteer for Bharat (VFB), Viksit Bharat Youth Parliament તથા Yuva Aapda Mitra જેવા કાર્યક્રમોમાં સક્રિય ભાગ લેવા અનુરોધ કર્યો હતો. આજનો યુવાન આવતીકાલના ભારતનો નિર્માતા છે. MY Bharat સાથે જોડાઈ દરેક યુવાન શીખી શકે છે, નેતૃત્વ કરી શકે છે, સમાજની સેવા કરી શકે છે અને વિકસિત ભારત @૨૦૪૭ના નિર્માણમાં પોતાની મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.


દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોન: ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

# પારડી તાલુકા વિશેષ

Wednesday 15, July 2026

● પારડી ● ઉદવાડા ● વાઘછીપા ● પરીયા

આપનું અખબાર : આપનો અવાજ DGT

મુખ્ય કાર્યાલય સંપર્ક : મો. ૯૮૨૫૧ ૨૨૫૦૫ / ઈ-મેઈલ : edior.dgt@gmail.com - damangangatimes@yahoo.co.in

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : ૯૮૭૯૩૭૪૬૦૫

## ઉમરસાડીનો 'અટલ બ્રિજ' પ્રવાસીઓ માટે વિકેન્ડમાં આકર્ષણનું કેન્દ્ર બન્યો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૪ :** પારડી તાલુકાનું ઉમરસાડી -વાસન ક્ષેત્રે એક નવું સીમાચિહ્ન બની ગયું છે. અહીં નવનિર્મિત 'અટલ બ્રિજ' હાલ -વાસીઓ માટે આકર્ષણનું મુખ્ય કેન્દ્ર બન્યો છે. મોટી સંખ્યામાં પર્યટકો અહીં આવીને અરબી સમુદ્રની સુંદરતા અને કુદરતી નજારાની મજા માણી રહ્યા છે. શનિવાર અને રવિવારની રજાઓમાં અટલ બ્રિજ પર પર્યટકોનો ભારે ધસારો જોવા મળે છે. ખાસ કરીને વીકેન્ડમાં વાલીઓ પોતાના બાળકો સાથે અહીં સમય વિતાવવા પહોંચી રહ્યા છે. સમુદ્ર કિનારે અને બ્રિજની આસપાસ બાળકો વિવિધ રમતો રમીને મનોરંજન મેળવતા અને આનંદ માણતા જોવા મળી રહ્યા છે આ નવું પર્યટન સ્થળ માત્ર સ્થાનિક લોકો પૂરતું સીમિત નથી રહ્યું. અહીં પારડી, વાપી અને વલસાડ ઉપરાંત પડોશી સંઘ-દેશ દમણ અને સેલવાસથી પણ મોટી સંખ્યામાં સહેલાણીઓ આવી રહ્યા છે. દરિયાના મોજાં અને ખુશનુમા વાતાવરણ વચ્ચે લોકો સેલ્ફી લેતા અને યાદગાર પળો કેમેરામાં કેદ કરતા નજરે પડે છે. ઉમરસાડી દેસાઈવાડ ખાતે બનેલો આ અટલ બ્રિજ ખૂબ જ ટૂંકા ગાળામાં એક લોકપ્રિય ટુરિસ્ટ હબતરીકે ઓળખાવા લાગ્યો છે. -વાસીઓના આ સતત વધી રહેલા ધસારાને કારણે સ્થાનિક રોજગારીને પણ વેગ મળી રહ્યો છે અહીં આવતા -વાસીઓ દરિયા કિનારે કચરો ન ફેંકે અને સાફ-સફાઈનું પૂરતું ધ્યાન રાખે તે ખૂબ જ જરૂરી છે. જેમ-જેમ -વાસીઓની સંખ્યા વધી રહી છે, તેમ-તેમ આ સુંદર સ્થળની ગંદકી ન થાય તે જોવાની જવાબદારી પણ -વાસીઓની જ બને છે. પ્લાસ્ટિકની બોટલો, વેફર્સના પેકેટો કે અન્ય કચરો ગમે ત્યાં ફેંકવાને બદલે કચરાપેટીનો જ ઉપયોગ કરવો જોઈએ, જેથી આ પર્યટન સ્થળની સુંદરતા લાંબા સમય સુધી જળવાઈ રહે ખરેખર આ સુંદર સ્થળ બનાવવા માટે સ્થાનિક ધારાસભ્ય કનુભાઈ દેસાઈ ની મહેનત છે જેનું પરિણામ છે કે આજે લોકોને એક સુંદર સ્થળ મળી શક્યું છે

## પારડીમાં શ્રી જગન્નાથજી રથયાત્રા મહોત્સવ યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૪ :** પારડી ખાતે શ્રી જગન્નાથ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અષાઢી બીજના પાવન અવસરે ભવ્ય શ્રી જગન્નાથજી રથયાત્રા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

પારડી ના દમણીઝાપા ખાતે આવેલ ગજાનંદ કોમ્પ્લેક્સ ના શ્રી જગન્નાથ મંદિરથી બપોરે ૩:૩૦ કલાકે રથયાત્રાનું -સ્થાન થશે અને સમગ્ર પારડી શહેરમાં ભક્તિભાવ સાથે પરિભ્રમણ કરશે.

રથયાત્રા દરમિયાન ભગવાન જગન્નાથજીના જયઘોષ, ભજન-કીર્તન અને ધાર્મિક માહોલ વચ્ચે મોટી સંખ્યામાં ભક્તો જોડાય તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

આ -સંગે રાજ્યના નાણા અને શહેરી વિકાસ વિભાગના કેબિનેટ મંત્રી તથા સ્થાનિક ધારાસભ્ય કનુભાઈ દેસાઈ, રાજ્યના કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલ, વલસાડ-ડાંગના સાંસદ ધવલભાઈ પટેલ, વલસાડ જિલ્લા ભાજપ -મુખ હેમંતભાઈ કંસારા, ધારાસભ્યો રમણભાઈ પાટકર, જીતુભાઈ ચૌધરી, અરવિંદભાઈ પટેલ, ભરતભાઈ પટેલ, વલસાડ જિલ્લા પંચાયત -મુખ હેતલબેન પટેલ, -દેશ મંત્રી સોનલબેન સોલંકી તેમજ વલસાડ જિલ્લા ભાજપના -ભારી વિનયભાઈ શુક્લા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે.

સમગ્ર રથયાત્રા મહોત્સવનું આયોજન કમલેશભાઈ ગજાનંદભાઈ પટેલ પરિવાર દ્વારા કરવામાં આવ્યું છે. આયોજકોએ પારડી તેમજ આસપાસના વિસ્તારના ભક્તોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભગવાન જગન્નાથજીના દર્શનનો લાભ લેવા અને રથયાત્રાને ભવ્ય સફળ બનાવવા અનુરોધ કર્યો છે.

## પારડી પોલીસ દ્વારા વિશેષ ડ્રાઈવ યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૪ :** આગામી અષાઢી બીજના પાવન પર્વે યોજાનારી રથયાત્રાને ધ્યાનમાં રાખીને પારડી તાલુકા અને પારડી શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે પારડી પોલીસે તૈયારીઓ શરૂ કરી છે અને માહોલ ખરાબ ન થાય તે માટે તપાસના ધરી જ અને ગુનોહિત -વૃત્તિઓસાથેસંકળાયેલા મહિલા પુરુષોને ચેતવણી આપી છે રથયાત્રા દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને શાંતિપૂર્ણ માહોલમાં ઉત્સવ ઉજવાય તેવા આશયથી પારડી પોલીસ સ્ટેશનના પી.આઈ. વાય.બી. ગોહિલના માર્ગદર્શન હેઠળ એક વિશેષ ડ્રાઈવ યોજવામાં આવી હતી પોલીસ દ્વારા પારડી શહેર અને તાલુકા વિસ્તારમાં દારૂ સાથે સંકળાયેલા ૫૦થી વધુ મહિલા તેમજ પુરુષ બુટલેગરોને પોલીસ સ્ટેશન ખાતે બોલાવવામાં આવ્યા હતા. જ્યાં તમામની કડક પૂછપરછ અને ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. પી.આઈ. વાય.બી. ગોહિલ દ્વારા આ તમામ બુટલેગરોને ગેરકાયદેસર -વૃત્તિઓ તાત્કાલિક ધોરણે બંધ કરવા માટે કડક શબ્દોમાં ચેતવણી આપવામાં આવી હતી, તેમજ કાયદાના ભંગ બદલ તેમની સામે અટકાયતી પગલાં લેવામાં આવ્યા હતા -ોહિબિશન -વૃતિઓ સાથે સંકળાયેલા, ગેરકાયદેસર અને અસામાજિક -વૃત્તિ છોડીને સમાજમાં સન્માનભેર જીવવા માટે અન્ય કોઈ સારો કે કાયદેસરનો ધંધો-રોજગાર શરૂ કરવા માટે યોગ્ય માર્ગદર્શન અને -ોત્સાહન પણ પૂરું પાડવામાં આવ્યું હતું. જગન્નાથ રથયાત્રા પૂર્વે પારડી પોલીસની આ સપાટાભેર કામગીરીથી અસામાજિક તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે

## પારડીના ભાણીબેન પ્રજાપતિએ અંતિમ ક્ષણોમાં ચક્ષુદાન કર્યા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૪ :** પારડી -જાપતિ સમાજના સ્વર્ગસ્થ ભાણીબેન લલ્લુભાઈ -જાપતિ એ પોતાના અંતિમ ક્ષણોમાં ચક્ષુદાન કરીને આજના સમાજ માટે એક ઉત્તમ -ેરણા આપી હતી પારડી વલસાડી ઝાપા કુંભારવાડમાં રહેતા શ્રી -જાપતિ ઉત્કર્ષ મંડળના -મુખ ધનસુખભાઈ -જાપતિ ના માતૃશ્રી ભાણીબેન લલ્લુભાઈ -જાપતિ કે જેમનો દસમી જુલાઈ ૨૦૨૬ ના રોજ અવસાન થયું છે તેમની પહેલાથી જ ઈચ્છા હતી કે એમના ચક્ષુ આંખ ધ્યાનમાં આપી કોઈ બીજાને દુનિયા જોવા માટે મળે એમની ઈચ્છા મુજબ ધનસુખભાઈ અને પરિવારે એમના મૃત્યુ બાદ એમના ચક્ષુ દાન કરી દીધા હતા ખરેખર એમની દાન -ેરણા ને દરેક સમાજે પોતાના જીવનમાં ઉતારી પોતાની મૃત્યુ બાદ ચક્ષુનું દાન કરવા જોઈએ એ ખરેખર ખૂબ જ ઉત્તમ દાન છે જેના થકી લોકો જેમને આંખ નથી એવો દુનિયા જોઈ શકે છે.

## મોતીવાડામાં આઈ ચેકઅપ કેમ્પ યોજાયો

**મફત નેત્ર યજ્ઞનો ૨૮૯ દર્દીઓએ લાભ લીધો : ૨૨૧ દર્દીઓને ફ્રીમાં ચશ્માનું વિતરણ કરાયું : ૨૪ દર્દીઓને મોતિયાના ઓપરેશન કરાશે**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૪ :** અતુલ રૂરલ ડેવલોપમેન્ટ ફંડ તથા આર એન સી ફ્રી આઈ હોસ્પિટલ વલસાડ દ્વારા આયોજિત મફત નેત્ર યજ્ઞ દક્ષિણ વિભાગ કોળી સમાજ મંડળ ના સહયોગથી પારડી તાલુકાના મોતીવાડા ગામમાં આવેલ દક્ષિણ વિભાગ કોળી સમાજના હોલમાં કરવામાં આવ્યો હતો જેમાં ૨૮૯ દર્દીઓએ લાભ લીધો ૨૨૧ દર્દીઓને ફ્રી માં ચશ્મા આપવામાં આવ્યા તેમજ ૨૪ દર્દીઓ મોતિયાના ઓપરેશન માટે તૈયાર થયા હતા આ સમગ્ર કાર્યક્રમ માટે દક્ષિણ વિભાગ કોળી સમાજ મંડળ ના -મુખ હરેશભાઈ પટેલ તેમજ મંત્રીઈશ્વરભાઈ પટેલ તેમજ કારોબારી સભ્ય શ્રી જયદીપભાઈ પટેલનો સહયોગ મળ્યો હતો અને મોતીવાડા હાઈસ્કુલ આચાર્ય પટેલ જઈનાબેન નો પણ ખુબ સહકાર મળ્યો આ માટે અતુલ રૂરલ ડેવલોપમેન્ટ ફંડ નો દક્ષિણ વિભાગ કોળી સમાજ મંડળ ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરે છે આવા કાર્યક્રમ માટે હંમેશા સહકાર મળશે તેમજ -ોત્સાહન મળશે એવી સહયોગની ભાવના વ્યક્ત કરી છે.

## બગવાડા હાઈ.માં પ્રથમવાર વિદ્યાર્થી મંત્રી મંડળનો કાર્યક્રમ યોજાયો



દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૪ :** શ્રી બગવાડા પરગણા જૈન એજ્યુકેશન સોસાયટી સંચાલિત શેઠ જી. એચ. એન્ડ ડી.જે.સાર્વજનિક હાઈસ્કૂલ બગવાડામાં શાળાના ઈતિહાસમાં સૌ-થમવાર વિદ્યાર્થી મંત્રીમંડળનું આયોજન કરવામાં આવ્યું હતુ અને કાર્યક્રમ યોજાયો હતો આ કાર્યક્રમમાં શાળાના ઉપ-મુખ ઉજેશભાઈ શાહ અને મંત્રી દિનેશભાઈ શાહ એડવૉકેટ ઉપસ્થિત રહ્યા હતા કાર્યક્રમની શરૂઆત -ાર્થનાથી કરવામાં આવી હતી મંચસ્થ મહેમાનોનું શાબ્દિક અને પુસ્તક આપી સ્વાગત કરવામાં આવ્યું હતું શાળામાં હેડ બોય અને હેડ ગર્લની ઈલેક્શનથી નહીં પરંતુ સિલેક્શનથી નિમણૂક કરવામાં આવી હતી શાળાના ધોરણ ૧૨ ખ નો વિદ્યાર્થી પટેલ જૈનિકની હેડ બોય તરીકે નિમણૂક કરવામાં આવી અને ૧૨ખની વિદ્યાર્થીની હળપતિ યાઈશાને હેડ ગર્લ તરીકે નિમણૂક કરી હતી ઉપ-મુખ ઉજેશભાઈ શાહે હેડ બોયને અને મંત્રી દિનેશભાઈ શાહે હેડ ગર્લને બેચ પહેરાવ્યા હતો આ બંને વિદ્યાર્થીઓને શાળાના મંત્રી દિનેશભાઈએ શપથ લેવડાવ્યા હતા ત્યારબાદ તમામ કમિટીના કન્વીનરોને બેચ પહેરાવી મંત્રી દિનેશભાઈ શાહ એડવૉકેટદ્વારા શપથ લેવડાવ્યા. તેઓએ આ તબક્કે -સંગોચિત ઉદબોદન કર્યું હતું અને વિદ્યાર્થીઓને લોકશાહી રીતે ભવિષ્ય મા કાર્ય કરવાની સમજણ મળી રહેએવુ જણાવી સૌને અભિનંદન પાઠવીને શુભેચ્છા આપી હતી ત્યારબાદ હેડ ગર્લ અને હેડ બોયે પોતાના -તિભાવો રજૂ કર્યા હતા શાળાના આચાર્યએ -સંગોચિત ઉદબોદનમાં વિદ્યાર્થી મંત્રી મંડળને તેમની ફરજો, જવાબદારી, નેતૃત્વની સમજ આપી હતી વિદ્યાર્થીઓ અને શાળા વિકાસમાં એમનો રોલ સમજાવ્યો હતો.શાળાના શિક્ષક દર્પણભાઈ સોલંકી એ આભાર વિધિ કરી હતી.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક નરેન્દ્રભાઈ રોહિત દ્વારા કરવામાં આવ્યું હતું વિદ્યાર્થી મંત્રી મંડળ વર્ષ ૨૦૨૬- ૨૭ શિસ્ત સમિતિ સફાઈ સમિતિ આરોગ્ય સમિતિ -ાર્થના સમિતિ સાંસ્કૃતિક અને સાહિત્યિક સમિતિ ગણિત વિજ્ઞાન -વૃત્તિ સમિતિ રમતગમત -વૃત્તિ સમિતિ આપત્તિ વ્યવસ્થાપન સમિતિ બનાવવામાં આવી હતી.

## દશવાડા હાઈસ્કુલમાં સાયબર અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૪ :** વધતા જતા સાયબર ગુનાઓ અને મહિલા સુરક્ષાને ધ્યાનમાં રાખીને પારડી તાલુકાના પરીયા-દશવાડા ડી.આર.જી.ડી. એન્ડ પી.એમ.જે. હાઈસ્કૂલ ખાતે એક વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્યા સ્મૃતિબેન દેસાઈ તથા સમગ્ર શિક્ષક સ્ટાફના સહયોગથી આયોજિત આ કાર્યક્રમમાં પારડી પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા વિદ્યાર્થીઓને સુરક્ષા અને કાયદાકીય કલ્યાણ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. પારડી પોલીસ સ્ટેશનના અધિકારીઓ અને જવાનોએ કાર્યક્રમમાં હાજર રહીને વિદ્યાર્થીનીઓને રોજિંદા જીવનમાં ઉપયોગી બને તેવી બાબતો સમજાવી હતી એ.એસ.આઇ. ચંદુભાઇ સુરપાલભાઇ, એ.એસ.આઇ. શર્મિલાબેન કેવલભાઇ તેમજ મહિલા પોલીસ કોન્સ્ટેબલ દિપીકાબેન, વૈશાલીબેન, સોનલબેન અને હેમલતાબેન દ્વારા દીકરીઓને ગુડ ટચ અને બેડ ટચ વચ્ચેનો તફાવત સમજાવવામાં આવ્યો હતો. આ સાથે જ મુશ્કેલ સમયમાં પોતાનું રક્ષણ કરવા માટે સેલ્ફ ડિફેન્સ વિશે માહિતી આપવામાં આવી હતી. આજનો યુગ ડિજિટલ છે

ત્યારે સાયબર એક્સપર્ટ પોલીસ કોન્સ્ટેબલ હાર્દિકસિંહ અને હિરલભાઈએ સોશિયલ મીડિયાના સુરક્ષિત ઉપયોગ અને સાયબર ફ્રોડથી કેવી રીતે બચવું તેની ટેકનિકલ માહિતી આપી હતી. વિદ્યાર્થીઓને ટ્રાફિકના નિયમોનું પાલન કરવા અને નાની ઉંમરે વ્યસનોથી દૂર રહી એક સક્ષમ નાગરિક બનવા માટે અપીલ કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે શાળાના -િન્સિપાલ સ્મૃતિબેન દેસાઈએ પારડી પોલીસની આ સરાહનીય કામગીરીને બિરદાવી હતી.

## પારડીની જે.પી. પારડીવાલા કોલેજમાં વર્ષાગીત સ્પર્ધા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૪ :** જે. પી. પારડીવાલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, કિલ્લા પારડીની સાંસ્કૃતિક સમિતિ દ્વારા કોલેજના સેન્ટ્રલ હોલ ખાતે વર્ષા ગીત સ્પર્ધા નું સફળ આયોજન કૉલેજના ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ફાલ્ગુનીબેન દેસાઈના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં કોલેજના કુલ ૧૨ વિદ્યાર્થીઓએ નામ નોંધાવ્યા હતા, જેમાંથી ૫ સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ વર્ષાઋતુને અનુરૂપ ગુજરાતી અને સંસ્કૃત ગીતોની સુંદર રજૂઆત કરી હતી. સ્પર્ધકોએ પોતાના મધુર સ્વર, સંગીત -ત્યેની રૂચિ અને કલાત્મક અભિવ્યક્તિ દ્વારા ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા નિર્ણાયકોએ સ્વર, તાલ, અભિવ્યક્તિ, વિષયાનુરૂપતા અને મંચ પરની રજૂઆત જેવા વિવિધ માપદંડોના આધારે સ્પર્ધકોનું મૂલ્યાંકન કર્યું હતું. -થમ ક્રમે નાયકા -િયા સી., દ્વિતીય ક્રમે પટેલ ક્રિના આર. અને તૃતીય ક્રમે ટંડેલ -ીન્સી આર. વિજેતા જાહેર થયા હતા. ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ફાલ્ગુનીબેન દેસાઇ અને નિર્ણાયકશ્રી -ા. -તિમાબેન મિસ્ત્રી અને -ા.ડૉ. સતવિન્દર કૌર ધંજલએ વિદ્યાર્થીઓને ઈનામો એનાયત કરીને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

આ -સંગે કોલેજના ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ફાલ્ગુનીબેન દેસાઈએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે, આવી સાંસ્કૃતિક -વૃત્તિઓ વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, સર્જનાત્મકતા, વ્યક્તિત્વ વિકાસ અને કલાત્મક -તિભાના વિકાસ માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે કર્યક્રમને સફળ બનાવવા સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ -ા.ડૉ.બિંદુ ત્રિવેદી, -ા. ડૉ. વૈશાલી ચાવડા અને -ા. ડૉ. તરુલતા માહ્યાવંશીએ મહત્વની કામગીરી બજાવી હતી. આ કાર્યક્રમમાં-ા. જિતેન્દ્રભાઈ ટંડેલ, -ા. મુકેશસિંહ સોલંકી અને -ા.ડૉ. રશ્મિ પરમારે ખાસ ઉપસ્થિત રહીને સ્પર્ધકોનો ઉત્સાહ વધાર્યો હતો. અંતમાં સમહુ રાષ્ટ્રગાન કરી કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

## પારડીની એન.કે. દેસાઈ કોલેજમાં 'લાઈફ ઈન ધ એજ ઓફ એઆઈ' સેમિનાર યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૪ :** કિલ્લા પારડી સ્થિત એન. કે. દેસાઈ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ન્ફ્શ્ફૂ ફ્ઁ દત્ફૂ ખ્ફૂિ શ ખ્ત વિષય પર એક માહિતીસભર અને -ેરણાદાયી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું આ સેમિનારમાં મુખ્ય વક્તા તરીકે શ્રી લિમેશ પારેખ, ૌંર્ઞિંઝિઝ્ર-શ્ફ્ઘૂણ્દ્શ્ ઘ્ઃ, ઍર્ીક્ક ત્ હ્નશ્ર્ચદર્ઢ્ઁ ન્દ્ફૂ. ઉપસ્થિત રહ્યા હતા. તેમણે કૃત્રિમ બુદ્ધિમત્તા ખ્તના વર્તમાન અને ભવિષ્યમાં વધતા -ભાવ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતુ વિદ્યાર્થીઓ અને અધ્યાપકોના ખ્તસંબંધિત -ોના સરળ અને વ્યવહારુ જવાબો આપી તેમણે વિવિધ ગેરસમજો દૂર કરી હતી



તેમણે ખ્તના યુગમાં બદલાતી કારકિર્દીની તકો, ભવિષ્યમાં જરૂરી બનનારી કૌશલ્યો, શિક્ષણ, વ્યવસાય અને રોજગાર ક્ષેત્રે ખ્તની ભૂમિકા તેમજ જવાબદારીપૂર્વક ખ્તનો ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે માર્ગદર્શન આપ્યું. સાથે જ તેમણે ખ્તના ભવિષ્યના રોડમેપ અંગે પણ મહત્વપૂર્ણ વિચારો રજૂ કર્યા હતા સેમિનારમાં વિદ્યાર્થીઓ, અધ્યાપકો તથા સ્ટાફ સભ્યોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને -ોત્તરી સત્રમાં સક્રિય સહભાગિતા દર્શાવી હતી ઉપસ્થિત સૌએ આ કાર્યક્રમને ખૂબ જ ઉપયોગી અને જ્ઞાનવર્ધક ગણાવ્યો હતો કાર્યક્રમના આયોજનમાં ડૉ. શિવાની આચાર્ય તથા કોલેજ પરિવારનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો હતો આ સમગ્ર કાર્યક્રમ કોલેજ ના કેમ્પસ ડિરેક્ટર ડૉ . દિપેશ શાહ ના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક યોજાયો હતો. અંતે મહેમાનનો આભાર વ્યક્ત કરી કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું

## કોટલાવ અને નવીનગરી પ્રા. શાળામાં શૈક્ષણિક કીટનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૪ :** પારડી તાલુકાના કોટલાવ -ાથમિક શાળા તેમજ નવી નગરી -ાથમિક શાળા માં લાયનસ કલબ પારડી દ્વારા સ્ર્ઙ્ગૈંદ્યશ્વફૂ ષ્ટશ્વંસ્ર્ફૂણૂદ નોટબુક તેમજ સ્કેલ પેન્સિલ શારપનર રબર વિતરણ કાર્યક્રમ યોજાયો હતો આ કાર્યક્રમ ના સ્પોન્સર છેલ્લા ૨૩ વર્ષ થી ઝર્દ ઁદફૂ-ણુંત્ત ફુજ્ઞ્સ્દશ્વજ્ઞણુયદર્ઢ્ઁ ફૂફુચર્ણીદર્ઢ્ઁ શ્રી દિનેશ પટેલ પ્ભ્જ કરી રહ્યા છે સાથે બાળકો ને બિસ્કીટ નું વિતરણ કરવામાં આવ્યું હતું આ -સંગે શ્રર્જ્ઞ્સ્ ઝર્જ્ઞ્સ્-દશ્વજ્ઞણૂદ ર્ેરુફ્શ્વઁશ્વ હેમલ પટેલ બીપીનભાઈ પટેલ જાનકી ત્રિવેદી મીનાબેન ભક્તિબેન દિનેશભાઈ પટેલ કિર્તીભાઈ ખીલોસિયા રામસિંહ દેસાઈ શાળાના આચાર્ય ધીરજભાઈ શિક્ષક ભાઈ બહેનો સહિત વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા વિદ્યાર્થીઓને નોટબુક વડે અભ્યાસ કરી જીવનમાં એન્જિનિયર ડોક્ટર વગેરે બનવા માટે શીખ આપવામાં આવી હતી.

## ખડકીમાં અજગરનું રેસ્કયુ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૪ :** પારડી તાલુકાના ખડકી ગામમાં રહેતા એક વ્યક્તિના ત્યાં અજગર સાપ ઘૂસી ગયા બાદ પાર્ટી જીવ દયા ગ્રુપના સભ્યોએ એનું રેસ્ક્યુ કરી લોકોને બચાવી લીધા હતા ખડકી રેહતા જયંતીભાઈ પટેલ ના મરઘાં ના ફાર્મ માં એક મહાકાય અજગર ઘૂસી ગયો હતો , જેણે મોટો મરઘા નો શિકાર કરી લીધો હતો , ત્યારબાદ જીવદયા ગ્રુપ પારડી ના -મુખ અલીભાઈ અન્સારીના માર્ગદર્શન હેઠળ ના સભ્યો યાસીન મુલતાની અને રિશી ઠાકુર ઘટના સ્થળે પોહચી ગયા હતા અને આ ૭-૮ ફૂટ લાંબા મહાકાય અજગર નો સફળતા પૂર્વક રેસ્ક્યુ કરી એને જંગલ વિસ્તાર માં મુક્ત કરવા માં આવ્યો હતો . ખાસ નોંધ આ અજગર સાપ જે મરઘો શિકાર કરી ખાઈ ગયો હતો એને જીવદયા ગ્રુપ ના મેમ્બર્સ રેસ્ક્યુઅર્સ એ જાણી જોઈ ને બાર કઢાઈવું નથી , આ અજગર સાપ અથવા બીજું કોઈ પણ સરી-સર્પ હોઈ એ પોતાના શરીર ને હલકો કરી ભગવા અથવા પોતાના બચાવ માટે ખાઈ ગેલા ખોરાક ને જાતે જ બાર કાઢી મૂકી છ! કોઈ પણ સાપ દેખાય તો એને મારવું નહીં જીવદયા ગ્રુપ નું કોન્ટેક્ટ કરવું મોબાઈલ નંબર છે ૯૯૯૮૫૫૩૮૮૨ સંપર્ક કરી શકો છો એને પકડાવી શકો છો.

## પારડી કોલેજમાં રિયુનિયન કાર્યક્રમ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૪ :** પારડીમાં જેપી પારડીવાલા આર્ટસ અને કોમર્સ કોલેજના કોમર્સ વિભાગના વર્ષ ૨૦૦૧-૦૨થી ૨૦૦૩-૦૪ના પૂર્વ વિદ્યાર્થીઓએ ૨૨ વર્ષ બાદ રિયુનિયનનું આયોજન કર્યું હતું. મિત્રતા અને સંસ્મરણોની અનોખી ઉજવણી પણ કરી હતી. આ -સંગે અમદાવાદ, મુંબઈ, સુરત, સુરત,બિલીમોરા, સિલ્વાસા, દમણ, ભીલાડ ૨ સહિતના વિવિધ શહેરોમાંથી ૭૫ જેટલા પૂર્વ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત રાષ્ટ્રગાનથી કરવામાં આવી હતી ત્યારબાદ પૂર્વ -ધ્યાપકોના અમૂલ્ય યોગદાનને યાદ કરવામાં આવ્યું હતું. તેમનો

સન્માનપૂર્વક આદર પણ વ્યક્ત કરવામાં આવ્યો હતો. વર્ષો બાદ મળેલા મિત્રો વચ્ચે કોલેજ જીવનની યાદો તાજી થઈ હતી. મિત્રતાના બંધનને વધુ મજબૂત બનાવતા આ મિલન સમારોહમાં સૌએ ભવિષ્યમાં પણ નિયમિત રીતે મળવાનું નક્કી કર્યું હતું આ -સંગે પૂર્વ વિદ્યાર્થીઓએ રિયુનિયન ગ્રુપના માધ્યમથી શિક્ષણ, આરોગ્ય, પર્યાવરણ અન્ય સમાજોપયોગી કાર્યોમાં યથાશક્તિ યોગદાન આપવાનો સંકલ્પ પણ વ્યક્ત કર્યો હતો. હાસ્ય, લાગણી, અવિસ્મરણીય સંસ્મરણોથી ભરપૂર આ કાર્યક્રમ સૌના હૃદયમાં ચિરંજીવ યાદગાર બની રહ્યો હતો.

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો
કુલદિપસિંહ : ૯૮૭૯૩૭૪૬૦૫

દમણગંગા ટાઇમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Wednesday 15, July 2026


## સોશિયલ મીડિયાથી યુવાધનને બચાવો

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન સાથે ચર્ચા-વિચારણા અને વાટાઘાટ કરીને વ્યાપાર ઉદ્યોગમાં સહયોગની સમજૂતી કરી છે તે મહત્ત્વની અને ભારતના વિકાસ માટે ઘણી લાભદાયક છે, પણ આ ઉપરાંત વડાપ્રધાન મોદીએ ઓસ્ટ્રેલિયાની સરકારે સોશિયલ મીડિયાના ઘોર દુરુપયોગ અને કિશોર વયનાં બાળકો ઉપર તેની અસર રોકવા માટે જે કાનૂની પગલાં લીધાં છે તેની ભારોભાર પ્રશંસા કરી છે. એટલું જ નહીં, ઓસ્ટ્રેલિયાના અનુભવ ઉપરથી ભારતને ઘણું જાણવા-શીખવા મળ્યું છે એમ પણ કહીને ભારત હવે કિશોરોની નવી પેઢીને સોશિયલ મીડિયાના કુ-ચારનો ભોગ બનતી બચાવવા માટે અનુકરણ કરશે એવો નિર્દેશ પણ આપ્યો છે, જે આવકારપાત્ર છે. સોશિયલ મીડિયાના નિરઅંકુશ પ્રસારનો પ્રભાવ બાળકોનાં માનસ ઉપર પડે છે - તે કોઈ કેફી દ્રવ્યના વ્યસનની જેમ બરબાદી કરે છે અને આ વાસ્તવિક ભયસ્થાનની ચર્ચા હવે વિશ્વમાં થઈ રહી છે, ચિંતા પણ વ્યક્ત થાય છે, પણ ઘણા ઓછા દેશોએ તેમની ઊગતી યુવા પેઢીને બચાવવાના પ્રયાસ કર્યા છે. હકીકતમાં સમૃદ્ધ દેશોમાં જે છૂટછાટ અને યુવા પેઢીને અમર્યાદ આઝાદી આપી છે તેની અસર દુનિયાના વિકસતા દેશો ઉપર પડી છે. પરિણામે સમસ્ત યુવા પેઢીનું ભવિષ્ય બરબાદી તરફ ધકેલાઈ રહ્યું છે. ભારતમાં આઈટી વિભાગના પ્રધાન અશ્વિની વૈષ્ણવે પણ આ દિશામાં ભયસૂચક રેડ લાઈટ બતાવી છે અને સોશિયલ મીડિયા કંપનીઓ સાથે ચર્ચા કરીને શ્રોતા પ્રદર્શકોની વયને આધારિત નિયંત્રણો મૂકવાની વિચારણા થઈ છે અને હજુ થઈ રહી છે, ત્યારે વડાપ્રધાન મોદીએ નિર્દેશ આપ્યા પછી આ દિશામાં ઝડપી પગલાં આવવાની આશા વધી છે, હકીકતમાં હવે રાહ જોવાઈ રહી છે. ઓસ્ટ્રેલિયાએ ૧૬ વર્ષથી ઓછી વયના કિશોર વર્ગ માટે સોશિયલ મીડિયાની બારી બંધ કરવાની કાનૂની જોગવાઈ કરી છે. વિશ્વભરમાં ઓસ્ટ્રેલિયા પ્રથમ દેશ છે, જ્યાં ઈન્સ્ટાગ્રાફ, ફેસબૂક, ટિકટોક, યુ-ટયુબ તથા સ્નેપચેટ જેવાં પ્લેટફોર્મનો ઉપયોગ સોળ વર્ષથી નીચેની વયનાં બાળકો માટે પ્રતિબંધિત છે. વડાપ્રધાન મોદીએ કહ્યું છે કે, ઓસ્ટ્રેલિયાએ કરેલી પહેલ સમગ્ર દુનિયા માટે પ્રેરણા, માર્ગસૂચક છે. ભારતમાં કર્ણાટકમાં સોળ વર્ષની વય સુધીનાં બાળકો માટે પ્રતિબંધ મૂકવાનો પ્રસ્તાવ છે. આંધ્રમાં તેર વર્ષની વયમર્યાદા છે અને ગોવામાં પણ તૈયારી થઈ રહી છે. વડાપ્રધાને સ્પષ્ટ નિર્દેશ આપ્યા પછી હવે ભારતભરમાં - અન્ય રાજ્યોએ આ દિશામાં સમયસર અને વયબદ્ધ નિયંત્રણો જાહેર કરવા જોઈએ. સોશિયલ મીડિયાના નિરંકુશ ઉપયોગ બાળમાનસ પર વિપરીત અસર કરે છે, કિશોર વયે આવતો ઉશ્કેરાટ, સ્ટ્રેસની ગંભીર અસર નીપજાવે છે. રમવાની, જાણવાની, ભણવાની, વિકસવાની ઉંમરે મોબાઈલ, લેપટોપમાં બંધાઈ જતા ભારતીય બાળમાનસને પણ યોગ્ય નિયંત્રણ સાથે ઉગારી લેવાની આવશ્યકતા છે.

# ભારત સરહદોની સુરક્ષા માટે હાઈ ઑલ્ટિટ્યુડ એરશિપ બનાવશે

## ૨૦ કિલોમીટરથી વધુ ઊંચાઈએ મહિનાઓ સુધી ઉડી શકશે એરશિપ; ચીનની ગતિવિધિઓ પર નજર રાખવામાં મળશે મદદ



(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૪ : ભારત પોતાની સંરક્ષણ ક્ષમતાને વધુ મજબૂત બનાવવા માટે હાઈ ઑલ્ટિટ્યુડ એરશિપ (High Altitude Airship) વિકસાવવાની મહત્ત્વાકાંક્ષી યોજના પર કામ શરૂ કરી રહ્યું છે. અંદાજે ૧૫ હજાર કરોડના ખર્ચે તૈયાર થનારો આ પ્રોજેક્ટ સંરક્ષણ મંત્રાલયની 'મેક-૧' યોજના હેઠળ અમલમાં મૂકવામાં આવશે. આ સ્વદેશી એરશિપ ૨૦ કિલોમીટરથી વધુ ઊંચાઈએ લાંબા સમય સુધી ઉડાન ભરવામાં સક્ષમ હશે અને સરહદી વિસ્તારોમાં સતત દેખરેખ રાખવા, ગુપ્તચર માહિતી એકત્રિત કરવા તેમજ સંદેશાવ્યવહાર વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, આ પ્રોજેક્ટ ભારતીય વાયુસેનાના ડાયરેક્ટોરેટ ઓફ ઓપરેશન્સની દેખરેખ હેઠળ વિકસાવવામાં આવશે.

એરશિપને 'એરશિપ-બેઝ્ડ હાઈ ઑલ્ટિટ્યુડ સ્યુડો સેટેલાઈટ (HAPS)' તરીકે વિકસાવવામાં આવશે, જે મહિનાઓ સુધી આકાશમાં રહીને સતત કામગીરી કરી શકશે. તેમાં અત્યાધુનિક રડાર, હાઈ-રિઝોલ્યૂશન કેમેરા અને ઈલેક્ટ્રોનિક ઈન્ટેલિજન્સ સિસ્ટમ જેવી આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવશે.

નિષ્ણાતોના જણાવ્યા મુજબ, આ સિસ્ટમ ડ્રોન અને સેટેલાઈટ વચ્ચે રહેલા ટેક્નિકલ અંતરને દૂર કરશે. સામાન્ય ડ્રોન આશરે ૧૨ કિલોમીટર સુધીની ઊંચાઈએ કાર્ય કરી શકે છે, જયારે લો-અર્થ ઓર્બિટ સેટેલાઈટ્સ ૫૦૦થી ૨,૦૦૦ કિલોમીટરની ઊંચાઈએ કાર્યરત હોય છે. હાઈ ઑલ્ટિટ્યુડ એરશિપ આ બંને વચ્ચે રહીને લાંબા સમય સુધી એક જ વિસ્તારમાં સતત નજર રાખવાની સુવિધા પૂરી પાડશે. ઉપરાંત, તે જમીન પરથી સેટેલાઈટ સુધી સુરક્ષિત ડેટા ટ્રાન્સમિશનમાં પણ મદદરૂપ બનશે.

સંરક્ષણ મંત્રાલય આ પ્રોજેક્ટ માટે ઓછામાં ઓછી બે ખાનગી ભારતીય કંપનીઓની પસંદગી કરશે. કંપનીઓની પસંદગી તેમની ટેક્નિકલ કુશળતા, સંશોધન ક્ષમતા અને નાણાકીય સક્ષમતાના આધારે કરવામાં આવશે. સરકાર સંશોધન અને વિકાસ ખર્ચનો મોટો હિસ્સો પણ વહન કરશે, જેથી સ્વદેશી ટેક્નોલોજીને પ્રોત્સાહન મળી શકે.ભારતે મે ૨૦૨૫માં મધ્યપ્રદેશમાં લગભગ ૧૭ કિલોમીટરની ઊંચાઈએ એરશિપનું સફળ પરીક્ષણ કર્યું હતું. હવે નવા પ્રોજેક્ટ દ્વારા વધુ ઊંચાઈ અને લાંબા સમય સુધી કામગીરી કરવાની ક્ષમતા વિકસાવવામાં આવશે.સંરક્ષણ નિષ્ણાતોના મતે, આ એરશિપ ભારત માટે વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે.

ખાસ કરીને ચીન સાથેની સરહદો પર સતત દેખરેખ, સંવેદનશીલ વિસ્તારોની મોનિટરિંગ અને રિયલ-ટાઈમ ઈન્ટેલિજન્સ મેળવવામાં આ ટેક્નોલોજી મહત્વની ભૂમિકા ભજવશે. સાથે જ ભવિષ્યમાં દેશની સર્વેલન્સ અને સુરક્ષા વ્યવસ્થાને નવી દિશા મળશે.

## વિયેતનામ બોટ દુર્ઘટના બાદ ૧૫ ભારતીયોના પાર્થિવ દેહ વતન પહોંચ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ, તા.૧૪ : વિયેતનામના ફૂ ક્વોક ટાપુ નજીક થયેલા દુઃખદ બોટ અકસ્માતમાં જીવ ગુમાવનારા ૧૫ ભારતીય નાગરિકોના પાર્થિવ દેહ લઈને વિશેષ વિમાન મુંબઈ પહોંચી ગયું છે. હનોઈ સ્થિત ભારતીય દૂતાવાસે આ અંગે માહિતી આપતાં જણાવ્યું કે, કેન્દ્ર સરકાર, ભારતીય દૂતાવાસ અને સંબંધિત રાજ્ય સરકારો મૃતકોના પાર્થિવ દેહ તેમના પરિવારજનો સુધી ઝડપથી પહોંચે તે માટે સંકલિત કામગીરી કરી રહ્યા છે.

ભારતીય દૂતાવાસે જણાવ્યું કે પાર્થિવ દેહોને મુંબઈ એરપોર્ટ પરથી સંબંધિત રાજ્યોમાં મોકલવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. રાજ્ય સરકારો અને સ્થાનિક વહીવટી તંત્ર પરિવારજનો સાથે સતત સંપર્કમાં રહી જરૂરી સહાય પૂરી પાડી રહ્યા છે. દૂતાવાસે મૃતકોના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરતાં જણાવ્યું કે સમગ્ર ભારતીય રાજદ્વારી તંત્ર આ મુશ્કેલ સમયમાં પરિવારોની સાથે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ૧૧ જુલાઈએ વિયેતનામના લોકપ્રિય પ્રવાસન સ્થળ ફૂ ક્વોક નજીક એક સ્પીડબોટ દુર્ઘટનાગ્રસ્ત થઈ હતી. બોટમાં ભારતીય પ્રવાસીઓ ઉપરાંત સ્થાનિક ક્રૂના સભ્યો પણ સવાર હતા. અકસ્માતમાં ૧૫ ભારતીય પ્રવાસીઓના મોત થયા હતા, જ્યારે અન્ય ૧૬ લોકોને બચાવી લેવામાં આવ્યા હતા. બચાવાયેલા મોટાભાગના પ્રવાસીઓ સારવાર બાદ ભારત પરત ફરી ચૂક્યા છે.

અહેવાલો મુજબ, અકસ્માતમાં ઘાયલ થયેલા એક ભારતીય પ્રવાસીની હાલત હજુ પણ ગંભીર છે અને તેની ફૂ ક્વોકની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. ડૉક્ટરો તેની સ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છે.

વિયેતનામના અધિકારીઓએ સમગ્ર ઘટનાની સત્તાવાર તપાસ શરૂ કરી છે. પ્રાથમિક તપાસમાં બોટ સંચાલન અને સુરક્ષા સંબંધિત પાસાઓની તપાસ કરવામાં આવી રહી છે. સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર, તપાસના ભાગરૂપે સ્પીડબોટના સંચાલકની પૂછપરછ કરવામાં આવી રહી છે. જોકે, અકસ્માતનું ચોક્કસ કારણ હજુ સુધી જાહેર કરવામાં આવ્યું નથી.

## હોર્મુઝમાં તણાવથી ક્રૂડ ઓઈલમાં ઉછાળો




(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૪ : અમેરિકા અને ઈરાન વચ્ચે વધતા સૈન્ય સંઘર્ષની અસર હવે વૈશ્વિક અર્થવ્યવસ્થા પર સ્પષ્ટ રીતે જોવા મળી રહી છે. હોર્મુઝ સ્ટ્રેટમાં વધતા તણાવ અને વેપારી જહાજોની સુરક્ષા અંગે ઉભી થયેલી ચિંતાઓના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં નોંધપાત્ર તેજી જોવા મળી છે. મંગળવારે બ્રેન્ટ ક્રૂડનો ભાવ પ્રતિ બેરલ ૮૪ ડોલરથી ઉપર પહોંચી ગયો હતો, જ્યારે અમેરિકન ડબ્લ્યુટીઆઈ (WTI) ક્રૂડ પણ ૮૦ ડોલરની આસપાસ ટ્રેડ થઈ રહ્યો હતો. ઊર્જા બજારના નિષ્ણાતોનું માનવું છે કે જો મધ્ય પૂર્વમાં હાલનો સંઘર્ષ લાંબો ચાલશે તો ક્રૂડ ઓઈલ ફરી એકવાર ૧૦૦થી ૧૨૦ ડોલર પ્રતિ બેરલની સપાટીએ પહોંચી શકે છે.

હોર્મુઝ સ્ટ્રેટ વિશ્વના સૌથી વ્યસ્ત અને વ્યૂહાત્મક દરિયાઈ માર્ગોમાંનો એક છે. ઈરાન, ઓમાન અને યુનાઈટેડ આરબ અમીરાત (UAE) વચ્ચે આવેલો આ દરિયાઈ માર્ગ વૈશ્વિક ઊર્જા વેપાર માટે અત્યંત મહત્વનો માનવામાં આવે છે. દુનિયાના કુલ ક્રૂડ ઓઈલ અને એલએનજી (LNG) પુરવઠાનો લગભગ ૨૦ ટકા હિસ્સો આ માર્ગ પરથી પસાર થાય છે. આવી સ્થિતિમાં અહીં કોઈપણ પ્રકારની સૈન્ય કાર્યવાહી અથવા જહાજોની અવરજવરમાં વિક્ષેપ સર્જાય તો તેની સીધી અસર વૈશ્વિક તેલ બજાર અને ઊર્જા પુરવઠા પર પડે છે.તાજેતરના દિવસોમાં વેપારી જહાજો પર હુમલા અને ઓઈલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને લઈને ઉભી થયેલી સુરક્ષા ચિંતાઓને કારણે આંતરરાષ્ટ્રીય કોમોડિટી બજારમાં અસ્થિરતા વધી છે. રોકાણકારો સુરક્ષિત રોકાણ તરફ વળી રહ્યા છે, જ્યારે અનેક દેશો પોતાના વ્યૂહાત્મક ઓઈલ ભંડાર પર નજર રાખી રહ્યા છે.

વિશ્લેષકોનું કહેવું છે કે જો સંઘર્ષ વધુ વિકરાળ બનશે અને મુખ્ય ઓઈલ નિકાસ માર્ગો પ્રભાવિત થશે તો વૈશ્વિક સપ્લાય ચેઈન પર ગંભીર અસર થઈ શકે છે.

## સામાન્ય કાર માલિક પોતે માઈલેજ માપી શકતો નથી : નીતિન ગડકરી



(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૪ : દેશમાં E૨૦ પેટ્રોલને લઈને ચાલી રહેલી ચર્ચા વચ્ચે કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીનું એક નિવેદન ફરી વિવાદનું કેન્દ્ર બન્યું છે. તેમણે કહ્યું છે કે સામાન્ય કાર માલિક પોતાની ગાડીનું માઈલેજ ચોક્કસ રીતે જાતે માપી શકતો નથી અને વાહનનું વાસ્તવિક માઈલેજ જાણવા માટે કંપની દ્વારા અધિકૃત ડીલર પાસે ઉપલબ્ધ ટેસ્ટિંગ સિસ્ટમનો ઉપયોગ કરવો જોઈએ. તેમના આ નિવેદન બાદ સોશિયલ મીડિયા અને ઓટોમોબાઈલ ક્ષેત્રમાં નવી ચર્ચા શરૂ થઈ છે.

એક મીડિયા ઈન્ટરવ્યુ દરમિયાન મહિલા પત્રકારે દાવો કર્યો હતો કે E૨૦ પેટ્રોલનો ઉપયોગ શરૂ કર્યા બાદ તેમની કારનું માઈલેજ ઘટ્યું છે. તેના જવાબમાં ગડકરીએ કહ્યું કે સામાન્ય રીતે લોકો જે રીતે ફ્યુઅલ ભરાવીને કિલોમીટર ગણતા હોય છે, તે સંપૂર્ણ વૈજ્ઞાનિક પદ્ધતિ નથી. તેમના જણાવ્યા અનુસાર, વાહનનું સાચું માઈલેજ જાણવા માટે નિયંત્રિત પરિસ્થિતિમાં ખાસ ટેસ્ટિંગ સાધનોની જરૂર પડે છે, જે માત્ર અધિકૃત સર્વિસ સેન્ટર અથવા ડીલર પાસે ઉપલબ્ધ હોય છે.

E૨૦ પેટ્રોલ એટલે કે ૨૦ ટકા ઈથેનોલ અને ૮૦ ટકા પેટ્રોલનું મિશ્રણ. કેન્દ્ર સરકારનો હેતુ ક્રૂડ ઓઈલની આયાત પર નિર્ભરતા ઘટાડવાનો, પ્રદૂષણ ઓછું કરવાનો અને શેરડી આધારિત ઈથેનોલ ઉદ્યોગને પ્રોત્સાહન આપવાનો છે. જોકે, ઘણા વાહનચાલકોનો દાવો છે કે E૨૦ પેટ્રોલના ઉપયોગ પછી કેટલાક વાહનોમાં માઈલેજમાં ઘટાડો અનુભવાઈ રહ્યો છે.

## એનડીએના ૫૩ ટકા મતદારો ઈથેનોલ મિશ્રણના પક્ષમાં નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૪
દેશમાં ઈથેનોલ પૉલિસી ભારે ચર્ચાસ્પદ બની છે. દેશનો મોટો વર્ગ E-20 પેટ્રોલનો વિરોધ કરે છે. તેમને ડર છે કે ઈથેનોલ ભેળવેલા પેટ્રોલથી વાહનો ખરાબ થઈ જશે. એવરેજમાં કડાકો બોલી જશે અને એન્જિન વહેલું ખરાબ થઈ જશે. સી-વૉટરના એક સર્વેમાં જણાયું કે સત્તાધારી ગઠબંધન એનડીએના બહુમતી સમર્થકોમાં E-20નો ભારે વિરોધ છે. તેમને સરકારની આ પૉલિસી મંજૂર નથી. ૨૯ ટકા લોકો ઈથેનોલ બાબતે કોઈ નિર્ણય પર આવી શક્યા નથી.

કેન્દ્ર સરકારની ઈથેનોલ પૉલિસીએ દેશવ્યાપી ચર્ચા જગાવી છે. એક તરફ સરકાર સતત આ પૉલિસીનો બચાવ કરે છે અને તેને સલામત ગણે છે. બીજી તરફ જૂના વાહનોમાં તેનાથી નુકસાન થશે એવા તારણો રજૂ થઈ રહ્યાં છે. લોકોમાં ભારે મૂંઝવણ છે. ઈથેનોલનો ઉપયોગ કરવાથી લાંબાંગાળે શું થશે તે બાબતે તો કોઈ જ સત્તાવાર રિસર્ચ સરકારે પણ બહાર પાડ્યું છે. સરકાર માત્ર સાયન્ટિફિક રિસર્ચ જાહેર કર્યા વગર જ E-20ને સલામત ગણાવે છે.

આવી સ્થિતિ વચ્ચે સી-વૉટર્સે એક સર્વે હાથ ધર્યો હતો. ભાજપના નેતૃત્વમાં કેન્દ્રમાં એનડીએની સરકાર છે.

એનડીએને મત આપનારા લોકોમાંથી ૫૨.૫ ટકા લોકોએ સ્પષ્ટ શબ્દોમાં ઈથેનોલ-૨૦ પૉલિસીનો વિરોધ કર્યો. આ લોકોએ કહ્યું કે તેમને પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલ ભેળવવામાં આવે છે તે એમને પસંદ નથી. એનડીએના ૧૮.૧ ટકા લોકોએ જ ઈથેનોલ-૨૦નું સમર્થન કરીને એમાં વિશ્વાસ મૂક્યો હતો. એનડીએના ૨૯ ટકા મતદારો કોઈ નિર્ણય પર આવી શક્યા ન હતા.

### ટ્રમ્પ દ્વારા હોર્મુઝ સ્ટ્રેટમાં જહાજો પર ૨૦ ટકા ટેક્સ વસૂલવાની જાહેરાત બાદ

## અમેરિકાને કોઈ અધિકાર નથી : બ્રાઝિલના રાષ્ટ્રપતિ



(સંપૂર્ણ સમાચાર સેવા)
બ્રાસિલિયા, તા.૧૪ : અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા કાર્ગો જહાજો પર ૨૦ ટકા ટોલ ટેક્સ વસૂલવાની જાહેરાત બાદ આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચા અને વિરોધ શરૂ થયો છે.

બ્રાઝિલના રાષ્ટ્રપતિ લૂઈસ ઈનાસિયો લુલા દા સિલ્વાએ ટ્રમ્પના આ નિર્ણયની કડક ટીકા કરતાં કહ્યું કે અમેરિકા જેવા શક્તિશાળી દેશે દરિયાઈ લૂંટારું બનવાનો પ્રયાસ ન કરવો જોઈએ. તેમણે આ નિર્ણયને "જૂના જમાનાની ડાકુગીરી" સાથે સરખાવ્યો અને આંતરરાષ્ટ્રીય સમુદ્રી કાયદાનું પાલન કરવાની અમેરિકાને સલાહ આપી.

ટ્રમ્પે પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે અમેરિકા હવે હોર્મુઝ સ્ટ્રેટની સુરક્ષામાં વધુ સક્રિય ભૂમિકા ભજવશે. તેમના જણાવ્યા મુજબ આ જળમાર્ગમાંથી પસાર થતા તમામ વેપારી જહાજો પાસેથી ૨૦ ટકા ટોલ વસૂલવામાં આવશે, જેથી સુરક્ષા વ્યવસ્થાનો ખર્ચ ઉઠાવી શકાય. ટ્રમ્પે આ યોજના તાત્કાલિક અમલમાં મૂકવાની વાત પણ કરી હતી.

આ નિવેદન બાદ બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુલાએ જણાવ્યું કે હોર્મુઝ સ્ટ્રેટ આંતરરાષ્ટ્રીય જળમાર્ગ છે અને તેના ઉપયોગ માટે એકતરફી રીતે કોઈ દેશ ચાર્જ વસૂલી શકે નહીં.

તેમણે ભારપૂર્વક કહ્યું કે સમુદ્રી માર્ગો તમામ દેશો માટે મુક્ત અને સમાન અધિકાર સાથે ખુલ્લા રહેવા જોઈએ. તેમના મતે આવી કાર્યવાહી આંતરરાષ્ટ્રીય વેપાર અને વૈશ્વિક અર્થવ્યવસ્થા પર નકારાત્મક અસર કરી શકે છે.

હોર્મુઝ સ્ટ્રેટ વિશ્વના સૌથી મહત્વપૂર્ણ જળમાર્ગોમાંનો એક માનવામાં આવે છે. મધ્ય પૂર્વમાંથી નિકાસ થતું મોટા પ્રમાણમાં કાચું તેલ અને કુદરતી ગેસ આ માર્ગ દ્વારા વિશ્વના વિવિધ દેશોમાં પહોંચે છે. તેથી અહીં કોઈપણ પ્રકારનો વધારાનો ચાર્જ અથવા રાજકીય વિવાદ વૈશ્વિક ઊર્જા બજાર અને શિપિંગ ઉદ્યોગને સીધી અસર કરી શકે છે.

## રજનીકુમાર પંડ્યાનાં આત્મકથાત્મક સંભારણાંના પુસ્તક 'ઝંઝાવાત'નું પ્રકાશન થયું






**રજનીકુમાર** પંડ્યાનાં આત્મકથાત્મક સંભારણાંના પુસ્તક 'ઝંઝાવાત'નું પ્રકાશન ૧૧ જુલાઈ ૨૦૨૬ના રોજ થયું. ૩૭૬ પાનાં અને ૧૬ પાનાંમાં તસવીરો ધરાવતા પુસ્તકનાં ૧૧ પ્રકરણ અર્ધવાર્ષિક 'સાર્થક જલસો'માં પ્રગટ થયાં હતાં. પછીનાં સાત-આઠ પ્રકરણ જેટલું લખાણ (૩૯,૭૦૦ શબ્દો) તેમણે બીમારી પછીની અવસ્થામાં, ગુણવત્તામાં જરાય બાંધછોડ વિના, મોબાઈલ ફોન પર ટાઈપ કરીને લખ્યું અને ૧૫ માર્ચ ૨૦૨૫ના રોજ તેમનું અવસાન થયું, તેના થોડા દિવસ પહેલાં પૂરું કર્યું હતું. સાર્થક પ્રકાશન આયોજિત સમારંભમાં રજનીકુમાર પંડ્યાના ૬૫ વર્ષ જૂના મિત્ર-વિખ્યાત હાસ્યકાર રતિલાલ બોરીસાગર, વાર્તાકાર કિરીટ દૂધાત, લેખક-વિશ્લેષક ચંદુ મહેરિયા તથા લેખક-સંપાદક બીરેન કોઠારી ઉપસ્થિત રહ્યા અને રજનીકુમારના સાહિત્ય-લેખન-જીવનનાં વિવિધ પાસાં વિશે બોલ્યા. રજનીકુમારનાં દીકરા-જમાઈ-દોહિત્રી તર્જની-ચિરાગ-અનુશ્રીની મંચ પર ઉપસ્થિતિમા પુસ્તક ખુલ્લું મુકાયું. ૬ જુલાઈ ૧૯૩૮ના રોજ જન્મેલા રજનીકુમારના નાટકીયતાથી ભરપૂર જીવનનાં ૧૯૫૭થી ૧૯૮૧ સુધીનાં ૨૫ વર્ષની રોમાંચક કથા આ પુસ્તકમાં સમાવિષ્ટ છે, તેમના મિત્રો વસંત દેસાઈ, વીનેશ પટેલ અને નટુભાઈ અંબાણી સાથેની દોસ્તીના વિવિધ પડાવોનું પણ આલેખન છે.

## હોર્મુઝમાં UAEના ટેન્કરો પર ઈરાનનો હુમલો, એક ભારતીયનું મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)
તેહરાન, તા.૧૪
સંયુક્ત આરબ અમીરાત ના સંરક્ષણ મંત્રાલયે મંગળવારે જણાવ્યું કે હોર્મુઝમાં યુએઈનો ધ્વજ ધરાવતા બે ટેન્કરો પર ઈરાની ક્રૂઝ મિસાઈલો દ્વારા કરવામાં આવેલા હુમલામાં ક્રૂના એક ભારતીય સભ્યનું મોત નીપજ્યું છે. આ હુમલામાં અન્ય આઠ સભ્યો ઘાયલ પણ થયા છે, જેમાંથી ચારની હાલત ગંભીર છે.સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર જાહેર કરાયેલા એક સત્તાવાર નિવેદનમાં મંત્રાલયે જણાવ્યું કે ઓમાનના જળક્ષેત્રમાં હોર્મુઝની સામુદ્રધુની ના દક્ષિણી લેનમાં 'મોમ્બાસા' અને 'બાહિયા' નામના ટેન્કરોને નિશાન બનાવવામાં આવ્યા હતા.સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ઘાયલોમાં છ ભારતીય નાગરિકો અને બે યુક્રેનિયન નાગરિકો સામેલ છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ હુમલાના પરિણામે ટેન્કર 'મોમ્બાસા'ના ક્રૂના એક ભારતીય સભ્યએ જીવ ગુમાવ્યો છે અને અન્ય ૮ લોકો ઘાયલ થયા છે. તેમાંથી ૪ લોકોને ગંભીર ઈજાઓ થઈ છે, જેમાં ઘાયલોમાં ૬ ભારતીય નાગરિકો અને ૨ યુક્રેનિયન નાગરિકો છે.સંરક્ષણ મંત્રાલયે એ પણ માહિતી આપી હતી કે મિસાઈલ હુમલાના કારણે બંને જહાજોમાં આગ લાગી ગઈ હતી, પરંતુ બાદમાં તેના પર સંપૂર્ણ રીતે કાબૂ મેળવી લેવાયો હતો.

## રશિયા સામે EUના નવા પ્રતિબંધો પર નિર્ણય ટળ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)
બ્રસેલ્સ, તા.૧૪ : યુરોપિયન યુનિયન (EU)ના સભ્ય દેશો રશિયા સામેના નવા પ્રતિબંધોના ૨૧મા પેકેજ પર સર્વસંમતિ હાંસલ કરવામાં નિષ્ફળ રહેતા વૈશ્વિક વેપાર ક્ષેત્રમાં નવી ચર્ચા શરૂ થઈ છે.

સોમવારે યોજાયેલી વિદેશ મંત્રીઓની બેઠકમાં વિવિધ સભ્ય દેશો વચ્ચે મતભેદ જોવા મળતાં નવા પ્રતિબંધો અંગે અંતિમ નિર્ણય ટળી ગયો છે. આ વિકાસને ભારત સહિત એવા દેશો માટે મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે, જે રશિયા અને યુરોપિયન બજારો બંને સાથે વ્યાપારી સંબંધો જાળવી રહ્યા છે.ભારત હાલમાં રશિયાથી મોટા પ્રમાણમાં ક્રૂડ ઓઈલની આયાત કરે છે, જ્યારે યુરોપિયન યુનિયન ભારતના મુખ્ય નિકાસ બજારોમાંનો એક છે. તેથી નવા પ્રતિબંધો અંગે અનિશ્ચિતતા દૂર ન થતાં ભારત માટે હાલની વેપાર વ્યવસ્થા યથાવત રહેવાની શક્યતા વધી છે. જોકે, ભવિષ્યમાં ઈયુ દ્વારા લેવાતા નિર્ણયો પર સ્થિતિ નિર્ભર રહેશે.

બેઠક દરમિયાન રશિયા સામે વધુ કડક પ્રતિબંધો, ખાસ કરીને ઊર્જા ક્ષેત્ર અને તેલની કિંમતોને લગતા પગલાં અંગે ચર્ચા થઈ હતી. પરંતુ તમામ સભ્ય દેશો વચ્ચે સહમતિ ન બનતા પ્રસ્તાવ આગળ વધી શક્યો નહીં. અહેવાલો મુજબ, કેટલાક દેશોએ આર્થિક અને ઊર્જા સુરક્ષાને ધ્યાનમાં રાખીને વધુ ચર્ચાની જરૂરિયાત દર્શાવી હતી.

પ્રતિબંધોના પ્રસ્તાવમાં રશિયન ક્રૂડ ઓઈલ પર લાગુ પ્રાઈસ કેપની વ્યવસ્થા, કેટલીક આયાત-નિકાસ પર નિયંત્રણ અને અન્ય વેપાર સંબંધિત પગલાંનો સમાવેશ થતો હતો. જોકે, અંતિમ મંજૂરી ન મળતાં હાલની સ્થિતિમાં કોઈ તાત્કાલિક ફેરફાર થયો નથી.

ઊર્જા બજારના નિષ્ણાતોનું માનવું છે કે રશિયન તેલ અંગેની નીતિમાં કોઈપણ ફેરફાર વૈશ્વિક ક્રૂડ બજાર પર સીધી અસર કરી શકે છે. ખાસ કરીને મધ્ય પૂર્વમાં વધતા ભૂરાજકીય તણાવ વચ્ચે ક્રૂડ ઓઈલના ભાવ પહેલાથી જ અસ્થિર છે. આવી સ્થિતિમાં યુરોપિયન યુનિયનનો આગામી નિર્ણય આંતરરાષ્ટ્રીય બજારો માટે મહત્વપૂર્ણ રહેશે.

# અન્ય સમાચારો


Wednesday 15, July 2026

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES


### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં

જ.મ.પ.અ.નં.૧૪૮૫/૨૦૨૬

**અરજદાર : જશુબેન સોમા તે જસવનભાઈની પત્ની,**
**રહે.** કોલચીવાડ સ્ટ્રીટ, કોસમકુવા, સ્વામીનારાયણ મંદિર પાસે
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, કોસમકુવા, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **જશુબેન સોમા તે જસવનભાઈની પત્ની** રહે.કોલચીવાડ સ્ટ્રીટ, કોસમકુવા, સ્વામીનારાયણ મંદિર પાસે, તા.જી.વલસાડએ તેમના પિતા **સોમા રડીયાનું** મરણ તા.૦૧-૦૯-૧૯૯૭ના રોજ મોજે. કોસમકુવા, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૩૦/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૪૮૫/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

સહિ/-
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
વલસાડ (ગ્રામ્ય)

### એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર વાપી (શહેર)ની કોર્ટમાં

જ.મ.પ.અ.નં.૧૭/૨૦૨૬

**અરજદાર : મુકેશભાઈ ગાંડાભાઈ પટેલ**
**રહે.** કરવડ, કોળીવાડ, વાપી,
તા.વાપી, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : સબ રજીસ્ટાર અને જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી**
**વાપી મહાનગરપાલિકા, તા. વાપી, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **મુકેશભાઈ ગાંડાભાઈ પટેલ** રહે.કરવડ, કોળીવાડ, વાપી, તા.વાપી, જી.વલસાડએ તેમના માતાશ્રી **સ્વ. ગજરીબેન ગાંડાભાઈ પટેલ**નું અવસાન તા.૧૭/૦૪/૨૦૦૫ના રોજ મોજે કરવડ, તા.વાપી ખાતે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે સમયે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા પોતાના વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસની અંદર એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર, વાપી (શહેર), તા. વાપીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/જન્મ,મરણ/રજી૧૭/૨૬/વશી૧૨૬/૨૦૨૬**
**એક્ઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર વાપી (શ)ની**
**કચેરી તાલુકા સેવા સદન, નેશનલ હાઈવે, બલિઠા,**
**તા.વાપી જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

સહિ/-
એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
વાપી (શહેર)

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં

જ.મ.પ.અ.નં.૧૦૬૨/૨૦૨૬

**અરજદાર : છગનભાઈ નેમાભાઈ ટંડેલ,**
**રહે.** મંદિર ફળિયા, ભાગલ,
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, ભાગલ, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **છગનભાઈ નેમાભાઈ ટંડેલ,** રહે.મંદિર ફળિયા, ભાગલ, તા.જી.વલસાડએ તેમના પોતાનો **છગનભાઈ નેમાભાઈ ટંડેલનો** જન્મ તા.૦૧-૦૫-૧૯૫૯ના રોજ મોજે. ભાગલ, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૭/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/જન્મ/રજી.નં.૧૦૬૨/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

સહિ/-
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
વલસાડ (ગ્રામ્ય)

## નામ અંગેની સ્પષ્ટતા



આથી હું જાહેર કરું છુ કે **મનુભાઈ એમ. ચાવડા અને મનોજભાઈ મથુરભાઈ ચાવડા એક જ વ્યકિત છે જેની સર્વેએ નોંધ લેવી**

લિ. **મનોજભાઈ મથુરભાઈ ચાવડા**

સરનામું : બી-૧૨૩, રોહિત કોલોની, ઉદવાડાગામ, ઉદવાડા, તા. પારડી, જી. વલસાડ, ગુજરાત- ૩૯૬૧૮૦

## જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે દમણ સોમનાથ (ડાભેલ) ખાતે કંચન ઔદ્યોગિક વસાહત (ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ)માં આવેલ ગાળા નં.૬ અને ૭ જે સર્વે નં. ૭૨૪/૨, ૭૨૪/૩, ૭૨૪/૪, ૭૨૪/૬, ૭૨૪/૭ ની જમીન પર આવેલ છે જેમના માલિક પાર્ટનરશીપ ફર્મ મે. હાઈ લાઈફ હેલ્થકેર હાલ આ ફર્મના પાર્ટનર શ્રી બોબી કલ્પેશભાઈ શાહ તથા શ્રીમતી રેમી બોબી શાહ છે તેવો એ મારા અસીલ શ્રી નરેન્દ્ર રમણભાઈને વેચાણથી આપવાનું નક્કી કરેલ છે.

ઉપરોક્ત મિલકત અદ્યોગિક ગાળાના માલિકી સિવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારની લાગભાગ, હક્ક, હીત, હિસ્સો, દાવો, બોજો, અલાખો, વેચાણ, ગણોતહક્ક, તબદીલી, ફેરબદલી, લીયન, ચાર્જ, ગીરો, ટ્રસ્ટ, બક્ષીસ, ભાડાપટ્ટો, લાયસન્સ, કબજો, ડેવલપમેન્ટ, મેઈન્ટેનન્સ, ઈઝમેન્ટ, વારસાઈ, વીલ કે અન્ય કોઈ હક્ક પોશાતો હોય તો તેની લેખિત જાણ આધાર પુરાવાની પ્રમાણીત નકલ સાથે નીચેના સરનામે દિન-૭માં અમોને પહોંચે તે રીતે કરવી. જો તેમ કરવામાં નહી આવે અગર કસુરદાર થશે તો ઉપરોક્ત ઔદ્યોગિક ગાળા કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત, હિસ્સો કે અન્ય કોઈ હક્ક નથી અને જો હોય તો તેવા તમામ હક્ક જે તે ઈસમોએ ઔદ્યોગિક ગાળા માલિકોની તરફમાં જતાં ''વેઈવ'' કરેલ છે, તેમ સમજી સદરહુ ઔદ્યોગિક ગાળાના વેચાણ ખત કરી આપવામાં આવશે તેમજ અમારા અસીલની તરફમાં વેચાણની કાર્યવાહી કરવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી.

**સોહિનીબેન જે. ભંડારી**
**એડવોકેટ, દમણહાઉસ નં.૯૭, કડૈયા ભંડારવાડ, નાની દમણ, દમણ - ૩૯૬૨૧૦,**
**મો. : ૯૫૧૨૦૪૯૫૧૬**
**Email ID : advsohinibhandari@gmail.com**






### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં

જ.મ.પ.અ.નં.૧૪૮૬/૨૦૨૬

**અરજદાર : જશુબેન સોમા તે જસવનભાઈની પત્ની,**
**રહે.** કોલચીવાડ સ્ટ્રીટ, કોસમકુવા, સ્વામીનારાયણ મંદિર પાસે
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, કોસમકુવા, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **જશુબેન સોમા તે જસવનભાઈની પત્ની** રહે.કોલચીવાડ સ્ટ્રીટ, કોસમકુવા, સ્વામીનારાયણ મંદિર પાસે, તા.જી.વલસાડએ તેમના દાદી **બુધી રડીયાનું** મરણ તા.૧૭-૧૨-૧૯૮૮ના રોજ મોજે. કોસમકુવા, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૩૦/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૪૮૬/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

સહિ/-
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
વલસાડ (ગ્રામ્ય)

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં

જ.મ.પ.અ.નં.૧૪૮૪/૨૦૨૬

**અરજદાર : જશુબેન સોમા તે જસવનભાઈની પત્ની,**
**રહે.** કોલચીવાડ સ્ટ્રીટ, કોસમકુવા, સ્વામીનારાયણ મંદિર પાસે
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, કોસમકુવા, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **જશુબેન સોમા તે જસવનભાઈની પત્ની** રહે.કોલચીવાડ સ્ટ્રીટ, કોસમકુવા, સ્વામીનારાયણ મંદિર પાસે, તા.જી.વલસાડએ તેમના કાકા **માધુ રડીયાનું** મરણ તા.૨૨-૦૧-૨૦૦૧ના રોજ મોજે. કોસમકુવા, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૩૦/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૪૮૪/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

સહિ/-
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
વલસાડ (ગ્રામ્ય)

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં

જ.મ.પ.અ.નં.૧૬૧૬/૨૦૨૬

**અરજદાર : વનિતાબેન કિકાભાઈ તે ડાહ્યાભાઈની પત્ની,**
**રહે.** ચિખલા, કાપરી ફળિયું,
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, ઓલગામ, વલસાડ, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **વનિતાબેન કિકાભાઈ તે ડાહ્યાભાઈની પત્ની,** રહે.ચિખલા, કાપરી ફળિયું, તા.જી.વલસાડએ તેમના પોતાનો **વનિતાબેન કિકાભાઈ પટેલનો** જન્મ તા.૦૨-૦૬-૧૯૬૯ના રોજ મોજે. ઓલગામ, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૭/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/જન્મ/રજી.નં.૧૬૧૬/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

સહિ/-
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
વલસાડ (ગ્રામ્ય)

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં

જ.મ.પ.અ.નં.૧૦૭૦/૨૦૨૬

**અરજદાર : દિવાળીબેન વસનજી ટંડેલ ઉર્ફે દક્ષાબેન છગનભાઈ ટંડેલ,**
**રહે.** ભાગલ, તા.જી. વલસાડ,
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, દાંડી, વલસાડ, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **દિવાળીબેન વસનજી ટંડેલ ઉર્ફે દક્ષાબેન છગનભાઈ ટંડેલ,** રહે.ભાગલ, તા.જી.વલસાડએ તેમના પોતાનો **દિવાળીબેન વસનજી ટંડેલનો** જન્મ તા.૦૧-૦૬-૧૯૬૭ના રોજ મોજે. દાંડી, વલસાડ, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૭/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/જન્મ/રજી.નં.૧૦૭૦/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

સહિ/-
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
વલસાડ (ગ્રામ્ય)


**ડિસ્કાઉન્ટ ધમાકા**
તાં. 1-8-26.થિ. ચાલુ
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ
લોફર શુઝ
સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
5% ડીસ્કાઉન્ટ પેરાગોન, VKC, ફ્લાયપર, ઈબ્લુ ચપલ,સેન્ડલ
કેમ્પસ, લખાની, સ્પાર્ક,
10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361



**દમણગંગા ટાઈમ્સ**
**ઈ-પેપર ડાઉનલોન કરવા**
**માટે વેબસાઈટની મુલાકાત લો**
www.damangangatimes.com


### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં

જ.મ.પ.અ.નં.૧૪૮૩/૨૦૨૬

**અરજદાર : જશુબેન સોમા તે જસવનભાઈની પત્ની,**
**રહે.** કોલચીવાડ સ્ટ્રીટ, કોસમકુવા, સ્વામીનારાયણ મંદિર પાસે
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, કોસમકુવા, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **જશુબેન સોમા તે જસવનભાઈની પત્ની** રહે.કોલચીવાડ સ્ટ્રીટ, કોસમકુવા, સ્વામીનારાયણ મંદિર પાસે, તા.જી.વલસાડએ તેમના દાદી **તુવાઈ સોમાનું** મરણ તા.૧૧-૦૮-૧૯૯૪ના રોજ મોજે. કોસમકુવા, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૩૦/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૪૮૩/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

સહિ/-
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
વલસાડ (ગ્રામ્ય)

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં

જ.મ.પ.અ.નં.૧૭૨૯/૨૦૨૬

**અરજદાર : પટેલ દિલિપભાઈ છોટુભાઈ,**
**રહે.** ફલધરા, નિશાળ ફળિયા, તા.જી. વલસાડ,
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, ફલધરા, વલસાડ, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **પટેલ દિલિપભાઈ છોટુભાઈ,** રહે.ફલધરા, નિશાળ ફળિયા, તા.જી.વલસાડએ તેમના પરદાદી **જમકુબેન જેરીયાભાઈ પટેલનું** મરણ તા.૦૨-૦૫-૧૯૯૭ના રોજ મોજે. ફલધરા, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૦૩૦/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

સહિ/-
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
વલસાડ (ગ્રામ્ય)

## CHANGE OF NAME

I HAVE CHANGED MY NAME FROM NITINBHAI RAMANBHAI PATEL TO NITIN RAMANBHAI PATEL
ADDRESS : - 235/1, AMALIYA FALIA, DABHEL, NANI DAMAN-396210.

## જન્મદિવસની શુભકામના



**અદ્વવિકા**
જન્મ તા. ૧૫/૦૭/૨૦૨૫
માતાનું નામ : રાધીકા પાટીલ
પિતાનું નામ : વિઠ્ઠલ પાટીલ
દાદા : માનિકરાવ, દાદી : કોકિલા
સરનામું : બલીઠા, વાપી

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં

જ.મ.પ.અ.નં.૧૪૮૨/૨૦૨૬

**અરજદાર : જશુબેન સોમા તે જસવનભાઈની પત્ની,**
**રહે.** કોલચીવાડ સ્ટ્રીટ, કોસમકુવા, સ્વામીનારાયણ મંદિર પાસે
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, કોસમકુવા, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **જશુબેન સોમા તે જસવનભાઈની પત્ની** રહે.કોલચીવાડ સ્ટ્રીટ, કોસમકુવા, સ્વામીનારાયણ મંદિર પાસે, તા.જી.વલસાડએ તેમના દાદા **રડીયા ભંગીયાનું** મરણ તા.૦૭-૦૬-૧૯૮૦ના રોજ મોજે. કોસમકુવા, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૩૦/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૪૮૨/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

સહિ/-
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
વલસાડ (ગ્રામ્ય)

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં

જ.મ.પ.અ.નં.૧૭૩૦/૨૦૨૬

**અરજદાર : પટેલ દિલિપભાઈ છોટુભાઈ,**
**રહે.** ફલધરા, નિશાળ ફળિયા, તા.જી. વલસાડ,
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, ફલધરા, વલસાડ, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **પટેલ દિલિપભાઈ છોટુભાઈ,** રહે.ફલધરા, નિશાળ ફળિયા, તા.જી.વલસાડએ તેમના પરદાદા **જેરીયાભાઈ ડાહ્યાભાઈ પટેલનું** મરણ તા.૧૧-૦૭-૧૯૮૦ના રોજ મોજે. ફલધરા, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૦૩૦/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

સહિ/-
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
વલસાડ (ગ્રામ્ય)

### TMB Tamilnad Mercantile Bank Ltd — તમિલનાડ મર્કેન્ટાઇલ બેંક લીમીટેડ

Be a step ahead in life
CIN - L65110TN1921PLC001908

**વાપી શાખા :**
**આમીર કોમ્પલેક્ષ, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી- સીલ્વાસા રોડ, વાપી-૩૯૬૧૯૧**
**વલસાડ જીલ્લો, ગુજરાત**
**ઈ-મેઈલ :** vapi@tmbank.in, **ફોન : ૦૨૬૦- ૨૪૨૩૯૯૯-૮૧૪૧૬૩૩૩૯૯**

## સ્થાવર મિલ્કતોની વેચાણ માટે નોટિસ

**સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ સાથે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) અધિનિયમ, ૨૦૦૨ની કલમ ૮ (૬) અને ૯(૧) ની જોગવાઈઓને વંચાણે લેતાં બેંકમાં મૂકેલી સ્થાવર સંપત્તિની હરાજી દ્વારા વેચાણ અંગેની હરાજી નોટિસ.**

આથી જાહેર જનતાને જણાવવાનું કે, વર્ણવેલ જે કરજદાર **મેસર્સ રાજ ઈન્ડસ્ટ્રીઝ, પ્રોપ્રાયટર : શ્રી રીયાઝ લિયાકભાઈ મોભાણી જે લિયાકતભાઈ મોભાણીના પુત્ર અને જામીનદાર ૧. શ્રીમતી રેશ્મા રીયાઝ મોભાણી જે રીયાઝ લિયાકતભાઈ મોભાણીના પત્ની ૨. શ્રી અમીર લિયાકત મોભાણી જે લિયાકતભાઈ મોભાણીના પુત્ર** ની સ્થાવર મિલકત જે ગીરો / ચાર્જ તરીકે મુકેલા સુરક્ષીત મીલકતનો રચનાત્મક કબજો તામિલનાડ મર્કન્ટાઈલ બેંક વાપી શાખા (સુરક્ષિત લેણદાર)નાં અધિકૃત અધિકારીએ લીધો છે; જેનું વેચાણ **"જ્યાં છે, જેમ છે", "જ્યાં છે જે છે" અને "જ્યાં પણ જે કંઈપણ છે"**ના આધાર પર સદર નીચે દર્શાવેલી **તારીખ : ૩૧.૦૭.૨૦૨૬ નીચે દર્શાવેલ રૂા.૧૯,૫૯,૬૧૯.૪૪ તા. ૩૦-૦૬-૨૦૨૬ મુજબ ( એટલે ઓવર ડ્રાફ્ટ માટે રૂા. ૧૭,૯૪,૨૬૦.૨૩ વત્તા ખર્ચાઓ રૂા. ૧,૩૪,૪૮૦.૫૯ અને ટર્મ લોન માટે રૂા. ૩૦,૮૦૯.૦૦ વત્તા ખર્ચાઓ રૂા. ૬૯.૬૨)** વત્તા બાકી નીકળતા વ્યાજ અને ખર્ચ જે તામિલનાડુ મર્કન્ટાઈલ બેંક લિમિટેડ, વાપી શાખા મુજબ.

આરક્ષિત કિંમત **રૂા. ૧૦,૬૫,૦૦૦/-** અને અર્નેસ્ટ મની ડીપોઝીટ **રૂા. ૧,૦૬,૫૦૦/-** રહેશે.

| | |
|---|---|
| **ઈએમડી અને હરાજી સબમીશન નું સ્થળ** | **તમિલનાડ મર્કન્ટાઇલ બેંક લિ., વાપી શાખા, ગ્રાઉન્ડ ફલોર, આમીર કોમ્પલેક્ષ, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી-૩૯૬૧૯૫** |
| **હરાજીનું વેચાણનું તારીખ અને સમય** | **૩૧-૦૭-૨૦૨૬ સવારે ૧૧.૦૦ વાગે** |
| **અપસેટ કિંમત** | **રૂા. ૧૦,૬૫,૦૦૦/-** |
| **અર્નેસ્ટ મની ડીપોઝીટ** | **રૂા. ૧,૦૬,૫૦૦/-** |

**મિલ્કતનું વર્ણન**

૧) શ્રી રીયાઝ લિયાકતભાઈ મોભાણી ના નામે રહેલ "પરિવાર એપાર્ટમેન્ટ" રહેણાંક ફ્લેટ વીંગ બી- ફ્લેટ નં. ૩૦૨, ત્રીજો માળ, જેનું ક્ષેત્રફળ ૮૦૦ ચો. ફુટ (સુપર બિલ્ટઅપ એરીયા), સર્વે નં. ૪૭૧/એ/ પૈકી ૭, ગામ ડુંગરા, તા. વાપી, જી. વલસાડ, ગુજરાત ખાતેની મિલ્કત. **જેની ચતુર્સીમા :** ઉત્તર : ખુલ્લી જગ્યા, પૂર્વ : ફ્લેટ નં. ૩૦૩, દક્ષિણ : ફ્લેટ નં. ૩૦૧, પશ્ચિમ : ખુલ્લી જગ્યા

**નોંધ: ઉપરોક્ત મિલકતો શ્રી રીયાઝ લિયાકતભાઈ મોભાણી અને શ્રીમતી રેશ્મા રીયાઝ મોભાણીના નામે તા. ૩૦-૦૬-૨૦૨૬ ના રોજ રૂા.૧૪,૮૩,૬૭૭.૫૨ વત્તા ખર્ચાઓ રૂા. ૫૩,૦૧૮.૮૨ ટીએમબી-એલએપી લોન** (391700480100085) **માટે સામાન્ય છે અને મેસર્સ રાજ પોલી પ્લાસ્ટ દ્વારા તા. ૩૦-૦૬-૨૦૨૬ ના રોજ કુલ રૂા. ૨૯,૬૦,૦૦૫.૭૭ બાકી છે. (એટલે કેશ ક્રેડિટ (એકાઉન્ટ નં.** 391700150950019**) રૂા.૧૫,૭૮,૧૨૯.૪૭ વત્તા ખર્ચાઓ માટે રૂા. ૭૭,૭૮૨.૩૦ અને જીઈસીએલ ટીએલ** (391700480100075) **મર્યાદા રૂા. ૧૩,૦૪,૦૯૪.૦૦ બાકી છે. જેમાં અનુગામી વ્યાજ અને ખર્ચનો સમાવેશ થાય છે.**

વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને સુરક્ષિત લેણદારની વેબસાઈટ એટલે કે (www.tmb.bank.in) માં આપેલી લિંકનો સંદર્ભ લો.

**સ્થળ : વાપી**
**તારીખ: ૧૪.૦૭.૨૦૨૬**

**અધિકૃત અધિકારી,**
**તમિલનાડ મર્કેન્ટાઇલ બેંક લિ.**
**વાપી શાખા માટે**




Jai Jalaram Bapa
**Septic Tank Cleaner**
**ખાળ કુવાની સફાઈ**
**खार कुवे की सफाई**
**TANKER CAPACITY 8000 LITER**
**WATER JETTING, AIR BLOWING, VACUUMING**
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
**Contact: 99046 44348, 98247 28200**

Wednesday 15, July 2026

# દમણગંગા ટાઇમ્સ

## વાપીથી વોન્ટેડ આરોપી ઝડપાયો

**વલસાડ, તા. ૧૪ :** વલસાડ સર્વેલન્સ સ્ટાફની ટીમે બાતમીના આધારે વાપીથી વોન્ટેડ આરોપીને ઝડપી પાડ્યો છે. વલસાડ સર્વેલન્સ સ્ટાફની ટીમે વોચ ગોઠવીને આરોપી સુશીલ સંતોષ પાટીલ ઉં. વ.૨૬, રહે. એ-અંબિકા એપાર્ટમેન્ટ, રૂમ નં. ૧૦૨, વીરનર્મદ હાઇટ્સ, સરસ્વતી વિદ્યાલયની સામે, સચિન, સુરત શહેર ને વાપી થી ઝડપી પાડ્યો હતો. પકડાયેલો આરોપી વિરોધ સચિન પોલીસ મથક માં બે ગુના ઉમરા પોલીસ મથકમાં એક અને વલસાડ સીટી પોલીસ મથકમાં એક ગુનો મળી કુલ દારૂના ચાર ગુના નોંધાયેલા છે.

## રૂઝવણીમાં કુવામાં પડી જતાં યુવકનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ચીખલી, તા.૧૪ :** ખેરગામ તાલુકાના રૂઝવણી દુકાન ફળિયા ખાતે રહેતા ધર્મેશ અમરત પટેલ ઉ.વ. ૩૬ જે છૂટક મજૂરી કરતો હોય જે સોમવારના રોજ બપોરના સમયે છીબુંભાઈ પટેલના ઘર પાસે આવેલ ખેતર ના કૂવા પાસે ધર્મેશ જતો હતો દરમિયાન ધર્મેશ ને કુવા પાસે જવાની ના પાડેલ છતાં પણ ધર્મેશ પટેલ કુવા પાસે જઈને ડોક્યુ કરીને કૂવામાં જોવા જતા આકસ્મિક રીતે કુવાના પાણીમાં પડી જતા ડૂબી જતા મોત નીપજ્યું હતું. બનાવની વધુ તપાસ ખેરગામ પોલીસ કરી રહી છે.

# જિલ્લામાં ડાંગરની ધીમી અને મોડી રોપણી શરૂ



**ગત વર્ષે ૭૩૭૬૬ હેક્ટર રોપણીની સામે આ વર્ષે હજુ સુધી માત્ર ૧૧૬૩ હેક્ટરમાં જ રોપણી થઈ : મોડા વરસાદ અને આગામી ચોમાસાની અનિશ્ચિતતા વચ્ચે ખેડૂતો ચિંતામાં**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ, તા. ૧૪ :** વલસાડ જિલ્લામાં ચાલુ વર્ષે ખરીફ ઋતુ અંતર્ગત કૃષિ પ્રવૃત્તિઓ વેગવંતી બની છે. જિલ્લા કૃષિ વિભાગના તાજેતરના અહેવાલ મુજબ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧,૧૬૩ હેક્ટર વિસ્તારમાં ખરીફ પાકની રોપણી શરૂ થઈ ચુકી છે. આ વર્ષે મોડા વરસાદ અને અનિશ્ચિતતાને કારણે ખેડૂતો ચિંતામાં છે.

ગત વર્ષ એટલે કે ૨૦૨૫ દરમિયાન વલસાડ જિલ્લામાં કુલ ૭૩,૯૬૬ હેક્ટર જેટલા વિશાળ વિસ્તારમાં ખરીફ પાકનું વાવેતર નોંધાયું હતું. તેની સરખામણીએ ચાલુ વર્ષે ૨૦૨૬માં હાલમાં રોપણીની પ્રક્રિયા પ્રગતિ હેઠળ છે. જિલ્લાના તમામ તાલુકાઓમાં ડાંગર સહિતના અન્ય ખરીફ પાકો માટેના ધરૂવાડિયા સંપૂર્ણપણે તૈયાર કરી દેવામાં આવ્યા છે અને ધરુની રોપણીની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે.

તમામ તાલુકાઓમાં ખરીફ પાકના ધરૂવાડિયા તૈયાર થઈ ચૂક્યા છે. ખેતરોમાં રોપણીની કામગીરી હાલ ઝડપથી ચાલી રહી છે. કૃષિ નિષ્ણાતોના અંદાજ મુજબ આગામી ૧ થી ૨ અઠવાડિયાની અંદર સમગ્ર જિલ્લામાં રોપણીનું કાર્ય પૂર્ણ કરી લેવામાં આવશે.

ગત વર્ષે કપરાડા તાલુકામાં સૌથી વધુ ૨૧,૭૬૦ હેક્ટર અને ધરમપુરમાં ૧૫૪૮૫ હેક્ટરમાં વાવેતર થયું હતું. ચાલુ વર્ષે અત્યાર સુધીમાં પારડી તાલુકામાં સૌથી વધુ ૨૮૧ હેક્ટર અને ઉમરગામમમાં ૨૭૪ હેક્ટરમાં રોપણી સંપન્ન થઈ ચૂકી છે. આગામી દિવસોમાં સારો વરસાદ ચાલુ રહેશે તો વાવેતરનો આંકડો ગત વર્ષની સપાટીએ કે તેનાથી પણ પાર પહોંચવાની સંભાવના છે. કૃષિ વિભાગ દ્વારા ખેડૂતોને સમયસર ખાતર અને બિયારણનો યોગ્ય ઉપયોગ કરવા તથા રોપણી દરમિયાન પાણીના વ્યવસ્થાપન પર ખાસ ધ્યાન આપવા સલાહ આપવામાં આવી છે.

**તાલુકાવાર ખરીફ વાવેતર (હેક્ટરમાં)**
વર્ષ - ૨૦૨૫ - ૨૦૨૬

| | | | |
|---|---|---|---|
| ૧) ધરમપુર | : ૧૫,૪૮૫ | = | ૧૫૮ |
| ૨) કપરાડા | : ૨૧૭૬૦ | = | ૧૯૦ |
| ૩) પારડી | : ૯૧૩૦ | = | ૨૮૧ |
| ૪) ઉમરગામ | : ૯૧૩૦ | = | ૨૭૪ |
| ૫) વલસાડ | : ૧૪૦૪૯ | = | ૧૭૦ |
| ૬) વાપી | : ૩૫૦૩ | = | ૧૧૮ |
| કુલ | : ૭૩,૭૬૬ | = | ૧૧૯૩ |

# જગન્નાથ યાત્રાને લઈ ડુંગરા પોલીસ દ્વારા ફૂટ પેટ્રોલિંગ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા. ૧૪ :** વાપીના ડુંગરા ખાતે ગુરુદ્વારાની સામે આવેલા તળાવની પાળ પર આવેલા ભગવાન જગન્નાથ મંદિરથી ગુરુવારે સત ૧૫માં વર્ષે ભવ્ય રથયાત્રા નીકળશે. યાત્રાની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ડુંગરા પોલીસ દ્વારા આજે ફૂટ પેટ્રોલિંગનું આયોજન કરવામાં આવ્યું.

ધરમપુર ASP ડો. સંદીપ ટી.ના નેતૃત્વમાં ડુંગરા PI ગોહિલ અને તેમની ટીમ સાથે જગન્નાથ મંદિરથી ચણોદ ગેટ સુધીના રથયાત્રાના સમગ્ર રૂટ પર ફૂટ માર્ચ કરવામાં આવી. આ દરમિયાન રથની ઊંચાઈને કારણે અવરોધરૂપ બનતા વાયરો, CCTV કેમેરા અને અન્ય ચીજો અંગે તપાસ કરી સ્થાનિકોને જરૂરી સૂચનો આપવામાં આવ્યા. શ્રી જગન્નાથ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત આ યાત્રા માટે પોલીસ દ્વારા તમામ સુરક્ષા બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યા છે. યાત્રાને શાંતિપૂર્ણ અને સુરક્ષિત રીતે સંપન્ન કરવા પોલીસ તંત્ર સજ્જ છે.

# વલસાડમાં જગન્નાથ રથયાત્રાની તડામાર તૈયારી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ, તા.૧૪ :** વલસાડના છીપવાડ વિસ્તારમાં આવેલા ઐતિહાસિક અને પૌરાણિક શ્રી જગન્નાથ મંદિરેથી આગામી ૧૬મી જુલાઈના રોજ બપોરે ૩:૩૦ કલાકે ભગવાન જગન્નાથ, ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રાજી સાથે નગરચર્યાએ નીકળશે. આ ભવ્ય રથયાત્રાને લઈને જગન્નાથ મંદિર પ્રશાસન અને સ્થાનિક ભક્તો દ્વારા અત્યારથી જ તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. પરંપરાગત રીતે નીકળનારી આ રથયાત્રા શહેરના રાજમાર્ગો પર ભક્તિભાવ પૂર્વક ફરશે. ભગવાન નગરજનોને દર્શન આપવા સ્વયં સામેથી આવી રહ્યા હોઈ, સમગ્ર વલસાડ નગરીને શણગારવામાં આવી રહી છે. રથયાત્રા દરમિયાન ભગવાનના રથના દોરડા ખેંચવા માટે હજારોની સંખ્યામાં માનવ મહેરામણ ઉમટી પડશે. રથયાત્રા શાંતિપૂર્ણ અને ભક્તિસભર માહોલમાં સંપન્ન થાય તે માટે વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ પણ સજ્જ બન્યું છે. રથયાત્રાના સમગ્ર રૂટ પર કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવશે.

# નરોલીની માર્બલ કંપનીમાં અકસ્માત, એક મજૂરનું મોત : બેને ઈજા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**સેલવાસ, તા. ૧૪ :** દાદરા અને નગર હવેલીના નરોલી ઔદ્યોગિક વિસ્તારમાં આવેલી જિન્યુઇન માર્બલ કંપનીમાં ટ્રકમાંથી માલ ઉતારતી વખતે થયેલા અકસ્માતમાં ૧૮ વર્ષીય મજૂરનું મોત થયું છે, જ્યારે અન્ય બે મજૂરો ઈજાગ્રસ્ત થયા છે. મૃતકના પરિવારજનોએ કંપની સંચાલન પર ગંભીર બેદરકારીનો આરોપ લગાવી નિષ્પક્ષ તપાસ અને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

માહિતી મુજબ ઉત્તર -દેશના રહેવાસી ૧૮ વર્ષીય ભાસ્કરનું રવિવારે કંપની પરિસરમાં ટ્રકમાંથી માલ ઉતારતી વખતે અકસ્માતમાં મોત થયું હતું. આ ઘટનામાં અન્ય બે મજૂરો પણ ઈજાગ્રસ્ત થયા હતા, જેમની સારવાર ચાલી રહી છે. પરિવારજનોએ આરોપ લગાવ્યો છે કે અકસ્માત સમયે કાર્યસ્થળ પર પૂરતો પ્રકાશ નહોતો. તેમજ મજૂરો માટે જરૂરી સુરક્ષા સાધનો અને સલામતીની પૂરતી વ્યવસ્થા પણ ઉપલબ્ધ નહોતી. તેમના જણાવ્યા મુજબ કંપનીની બેદરકારીને કારણે આ દુર્ઘટના બની હતી. પરિવારનું કહેવું છે કે જો સલામતીના નિયમોનું યોગ્ય રીતે પાલન કરવામાં આવ્યું હોત અને મજૂરોની સુરક્ષા અંગે પૂરતું ધ્યાન અપાયું હોત, તો આ અકસ્માત ટાળી શકાય તેમ હતો. ઘટનાને પગલે પરિવારમાં શોકનો માહોલ છે. પરિવારજનોએ વહીવટીતંત્રને ઘટનાની નિષ્પક્ષ તપાસ કરી જવાબદારો સામે કડક કાર્યવાહી કરવા તેમજ ઔદ્યોગિક વિસ્તારોમાં શ્રમિક સુરક્ષાના નિયમોનું કડક પાલન સુનિશ્ચિત કરવા માંગ કરી છે. હાલ સંબંધિત અધિકારીઓ દ્વારા સમગ્ર મામલાની તપાસ ચાલી રહી છે. તપાસ પૂર્ણ થયા બાદ જ અકસ્માતનું સાચું કારણ સત્તાવાર રીતે સ્પષ્ટ થશે. નરોલી પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ PSI શશી કુમાર સિંહ વધુ કાર્યવાહી કરી રહ્યા છે.

# વાપીમાં સગીરાને વારંવાર દુષ્કર્મ કરનાર યુવક સામે ગુનો દાખલ

**ગુંજન વિસ્તારના અશરફ હુસૈન સામે ફરિયાદ, આરોપી ઘટના બાદથી ફરાર**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા. ૧૪ :** વાપી શહેરના એક વિસ્તારમાંથી સગીરા સાથે દુષ્કર્મની ચોંકાવનારી ઘટના સામે આવી છે. ૧૭ વર્ષની સગીરાને ફોસલાવીને વારંવાર શારીરિક શોષણ કરનાર યુવક વિરુદ્ધ વાપી ટાઉન પોલીસે પોક્સો એક્ટ સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, ગુંજન વિસ્તારમાં રહેતો અશરફ હુસૈન રહે ગુંજન અફસાના માર્કેટ નામનો યુવક એ છેલ્લા કેટલાક સમયથી સગીરા સાથે મિત્રતા કેળવી લગ્નની લાલચ આપી ફોસલાવતો હતો. જે બાદ વિશ્વાસમાં લઈને અલગ-અલગ જગ્યાએ લઈ જઈને વારંવાર દુષ્કર્મ આચર્યું હતું. ઘટનાની જાણ થતા સગીરાના પરિવારજનોએ વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદના આધારે પોલીસે આરોપી અશરફ હુસૈન વિરુદ્ધ BNS ની સંબંધિત કલમો અને પોક્સો એક્ટની કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે.

ફરિયાદ નોંધાતા જ આરોપી ઘરેથી ફરાર થઈ ગયો છે. પોલીસે આરોપીને પકડવા માટે અલગ-અલગ ટીમો બનાવી છે અને તેના સંભવિત ઠેકાણાઓ પર દરોડા પાડી રહી છે. સગીરાને મેડિકલ તપાસ માટે મોકલવામાં આવી છે અને કાઉન્સેલિંગની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

# વાપી રેલ્વે સ્ટેશન પર મુસાફરોના ફોન ચોરનાર બે ઝડપાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા.૧૪ :** પશ્ચિમ રેલવેના મુખ્ય સુરક્ષા આયુક્ત અજય સાદાની અને મુંબઈ સેન્ટ્રલના વરિષ્ઠ મંડલ સુરક્ષા આયુક્ત સંતોષ કુમાર સિંહ રાઠોડના માર્ગદર્શન હેઠળ RPF વાપીના ઈન્સ્પેક્ટર આશિષ તિવારી અને GRP PI એ.એ. દેસાઈ દ્વારા ચલાવવામાં આવેલા સંયુક્ત અભિયાનમાં રેલવે પોલીસે ચોરીના ૨ આરોપીઓને ઝડપી પાડ્યા છે.





પ્રથમ કેસમાં ૧૩/૦૭/૨૦૨૬ ના રોજ સવારે ૦૪:૩૦ કલાકે RPF અને GRP ના સ્ટાફ એ પ્લેટફોર્મ નં.૧ પર શંકાસ્પદ દેખરેખ રાખી રહ્યા હતા. આ દરમિયાન PRS પાસે સૂતેલા મુસાફરના ખિસ્સામાંથી મોબાઈલ ચોરી કરતા છોટુ યાદવ ઉ.વ. ૩૨, રહે. રોહતાસ, બિહારને રંગે હાથ પકડવામાં આવ્યો. તેની પાસેથી Realme 15X 5G મોબાઈલ કિં. રૂ. ૨૪,૦૦૦ કબ્જે કરાયો. ફરિયાદી નિતેશ કુમાર, રહે. ભાગલપુર, બિહારે પોતાનો મોબાઈલ ઓળખી આપ્યો.

બીજા કિસ્સામાં સવારે ૦૫:૪૦ કલાકે ટ્રેન નં. ૧૯૪૧૭ માંથી ઉતરતા એક શંકાસ્પદ યુવકને રોકી પૂછપરછ કરતા તે સંતોષકારક જવાબ આપી શક્યો નહીં. તપાસમાં તેનું નામ વિજય દૌલત શાલુખે ઉ.વ. ૨૧, રહે. નવસારી હોવાનું ખુલ્યું. તેની પાસેથી રૂ. ૬,૫૦૦ સાથેનું પર્સ મળ્યું. પૂછપરછમાં તેણે ૧૧/૦૭/૨૦૨૬ ના રોજ આ જ ટ્રેનમાંથી પર્સ ચોરી કર્યાનું કબૂલ્યું હતું. બંને આરોપીઓને આગળની કાયદેસર કાર્યવાહી માટે GRP વાપીને સોંપવામાં આવ્યા છે.

# નાનાપોંઢા પોલીસે BSNL ટાવરની ચોરીની૧૪ બેટરી સાથે એકને ઝડપ્યો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ચીવલ, તા. ૧૫ :** નાનાપોંઢા પોલીસે મહારાષ્ટ્રના અહલ્યાનગર (અહમદનગર) જિલ્લામાં દરોડા પાડી એક આરોપીની ધરપકડ કરી છે તથા ચોરીની કુલ ૧૪ BSNL ટાવર બેટરીઓ કબજે કરી છે. ફરિયાદી હાર્દિકભાઈ સિતારામભાઈ બાત્રીએ નોંધાવેલી ફરિયાદ મુજબ, ૧૩ જૂનના રોજ પાનસ ગામના ઉપલા ફળિયામાં આવેલા BSNLમોબાઈલ ટાવરના કમ્પાઉન્ડની જાળી કાપી કબાટનું તાળું તોડી અંદર રહેલી સાત બેટરીઓ, જેની કુલ કિંમત રૂ. ૬.૪૪ લાખ હતી, ચોરી કરવામાં આવી હતી.તપાસ દરમિયાન મળેલી બાતમીના આધારે પોલીસ ટીમ મહારાષ્ટ્રના અહલ્યાનગર પહોંચી હતી. ત્યાંથી નારાયણ મહાદુ લોખંડે (ઉ.વ.૫૯)ની ધરપકડ કરવામાં આવી હતી. તેની પાસેથી કુલ ૧૪ BSNL ટાવરની બેટરીઓ, અંદાજિત રૂ. ૧૩.૮૦ લાખની કિંમતનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. આ કેસમાં દીપક નારાયણ લોખંડે હાલ ફરાર છે.

# વાપીના બે વિવાદી મહેસુલી તલાટીઓની બદલી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા. ૧૪ :** વલસાડ જિલ્લા કલેક્ટરે વાપી મહાનગરપાલિકામાં અને વાપી મામલતદાર કચેરી ખાતે ફરજ બજાવતા બે મહેસૂલી તલાટીઓની બદલીના આદેશો જાહેર કરતાં વહીવટી વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે.

મહેસૂલી તલાટી તરીકે કામગીરી બજાવતા વિપુલ ચાવડા અને મહિપાલ પરમારની બદલી કરી તેમના સ્થાને વલસાડ મામલતદાર કચેરીના મહેસૂલી તલાટી સત્યપાલ વાળા અને ઉમરગામ મામલતદાર કચેરીમાં ફરજ બજાવતા મહેસુલી તલાટી અંજલીબેન દેસાઈની નિમણૂક કરવામાં આવી છે.

જિલ્લા કલેકટર દ્વારા આજે જાહેર કરાયેલા આદેશ મુજબ મહિપાલ પરમારને વાપી મામલતદાર કચેરીથી કપરાડા ખાતે મહેસૂલી તલાટી તરીકે જ્યારે વિપુલ ચાવડાને ઉમરગામ ખાતે મહેસૂલી તલાટી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

બીજી તરફ, વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં રહેતા અરજદારો સાથે વિપુલ ચાવડા અને મહીપાલ પરમાર નું વર્તન ખૂબ જ ચર્ચામાં રહેલું હતું તેમના સ્થાને હવે વાપી મામલતદાર કચેરીમાં મહેસુલી તલાટી તરીકે સત્યપાલ વાળા અને અંજલીબેન દેસાઈ હવે મહેસૂલી તલાટી તરીકે કામગીરી સંભાળશે.

ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક સમયથી વિપુલ ચાવડા અને મહિપાલ પરમાર વિવિધ કારણોસર વાપી મહાનગરપાલિકા હદ વિસ્તારના અરજદારોમાં ચર્ચા અને વિવાદોમાં રહ્યા હોવાનું સ્થાનિક સ્તરે ચર્ચાતું હતું.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વહીવટી હિતમાં તેમની બદલી કરવામાં આવી હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# વાપી શ્રી કચ્છી જૈન એકતા ગૃપે આષાઢી બીજની ઉજવણી કરી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા. ૧૪ :** વાપીમાં શ્રી કચ્છી જૈન એક્તા ગૃપ દર વરસે કચ્છી નવા વરસ તરીકે આષાઢી બીજની ઉજવણી કરતો આવ્યો છે. આ વર્ષે મહાવીર નગરમાં આવેલા ચંદ્રવિલાહોલમાં ગૃપના પ્રમુખ રાજેશભાઈ પુરિયા, ટ્રસ્ટી હરિશભાઈ ગાલા, મહેન્દ્રભાઈ સાવલા અને અગ્રણીઓની ઉપસ્થિતિમાં અષાઢી બીજની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીનું મુખ્ય આકર્ષણ મુંબઈથી આમંત્રિત ઈન્ટરનેશનલ કચ્છી કલાકાર હિરલ સાવલા અને અરવિંદ વેદાંતની ટીમનું મ્યુઝિકલ કોન્સર્ટ હતું. જેમાં કચ્છી ગીતોથી લઈને સાંસ્કૃતિક પ્રસ્તુતિઓની રમઝટ જામી હતી. આ પ્રસંગે સમાજના તેજસ્વી તારલાઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.



સમગ્ર કાર્યક્રમમાં સમાજના ૩૦૦ ઉપરાંત સભ્યોની ભરચક હાજરી રહી હતી. ઉલ્લેખનીય છે કે શ્રી કચ્છી જૈન એકતા ગૃપ ની સ્થાપનાને ત્રીસ વરસ પૂરા થયા છે. અને આ ગૃપમાં મોટા ભાગ ના હોદ્દેદારો મહિલા ઓ છે.

શ્રી કચ્છી જૈન એકતા ગૃપ પોતાના ગૃપ માટે કચ્છી નવા વરસની ઉજવણી, પીકનીક, રમતગમત અને સાંસ્કૃતિક પ્રોગ્રામો અને સમાજસેવાના કાર્યક્રમો સમાજના સભ્યોના સહકારમાં કરતુ રહે છે.

**નેમિનાથ ટ્રેડર્સ**

ખીલા
વાયર
વેલ્ડમેસ
ખીલી
હુક
જાળી
નટબોલ્ટ

ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી

Mo. No. 9825190301 /

સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
**VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)**
unleash your true potential · VIDYA DHAM INTERNATIONAL SCHOOL · VAPI · LIFE LONG LEARNING

ADMISSIONS OPEN
Academic Session
2026-2027
Nursery to Std. 10

12th Year Anniversary
SPECIAL OFFERS
% Early Bird Discount
Till 31st March
FREE Textbooks
From Nursery to Std 10
Special Concession
On Admission Fees



Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328
ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**